અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

28 MAY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 325 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2027/28886

3 
ગર્લફ્રેન્ડને સેંકડો પુરુષો સાથે સંબંધ બનાવવા માટે મજબૂર કરી : પીડિતા બોલી- 487 લોકો પછી ગણતરી છોડી દીધી, દોષિતને 25 વર્ષની સજા

4 
ચંદ્ર ઉપર માનવ વસાહત બાદ હવે હોટેલ શરૂ કરવાનું સ્વપ્ન, કેલિફોર્નિયાની એક સ્પેસ કંપનીએ પાંચ વર્ષ બાદ હોટેલ શરૂ કરવાનો પ્લાન રજૂ કર્યો

6 
મમ્મીનું સપનું પૂરું કરવા મુંબઈ પહોંચી મુસ્કાન, લોકોએ કહ્યું- અવળે રસ્તે ચડી ગઈ હશે, આજે 'ઇન્સ્પેક્ટર અવિનાશ'માં જોઈને ગર્વ અનુભવે છે

7 

એર ઈન્ડિયા ડોમેસ્ટિક ફ્લાઈટ્સ 22% સુધી ઘટાડશે, ઈન્ડિગો પણ 7% સુધીની ફ્લાઈટ્સ ઘટાડશે, મોંઘા ઈંધણ અને ઓપરેશન ખર્ચ વધવાની અસર

# ગુજરાતમાં ઈબોલાનો પહેલો શંકાસ્પદ કેસ નોંધાયો

## મુંબઈથી વડોદરા આવેલા બિઝનેસમેન અમદાવાદમાં દાખલ, 1 ડોક્ટર સહિત ત્રણ વ્યક્તિ પણ ક્વોરન્ટીન

**અમદાવાદ, તા.27**

આફ્રીકન દેશ કોંગોમાં હાલ ઈબોલા વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. જેને પગલે આફ્રિકન દેશોમાંથી ગુજરાત આવતા લોકોને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવી રહ્યા છે. જેમાં અમદાવાદ આવેલા 11 લોકોને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. જ્યારે મુંબઈથી વડોદરા આવેલા 37 વર્ષીય બિઝનેસમેનમાં શંકાસ્પદ લક્ષણો જોવા મળતા તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, એક બિઝનેસમેન(ઉ.વ.37) આ પાંચ-સાત દિવસ પહેલા કોંગોથી બોમ્બે આવે છે અને ત્યાંથી પછી વડોદરા આવે છે. વડોદરામાં એમને તાવ આવતો હોય એવું જણાતા એને બેંકર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો અને ત્યાંથી હેલ્થ વિભાગને જાણ થતાં તુરંત જ અમદાવાદ સિવિલ હોસ્પિટલના અલાયદા વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. 11 દિવસ માટે ક્વોરન્ટીન કરી તેના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા છે અને વિવિધ ટેસ્ટ ચાલી રહ્યા છે. અત્યાર સુધી કોઈ રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી.



### અમદાવાદની SVPમાં 60 બેડ તૈયાર

આ ઉપરાંત અમદાવાદમાં AMCના આરોગ્ય વિભાગ દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી છે. જ્યારે આફ્રિકન દેશો યુગાન્ડા, સાઉથ સુદાન અને કોંગો દેશમાંથી અમદાવાદ આવેલા અને હાલ હોમઆઈસોલેશનમાં રાખવામાં આવેલા લોકો પશ્ચિમ વિસ્તારમાં રહે છે. તેમાના એકપણ વ્યક્તિને લક્ષણો નથી તેમજ તેઓ પોઝિટિવ દર્દીના સંપર્કમાં પણ આવ્યા નથી. આ 3 દેશોમાંથી કોઈ દર્દી આવશે.

# બે દિવસ બાદ કડાકા-ભડાકા સાથે વરસાદની આગાહી : ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ચોમાસા પહેલાં ધોધમારના એંધાણ

**અમદાવાદ, તા.27**

ગુજરાતમાં આકરી ગરમી હાલ લોકોને તોબા પોકારાવી રહી છે. અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, સુરેન્દ્રનગર સહિતના શહેરોમાં ગરમીનો પારો 43 ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. હવામાન વિભાગના મતે આગામી 3 દિવસ ગરમીમાં કોઈ રાહતની સંભાવના નથી. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનને કારણે અકળામણભર્યું વાતાવરણ અનુભવાઈ શકે છે. 30મીથી રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીનો પ્રારંભ થવાની શક્યતા હોય તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થશે. હવામાન વિભાગની આગાહી મુજબ, 30 મેથી 1 જૂન દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદી માહોલ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસી શકે તેવી આગાહી કરવામાં આવી છે. સોમવારે રાજ્યના 8 શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી ગયો હતો. 44.3 ડિગ્રી સાથે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે અમદાવાદમાં 43.2 ડિગ્રી ગરમીન નોંધાઈ હતી. હવામાન વિભાગના મતે આગામી



ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફારની શક્યતા નથી. આજે રાજકોટમાં ગરમીનો પારો 44C પહોંચે તેવી શક્યતા છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં 43 ડિગ્રી આસપાસ તાપમાન રહેવાનું અનુમાન છે. સૌરાષ્ટ્ર કચ્છના દરિયાઈ વિસ્તારમાં હવામાન વિભાગ દ્વારા હોટ એન્ડ હ્યુમીડ કંડીશનની આગાહી કરી છે. જેના કારણે 28મી તારીખ સુધી બફારાના કારણે અકળામણ અનુભવાશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 3 દિવસ સુધી રાજ્યમાં તાપમાન યથાવત રહેવાની શક્યતા છે, ત્યારબાદ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. આ સાથે 30 મે થી 1 જૂન દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદી માહોલ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસી શકે તેવી આગાહી કરવામાં આવી છે. ચોમાસા અંગે હવામાન વિભાગે જણાવ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે અને આગામી 2 થી 3 દિવસમાં તે અરબ સાગરના વધુ વિસ્તારો, માલદીવ, કોમોરિન વિસ્તાર અને બંગાળની ખાડીના બાકીના ભાગોમાં આગળ વધશે. જોકે, હાલ આગામી સાત દિવસ સુધી ગુજરાતમાં વરસાદની કોઈ ખાસ આગાહી કરવામાં આવી નથી અને પ્રી-મોન્સૂન એક્ટિવિટી પણ ખાસ જોવા મળી રહી નથી.

# બે દિવસમાં ચાંદી 9 હજાર ગગડી, સોનાનાં ભાવ પણ તૂટ્યાં

**નવી દિલ્હી, તા.27**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 27 મેના રોજ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 1 કિલો ચાંદીની કિંમત 4,503 રૂપિયા ઘટીને 2.62 લાખ રૂપિયા પર આવી ગઈ છે..10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આજે 571 રૂપિયા ઘટીને 1.57 લાખ રૂપિયા થઈ ગયો છે. ચાંદીની કિંમત 2 દિવસમાં 9 હજાર અને 1,800 રૂપિયા સસ્તી થઈ ગઈ છે. સોનામાં આ વર્ષની શરૂઆતમાં તેજી જોવા મળી હતી, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયામાં નફાખોરી અને વૈશ્વિક કારણોસર તેમાં ઘટાડો આવ્યો છે.

શરૂઆતનું સ્તર (31 ડિસેમ્બર 2025): 1.33 લાખ

ઓલટાઈમ હાઈ (29 જાન્યુઆરી 2026): 1.76 લાખ (માત્ર એક મહિનામાં મોટો ઉછાળો)

વર્તમાન સ્થિતિ: તેની સર્વોચ્ચ સપાટીથી સોનું અત્યાર સુધીમાં 19 હજાર સસ્તું થયું છે.

ચાંદીના ભાવમાં કડાકો: 3.86 લાખથી 2.62 લાખ સુધી

ચાંદીમાં સોના કરતાં વધુ ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. તે તેની ઓલટાઈમ હાઈથી ઘણું નીચે આવ્યું છે. શરૂઆતનું સ્તર (31 ડિસેમ્બર 2025): 2.30 લાખ

ઓલટાઈમ હાઈ (29 જાન્યુઆરી 2026): 3.86 લાખ (ઐતિહાસિક વધારો)

ઘટાડાનો આંકડો: છેલ્લા 118 દિવસમાં ચાંદી 1.24 લાખ સસ્તી થઈ ગઈ છે

સામાન્ય રીતે યુદ્ધના માહોલમાં સોના-ચાંદીના ભાવ વધે છે, પરંતુ આ વખતે સ્થિતિ થોડી અલગ છે:

રોકડની બચત: મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે રોકાણકારો જોખમ લેવા માંગતા નથી. તેઓ તેમના સોના અને ચાંદીનું વેચાણ કરીને 'રોકડ' એકત્રિત કરી રહ્યા છે જેથી અનિશ્ચિતતાના સમયે તેમની પાસે લિક્વિડ મની રહે.

પ્રોફિટ બુકિંગ: જાન્યુઆરીમાં કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, તેથી મોટા રોકાણકારોએ ઊંચા ભાવે તેમની હોલ્ડિંગ્સ વેચવાનું શરૂ કર્યું, જેનાથી બજારમાં સપ્લાય વધી અને કિંમતો ઘટી.

# સુપ્રીમ કોર્ટે કહ્યું- SIR ગેરકાયદેસર નથી : ચૂંટણી પંચ શરતો સાથે નાગરિકતા ચકાસી શકે છે

**નવી દિલ્હી, તા.27**

સુપ્રીમ કોર્ટે બુધવારે મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIR ને કાયદેસર અને બંધારણીય ગણાવ્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે SIR મનસ્વી નથી અને ચૂંટણી પંચને આ માટે વિશેષ પ્રક્રિયા અપનાવવાનો અધિકાર છે. કોર્ટે ચૂંટણી પંચને શંકાસ્પદ નાગરિકતાના આધારે મતદાર યાદીમાંથી દૂર કરાયેલા વ્યક્તિઓના નામ ચાર અઠવાડિયામાં કેન્દ્ર સરકારને મોકલવાનો નિર્દેશ પણ આપ્યો.

ચૂંટણી પંચે જૂન 2025 માં બિહારથી SIR ની શરૂઆત કરી હતી. કારણ કે નિર્ણય પછી સૌથી પહેલા અહીં ચૂંટણીઓ થવાની હતી. આ પછી પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, પુડુચેરીમાં SIR કરાવવામાં આવ્યું. આસામમાં સ્પેશિયલ રિવિઝન (SR) થયું હતું.

અત્યાર સુધીમાં 10 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR થઈ ચૂક્યું છે. તેમાં અત્યાર સુધીમાં કુલ 7.41 કરોડ મતદારોના નામ કાપવામાં આવ્યા છે. સૌથી વધુ યુપીમાં 2.89 કરોડ નામ કાપવામાં આવ્યા. સૌથી પહેલા બિહાર



SIR નો મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો હતો. આ પ્રક્રિયા વિરુદ્ધ આ રાજ્યોમાંથી ઘણી અરજીઓ સુપ્રીમ કોર્ટ પહોંચી હતી. કુલ કેટલી અરજીઓ હતી તેની જાણકારી નથી. સુપ્રીમ કોર્ટમાં આ મામલે અલગ-અલગ અરજીઓ પર 10 મહિના સુધી સતત સુનાવણી થઈ. કોર્ટે કહ્યું કે દલીલો સાંભળ્યા પછી 5 સવાલો સામે આવ્યા, જેના પર આદેશ આપવામાં આવી રહ્યો છે. પ્રશ્ન-1: શું ECI પાસે SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) કરવાની સત્તા છે?

આદેશ: એમ કહી શકાય નહીં કે ECI એ SIR નો ઉપયોગ કરીને તેની વૈધાનિક સત્તાઓની મર્યાદા બહાર જઈને કામ કર્યું છે. તેને 'અલ્ટ્રા વાયર્સ' પણ કહી શકાય નહીં, કારણ કે આ પ્રક્રિયા સામાન્ય રીતે અપનાવવામાં આવતી પ્રક્રિયાથી અલગ છે. વિવાદાસ્પદ SIR નો ઉદ્દેશ્ય કોઈ પ્રક્રિયાને અવરોધવાનો નથી, પરંતુ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓના બંધારણીય આદેશને સુરક્ષિત કરવાનો છે. પ્રશ્ન-2: શું તેનો કોઈ કાયદેસર ઉદ્દેશ્ય છે અને શું તેના માટે અપનાવવામાં આવેલા ઉપાયો પ્રમાણસર છે?

આદેશ: SIR પ્રમાણસરતાના સિદ્ધાંતને પૂર્ણ કરે છે અને તે મનસ્વી નથી. તે મતદાર યાદીની ચોકસાઈ પુનઃસ્થાપિત કરવાના બંધારણીય ઉદ્દેશ્ય પર આધારિત હતો. ECI દ્વારા અપનાવવામાં આવેલા ઉપાયોને કોઈપણ રીતે 'અપ્રમાણસર' (DISPROPORTIONATE) ગણી શકાય નહીં.

# 'આસારામ સરન્ડર કરે, આજીવન કેદની સજા યથાવત'

**જોધપુર, તા.27**

રાજસ્થાન હાઈકોર્ટ (જોધપુર) એ બુધવારે (27 મે) સવારે આસારામની સજા પર ચુકાદો આપ્યો. હાઈકોર્ટે સગીર સાથેના યૌન શોષણના કેસમાં આજીવન કેદની સજાને યથાવત રાખી છે.

જસ્ટિસ અરુણ મોંગા અને જસ્ટિસ યોગેન્દ્ર કુમાર પુરોહિતની ડિવિઝન બેન્ચે આ ચુકાદો આપ્યો. કેસમાં સહ-આરોપી શિલ્પી અને શરતચંદને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. આસારામ હાલમાં વચગાળાના જામીન પર છે, પરંતુ હવે તેને સરેન્ડર કરવું પડશે. ઓગસ્ટ 2013માં જોધપુર સ્થિત આશ્રમમાં એક સગીર વિદ્યાર્થિની સાથે બળાત્કારના કેસના આરોપમાં આસારામની ધરપકડ કરવામાં આવી હતી. લાંબી સુનાવણી બાદ જોધપુરની વિશેષ પોક્સો કોર્ટે 25 એપ્રિલ 2018ના રોજ તેમને દોષિત ઠેરવી આજીવન કેદની સજા સંભળાવી હતી. હાઈકોર્ટમાં 16 ફેબ્રુઆરીથી 20 એપ્રિલ 2026 સુધી દૈનિક સુનાવણી ચાલી હતી. ખંડપીઠે 20 એપ્રિલે ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. જે 27 મેના રોજ સંભળાવવામાં આવ્યો. સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો શું હતી બચાવ પક્ષની દલીલ: આસારામના વકીલોએ તેને મનઘડંત કેસ ગણાવતાં કહ્યું કે પીડિતાના માતા-પિતાના નિવેદનોમાં ભારે વિરોધાભાસ છે. ઘટનાની રાત્રે આસારામ અને પીડિતા વચ્ચે કોઈ કોલ રેકોર્ડ મળ્યો નથી. બચાવ પક્ષે 'સમાનતાના સિદ્ધાંત'નો હવાલો આપતા કહ્યું કે જ્યારે આ જ પુરાવાના આધારે ટ્રાયલ કોર્ટે સહ-આરોપી શરદ અને પ્રકાશને નિર્દોષ છોડી દીધા, તો આસારામને દોષિત કેવી રીતે ઠેરવી શકાય. પ્રોસિક્યુશન પક્ષની દલીલ: પીડિતાના વકીલ પી.સી. સોલંકી અને સરકારી વકીલોએ દલીલ કરી કે પોક્સો કેસોમાં પીડિતાનું એકલ નિવેદન જ સજા માટે પર્યાપ્ત પુરાવો હોય છે, જેને સુપ્રીમ કોર્ટે સ્થાપિત કર્યું છે.

# બાયજુસના ફાઉન્ડર રવીન્દ્રનને 6 મહિનાની જેલ

**નવી દિલ્હી, તા.27**

દેશની પહેલી મોટી એજ્યુકેશન ટેક કંપની 'બાયજૂસ' (Byju's) ના માલિક બાયજુ રવિન્દ્રનને સિંગાપોરની એક અદાલતે 6 મહિનાની જેલની સજા સંભળાવી છે. કોર્ટે શોધી કાઢ્યું કે રવિન્દ્રને પોતાની પ્રોપર્ટી સાથે જોડાયેલા જરૂરી કાગળ છુપાવ્યા અને અદાલતના આદેશોનું પાલન ન કર્યું, જેને 'કોર્ટની અવમાનના' માનવામાં આવ્યું છે. સિંગાપોર કોર્ટ મુજબ, રવિન્દ્રન એપ્રિલ 2024 થી સતત પોતાની સંપત્તિઓ સાથે જોડાયેલી જાણકારી આપવાના આદેશોને અવગણી રહ્યા હતા. જ્યારે તેમણે વારંવાર અદાલતની વાત ન માની, ત્યારે કોર્ટે તેમને દોષિત ઠેરવ્યા અને જેલ મોકલવાનો નિર્ણય સંભળાવ્યો. કોર્ટે રવિન્દ્રનને તરત જ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કરવા જણાવ્યું છે. સજાની સાથે-સાથે રવિન્દ્રન પર 90,000 સિંગાપોર ડોલર (લગભગ 67 લાખ રૂપિયા) નો દંડ પણ લગાવવામાં આવ્યો છે. તેમને આ રકમ કાનૂની ખર્ચ (લીગલ કોસ્ટ) તરીકે ચૂકવવી પડશે. આ ઉપરાંત, રવીન્દ્રનને 'બીઆર ઈન્વેસ્ટકો પીટીઈ'ની કાયદેસરની માલિકી સાબિત કરતા દસ્તાવેજો પણ કોર્ટમાં જમા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ એક કોર્પોરેટ એન્ટિટી છે, જેની પાસે સંબંધિત કંપનીના શેર્સ છે. રવીન્દ્રન વિરુદ્ધ સિંગાપોરની અદાલતમાં આ કેસ કતારના સોવરિન વેલ્થ ફંડ 'કતાર ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી' (QIA)ની એક સહાયક કંપનીએ દાખલ કર્યો હતો. QIA એ બાયજુના તે ફંડિંગ રાઉન્ડમાં રોકાણ કર્યું હતું, જ્યારે કંપની ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી હતી અને તેના કર્મચારીઓની છટણી કરી રહી હતી.



# અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ આધુનિક 'શ્વાન મુક્તિધામ' શરૂ, પેટ ડોગ્સને મળશે સન્માનભેર અંતિમ વિદાય....



**અમદાવાદ, તા.27**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા ગુજરાતમાં પેટ ડોગ ઓનર્સ માટે સૌપ્રથમવાર કોર્પોરેશન સંચાલિત CNG બેઝ્ડ ક્રિમેટોરિયમ મશીન પેટ ડોગ્સની અંતિમવિધિની સુવિધા માટે કાર્યરત કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં કોર્પોરેશન સંચાલિત શહેરી વિસ્તારમાં પણ આ પ્રથમ પેટ ડોગ ક્રિમેટોરિયમ છે.

ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા એબીસી રૂલ્સ-2023 તથા NAPRE-2030 મુજબ રખડતા શ્વાનના રસીકરણ અને ખસીકરણ, પેટ ડોગ રજિસ્ટ્રેશન, બીમાર શ્વાનની તબીબી સારવાર, ડેડીકેટ ફીડીંગ સ્પોટ, વેલ્ફેર પ્રવૃત્તિઓ, સારવાર તથા સાર-સંભાળ જેવી વિવિધ કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સતત અમલમાં મુકાઈ રહી છે. આ જ નિયમોના અનુસંધાને મૃત પેટ ડોગ્સના અંતિમ સંસ્કાર વૈજ્ઞાનિક પદ્ધતિથી કરી સદગત જીવાત્માને સન્માનપૂર્વક અંતિમ વિદાય આપવાની સુવિધા AMC દ્વારા શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં સીએનસીડી એબીસી સેન્ટર, જમાલપુર ચાર રસ્તાથી ખોડિયારનગર ચાર રસ્તા રોડ, સુએઝ પંપિંગ સ્ટેશન કેમ્પસ, બહેરામપુરા ખાતે નોર્થ ઈસ્ટ મશીન કરમસદ એજન્સી દ્વારા રૂ.30 લાખના ખર્ચે CNG ગેસ સંચાલિત ડોગ ક્રિમેટોરિયમ (એનિમલ ક્રિમેટર) કાર્યરત કરાયું છે. આ ઉપરાંત, શ્વાનના ખસીકરણ ઓપરેશન દરમિયાન નીકળતા ઓર્ગનના નાશ માટે નાનું ઓર્ગન ક્રિમેટર મશીન છેલ્લા બે વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે.

આ ગેસ ફાયર્ડ ડોમેસ્ટિક ડોગ ક્રિમેટર એક સમયે ત્રણ ડોગના અંતિમ સંસ્કાર કરવાની ક્ષમતા ધરાવે છે. તેમાં પ્રાઈમરી અને સેકન્ડરી ચેમ્બર હોવાથી દહન પ્રક્રિયા દરમિયાન ચિમનીમાંથી કોઈ દુર્ગંધ બહાર આવતી નથી. મશીનમાં મહત્તમ 850 ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન સુધી કામગીરી શક્ય છે અને સામાન્ય રીતે 800Cથી 900C તાપમાને દહન પ્રક્રિયા થાય છે. બે ડોગના અંતિમ સંસ્કાર માટે આશરે 14 યુનિટ નેચરલ ગેસનો ઉપયોગ થાય છે, જ્યારે એક ડોગ માટે અંદાજે રૂ.700 જેટલો ખર્ચ આવે છે. આ મશીન પર્યાવરણીય માપદંડોને અનુરૂપ, સ્મોક ઓડરલેસ અને કલરલેસ તેમજ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી છે. મશીનમાં ઓટોમેટ ટ્રોલી સિસ્ટમ દ્વારા મૃત પ્રાણીને અડ્યા વગર પ્લેટફોર્મ સિસ્ટમથી ક્રિમેટર મશીન સુધી લઈ જવાની સુવિધા ઉપલબ્ધ છે.

હ્યુમન ક્રિમેટોરિયમના ધોરણે અહીં અંતિમવિધિ માટે માનવસંવેદનશીલ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. CCTV સુવિધા હોવાના કારણે પેટ ડોગ ઓનર પોતાના ઘરે બેઠા પોતાના પેટ ડોગની અંતિમવિધિ જોઈ શકે છે. મૃત શ્વાનના પરિવારજનો માટે 6 સિટિંગ બાકડાની વ્યવસ્થા છે, તેમજ પેટ ડોગની અંતિમવિધિ પૂર્ણ થયા બાદ પેટ ડોગની અસ્થિ/રાખને માટલીમાં ભરી લાલ કપડામાં મૂકીને સન્માનપૂર્વક પેટ ડોગ ઓનરને તેમના ઘરે સુધી આપવાની સુવિધા છે.

આ ક્રિમેટેરિયમના ઉપયોગની પ્રક્રિયા સરળ છે, જેમાં પેટ ડોગનાં મૃત્યુ અંગે 155303 પર ફોન કરી જાણ કરવાની હોય છે, તેમજ પેટ ડોગના રજિસ્ટ્રેશનની રસીદ મોકલવાની રહે છે. આ ઉપરાંત ખાતાની અંતિમ ધામ જીવ સેવા રથ, ફુલહાર, પૂજા સામગ્રી સાથે મૃત ડોગ્સનાં સ્થળ પર માલિકની મુલાકાત લઈ પેટ ડોગ્સની વિધિવત માલિક દ્વારા તેના ઘરે પૂજા વિધિ, ફુલહાર કરી પેટ ડોગને સન્માનપૂર્વક ક્રિમેટોરિયમ ખાતે લાવવામાં આવે છે. માલિક ઈચ્છે તો ક્રિમેશનની વિધિમાં સામેલ રહી શકે છે. જો પેટ ડોગનું રજિસ્ટ્રેશન થયેલ ન હોય તો તેવા માલિકો માટે ઓનલાઈન માધ્યમથી રજિસ્ટ્રેશન/શ્વાન સેવા ડોનેશન કરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. પરિવારજનો માટે ફોટો અથવા વીડિયો તેમજ પેટ ડોગના મૃત્યુનું પ્રમાણપત્ર અને વાર્ષિક પુણ્યતિથિ નિમિતે યાદગીરી સંદેશ આપવાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

આ ગેસ ફાયર્ડ ડોગ ક્રિમેટર અપનાવવાનું મુખ્ય કારણ એ છે કે, અકસ્માતથી કે કુદરતી રીતે શ્વાનનું મૃત્યુ થવા પર જમીનમાં દફનાવવાથી જમીન પ્રદૂષિત થાય છે અને વિવિધ રોગો ફેલાવાનો ભય રહે છે, તેમજ પૂરતી જગ્યા પણ ઉપલબ્ધ હોતી નથી. પાલતુ તેમજ શેરીનાં કુતરાઓમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ, હડકવા જેવા વાઈરસ જોવા મળતા હોય છે. ત્યારે આ ક્રિમેશન પ્રક્રિયા દ્વારા કેનાઈન ડિસ્ટેમ્પર જેવા વાઈરસનો નાશ થતો હોવાથી અન્ય ડોગ્સમાં સંક્રમણનો ખતરો પણ ટળે છે.

આ ઉપરાંત પેટ ડોગ માલિકો કે જે પોતાના ડોગને માટે ખુબ જ લાગણી રાખે છે અને તેને પરિવારના સભ્યની જેમ રાખતા હોવાથી તેમના અવસાન સમયે સન્માનપૂર્વક અંતિમ સંસ્કારની વ્યવસ્થા ખૂબ જ જરૂરી બની છે. આ જરૂરિયાતને ધ્યાને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સુવિધા ઉભી કરવામાં આવી છે. ભવિષ્યમાં તેની ઉપયોગિતા અને માંગને ધ્યાનમાં રાખી વધુ બે નવા ડોગ ક્રિમેટોરિયમ સ્થાપવાનું આયોજન પણ કરવામાં આવશે. શહેરમાં 16843 પેટ ડોગ માલિકો દ્વારા 19162 પેટ ડોગ્સની નોંધણી કરાયેલી છે, જેમની સુવિધા માટે આ પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. આ અબોલ અને અણમોલ જીવને માનવીય સંવેદનાથી અંતિમ વિદાય આપવાનું ઉત્તમ જીવસેવા કાર્ય સીએનસીડી વિભાગની આ પહેલ ગણાશે.

# નડિયાદમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત: લાખોના કોન્ટ્રાક્ટ છતાં ઢોર એજન્સીની કામગીરી પર સવાલ



**નડિયાદ, તા.27**

નડિયાદ શહેરના મુખ્ય માર્ગ સંતરામ રોડ પર રખડતા ઢોરોનો ત્રાસ યથાવત છે. સંતરામ મંદિર તરફ જતા આ વ્યસ્ત માર્ગ પર ગાયોના ટોળાં અડિંગો જમાવીને બેસતા વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલી સર્જાઈ છે. આ સ્થિતિ જીવના જોખમે મુસાફરી કરવા સમાન બની છે.

મહાનગરપાલિકા દ્વારા રખડતા પશુઓને પકડવા માટે લાખો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. જોકે, વાસ્તવિકતામાં ઢોર પકડતી એજન્સીની કામગીરી માત્ર કાગળ પર જ સીમિત હોવાનું જણાઈ રહ્યું છે. સંતરામ મેળો પૂર્ણ થયા બાદ પણ રસ્તાઓ પર પશુઓનું સામ્રાજ્ય યથાવત રહેતા નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સંતરામ રોડ જેવા વ્યસ્ત વિસ્તારમાં પશુઓ રસ્તાની વચ્ચોવચ બેસતા ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે અને અકસ્માતનો ભય સતત તોળાયા કરે છે. તંત્રની આ ઢીલી નીતિ પશુપાલકોને જાણે ખુલ્લું પ્રોત્સાહન આપી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

ભૂતકાળમાં નડિયાદમાં રખડતા પશુઓના હુમલાને કારણે અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે કેટલાક કિસ્સામાં લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. આટલી ગંભીર ઘટનાઓ છતાં મહાનગરપાલિકાના સત્તાધીશો દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. સ્થાનિક રહીશોનો આરોપ છે કે તંત્ર દ્વારા માત્ર દેખાડા ખાતર જ પશુઓ પકડવાની કામગીરી કરવામાં આવે છે.

શહેરના માત્ર મુખ્ય માર્ગો જ નહીં, પરંતુ રહેણાંક વિસ્તારોમાં પણ રખડતા પશુઓનો ત્રાસ વ્યાપક છે. સાંજના સમયે વૃદ્ધો અને બાળકોને લટાર મારવામાં પણ રખડતા પશુઓના હુમલાનો ભય સતાવે છે, જેના કારણે તેઓ ઘરમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની એજન્સી અને અધિકારીઓની નિષ્ક્રિયતાને કારણે નડિયાદના નાગરિકો પોતાના જ શહેરમાં અસુરક્ષિત અનુભવી રહ્યા છે.

પશુઓના ત્રાસને નાથવામાં નિષ્ફળ ગયેલી મહાનગરપાલિકા અને ઢોર એજન્સી વચ્ચે મિલીભગત હોવાની શંકા પણ હવે જનતામાં પ્રવર્તી રહી છે. રખડતા ઢોરોને પકડવા માટે ફાળવવામાં આવતા ભંડોળનો સદુપયોગ થાય છે કે કેમ તે એક મોટો પ્રશ્ન છે. જો એજન્સી યોગ્ય રીતે કામ ન કરતી હોય તો તેને બ્લેકલિસ્ટ કરવાને બદલે શા માટે છાવરવામાં આવી રહી છે, તેવા સવાલો નડિયાદના કરદાતા નાગરિકો ઉઠાવી રહ્યા છે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે તંત્ર માત્ર નોટિસ આપીને સંતોષ માની લે છે, પરંતુ પશુપાલકો સામે કોઈ કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવતી નથી. રસ્તા પર અડિંગો જમાવીને બેસતા પશુઓને કારણે રસ્તાઓ સાંકડા બની જાય છે, જેનાથી પીક અવર્સમાં એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પણ ફસાઈ જાય છે.આ પરિસ્થિતિ તંત્રની વહીવટી અણઆવડતનો ઉત્તમ નમૂનો છે. હવે સમય પાકી ગયો છે કે નડિયાદ મહાનગરપાલિકા કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને એજન્સી પાસેથી સખત હાથે કામ લે. જો આગામી દિવસોમાં રખડતા પશુઓના કારણે કોઈ મોટી હોનારત સર્જાશે, તો તેની સંપૂર્ણ જવાબદારી પાલિકા તંત્રની રહેશે. સ્થાનિકોની માંગ છે કે માત્ર કાગળ પર આંકડા બતાવવાને બદલે રસ્તાઓ પરથી પશુઓ દૂર થાય તેવી નક્કર અને કાયમી કામગીરી કરવામાં આવે.

# અમદાવાદ બાળ તસ્કરી કેસમાં મોટો ઘટસ્ફોટ: બાળકની સાથે બર્થ સર્ટિફિકેટ પણ અપાતું, એજન્ટોનું મોટું નેટવર્ક સક્રિય....



**અમદાવાદ, તા.27**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક એવા મસમોટા બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે, જે નિ:સંતાન દંપતીઓની સંતાન પ્રાપ્તિની ભાવનાનો દુરુપયોગ કરી લાખો રૂપિયા પડાવતું હતું. આ ટોળકી ખાસ કરીને આર્થિક રીતે સદ્ધર હોય તેવા દંપતીઓને શોધી તેમની પાસેથી 'નોન-રિફંડેબલ' એડવાન્સ રકમ વસૂલતી હતી. હાલમાં પોલીસે હૈદરાબાદ જઈ રહેલા વંદના પંચાલ, રોશન અગ્રવાલ અને સુમિત યાદવ નામના એજન્ટોની ધરપકડ કરી તેમની પાસેથી 15 દિવસનું બાળક છોડાવ્યું છે. આ સાથે જ બનાસકાંઠાના મુખ્ય સપ્લાયર યુનુસ સિંધિને પણ દબોચી લેવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બહાર આવ્યું છે કે આ રેકેટ પ્લાનિંગ સાથે ચાલતું હતું. જેમાં એજન્ટો ગરીબ અથવા મજબૂર માતા-પિતાને શોધી તેમની પાસેથી દોઢેક લાખ રૂપિયામાં નવજાત બાળક ખરીદી લેતી હતી. ત્યારબાદ આ બાળકનું પોષણ કરી, તેના ફોટા પાડી એજન્ટોના ગ્રૂપમાં વાયરલ કરવામાં આવતા હતા. નિ:સંતાન દંપતી પાસેથી બાળક દીઠ 10થી 15 લાખ રૂપિયા વસૂલવામાં આવતા હતા. એકવાર સોદો નક્કી થયા પછી દંપતીને બાળક પસંદ ન આવે તો પણ એડવાન્સ પેટે લીધેલી રકમ પરત કરવામાં આવતી નહોતી.

બાળક સોંપ્યા બાદ તેને કાયદેસરનું સંતાન બતાવવા માટે આ ટોળકી નર્સિંગ હોમ સાથે મળીને કાળાબજાર કરતી હતી. એજન્ટોની સલાહ મુજબ દંપતી બાળક આવવાના થોડા સમય પહેલા જ અન્ય શહેરમાં રહેવા જતા રહેતા હતા. ત્યારબાદ દલાલો દ્વારા ચોક્કસ નર્સિંગ હોમમાં બાળકનો જન્મ થયો હોવાની ખોટી એન્ટ્રી કરાવાતી હતી. આ ખોટી વિગતોના આધારે જન્મનું પ્રમાણપત્ર અને અન્ય સરકારી દસ્તાવેજો તૈયાર કરી આપવામાં આવતા હતા, જેથી ભવિષ્યમાં કોઈ કાનૂની મુશ્કેલી ન નડે.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં યુનુસ સિંધિ અને સ્થાનિક એજન્ટ ગોવિંદ જેવા નામો સામે આવ્યા છે. પોલીસને શંકા છે કે આ રેકેટના તાર અન્ય રાજ્યો સાથે પણ જોડાયેલા હોઈ શકે છે અને અનેક અજાણી વિગતો બહાર આવી શકે છે. અત્યાર સુધી કેટલા બાળકોનો આ રીતે સોદો થયો છે અને કયા કયા નર્સિંગ હોમ આ પાપમાં સામેલ છે, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. આગામી દિવસોમાં આ મામલે વધુ ધરપકડ અને મોટા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા છે.

## રોડ રસ્તા અને બ્રિજ નિર્માણના કામોથી ટ્રાફિકજામમા ફસાતા વાહન ચાલકો

# પૂર્વમાં ટ્રાફિક સમસ્યાને લઈ અરાજકતાનો માહોલ

- **રોડ - રસ્તા સહિતની સુવિધા મામલે પૂર્વ સાથે ઓરમાયુ વર્તન**



### શહેરના વિવિધ વિસ્તારમાં ચાલતાં કામો

- નરોડા જંક્શન પર બ્રિજ નિર્માણ નું કામ
- સારંગપુર વિસ્તારમાં ચાલતુ બ્રિજ નિર્માણનું કામ
- ખોખરા વિસ્તારમાં ચાલતુ બ્રિજ હટાવવાનું કામ
- ખારીકટ કેનાલ પર ચાલતુ રોડનું કામ
- વાડજ સર્કલ પર ચાલતુ રોડનું કામ
- એલિસબ્રિજ પર ચાલતુ રિનોવેશનનું કામ

**અમદાવાદ, તા.27**

અમદાવાદ શહેરના વાહન ચાલકો અને રાહદારીઓને રોડ - રસ્તા અને ફુટપાઠની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ કરાવવા મ્યુનિ કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાના ખર્ચ એક નહી પણ અનેક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. જો કે વર્ષોથી ચાલતા રોડ-રસ્તા અને બ્રિજ સહિતની સુવિધા ના કાર્યો નાગરિકો માટે માથાનો દુખાવા રૂપ બની રહ્યા છે. જેથી લોકોના કિંમતી સમય સાથે મોંઘા ઈંધણનો વ્યય થઈ રહ્યો છે.

અ.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હાલ શહેરના વિભિન્ન વિસ્તારોમાં રોડ- રસ્તા નિર્માણ અને રિશરફેઈસ ની કામગીરી કરવામાં આવી રહી છે. આ સાથે ટ્રાફિકજામની સમસ્યા નિવારવા બ્રિજ નિર્માણ ના પ્રોજેક્ટ પણ જોર શોર થી હાથ ધરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા રોડ-રસ્તા અને બ્રિજ નિર્માણની સાથે સાથે સ્ટ્રોમ વોટર લાઈન, ડ્રેનેજ લાઈન અને ફુટપાથ બનાવવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. જો કે તંત્ર દ્વારા એક સાથે અનેક કામગીરી કરવામાં આવી રહી હોય વાહનચાલક અને રાહદારીઓ માટે સમયસર ઓફીસ કે ઘરે પહોચવું સાત કોઠા વિંધવા સમાન બની રહ્યું છે. આમ પૂર્વ વિસ્તારમા ટ્રાફિક સમસ્યાને લઈ અરાજકતાનો માહોલ બન્યો છે.

શહેરના મેમ્કો, નરોડા, બાપુનગર, કાલુપુર, અમરાઈવાડી, મણિનગર, ખોખરા, નારોલ, સરસપુર, રખિયાલ, શાહીબાગ, ગોમતીપુર સહિતના અનેક ભાગોમાં ટ્રાફિક જામની સ્થિતિ થી નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. જેના પગલે કોર્પોરેશન દ્વારા પુર્વ વિસ્તાર સાથે ઓરમાયુ વર્તન ગુજારાતુ હોવાની રાવ ઉઠી છે. પૂર્વના મોટાભાગના વિસ્તારમાં સવાર સાંજના પિક અર્વસ દરમિયાન ટ્રાફિકજામની સમસ્યા વકરી છે. એમા પણ મોટાભાગના ટ્રાફિક સિગ્નલ પર બેરોકટોક પણે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે છે. જેના પગલે નાના- મોટો અકસ્માતો ની દહશત સર્જાય છે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હાલ નરોડા, સારંગપુર, સુભાષબ્રિજ, ખોખરા, સહિતના વિસ્તારોમાં બ્રિજની લગતી કામગીરી કરવામાં આવી રહી છે. જ્યાકે કેટલાક વિસ્તારોમાં ડ્રેનેજલાઈન તથા સ્ટ્રોમ વોટર લાઈન નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. બીજીબાજુ ખાનગી સંસ્થાઓ દ્વારા પણ બિલ્ડીંગ નિર્માણ તથા અન્ય કામગીરી કરવામાં આવી રહી છે. જોકે એક સાથે હાથ ધરવામાં આવતી આ પ્રકારની કામગીરી ઓથી વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આ પ્રકારની કામગીરીથી કેટલાક રોડ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જેની સીધી અસર મધ્યમવર્ગીય પરિવારો પર થઈ રહી છે. જેમાં નોકરી કરતા કર્મચારીઓ સમયસર ઓફીસ પહોચી શકતા નથી જ્યારે અન્ય વેપાર ધંધા કરતા લોકો પણ કામના સ્થળે પહોચવામાં મુશ્કેલી વેઠી રહ્યા છે. વિદ્યાર્થીઓ માટે પણ શાળા-કોલેજ પહોચવુ દુષ્કર બની રહ્યુ છે.

ઠેર - ઠેર ચાલી રહીલા કામો થી ફક્ત ટ્રાફિકની નહી પરંતુ સ્વાસ્થની સમસ્યા પણ ઉદભવી રહી છે. સતત ઉડતી ધુળ-રજકણો અને ખાડા ટેકરા વાળા રોડ રસ્તાથી વાહન ચાલકો ને આંખ અને શ્વાસની તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં પ્રદુષણ પણ પોતાની ભુમિકા ભજવી રહ્યુ છે. બીજીબાજુ ખાડા-ટેકરા ધરાવતા રસ્તાથી કમરના દર્દીઓ પણ વધી રહ્યા છે. તંત્ર દ્વારા રોડ રસ્તાના નિર્માણ બાદ ફરી અન્ય કામગીરી માટે ખોદકામ કરવામાં આવે છે. જેથી ઉંચા નીચા રોડના પગલે વાહન ચાલકો માટે વાહન ચલાવવુ મુશ્કેલ બને છે.

શહેરમાં વાહન વ્યવાહરની સુવિધા ઝડપી બનવવા અ.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બીઆરટીએસનો પ્રોજેક્ટ અમલી બનાવાયો છે. એ.એમ.ટી.એસ.ની બસ સુવિધા માફક મ્યુનિ દ્વારા બી.આર. ટી.એસની બસ સુવિધા શરૂ કરવામાં આવી છે. આ હેતુ શહેરના વિભિન્ન વિસ્તારોમાં રોડ રસ્તાની મધ્યે બી.આર.ટી. એસ. કોરિડોર બનાવવામાં આવેલ છે. જોકે આ સુવિધા શહેરીજનો માટે દુવિધા બની ઉભરી આવી છે. બી.આર.ટી. એસ કોરીડોરના પગલે રોડ રસ્તા સાંકળા થતા ટ્રાફિકની સમસ્યા વધી છે. બીજી બાજુ બી.આર.ટી.એસ. કોરિડોરમાં અન્ય વાહનો પ્રવેશે નહી એ હેતુ તંત્રને સિક્યુરીટીની વ્યવસ્થા રાખવી પડે છે. તેમ છતા અનેક કોરીડોરમાં મીક્ષ વાહન વ્યવહાર જોવા મળે છે. આથી આ પ્રોજેક્ટ પણ શહેરીજનો માટે ફાયદાકારક થયો નથી.

# તારાપુર મોટી ચોકડી પર વાહનોના આડેધડ પાર્કિંગથી ટ્રાફિકને અવરોધ



**આણંદ, તા.27**


તારાપુર મોટી ચોકડી ખાતે ભાવનગર-બગોદરા હાઈવે પર આવેલા તારાપુર સર્કલ પાસે ટ્રાફિકની સમસ્યા હજુ પણ યથાવત રહેતા વાહનચાલકો અને સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. નોંધનીય બાબત એ છે કે ગત વર્ષે જ આ રોડ પહોળો કરવામાં આવ્યો હતો તેમજ સર્કલનું પણ નિર્માણ કરવામાં આવ્યું હતું. છતાં ટ્રાફિકની સમસ્યા હલ થવાને બદલે વધુ ગંભીર બનતી જઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ રોડ પહોળો થયા પછી વાહનોની ગતિ વધવી જોઈએ હતી, પરંતુ રોડની બંને પડખે દુકાનો હોવાથી ત્યાં સતત વાહનોનું આડેધડ પાર્કિંગ થાય છે. પરિણામે રોડની પહોળાઈનો લાભ જ મળતો નથી અને ટ્રાફિક વારંવાર જામ થઈ જાય છે.સર્કલ પાસે દિવસભર નાના-મોટા વાહનો ઉભા રહેતા હોવાથી રસ્તો સાંકડો બની જાય છે.

આ સ્થિતિમાં ભારે વાહનો પસાર થાય ત્યારે ટ્રાફિક અટકી જાય છે. ખાસ કરીને સવાર અને સાંજના સમયે પરિસ્થિતિ વધુ વિકટ બની જાય છે. જેને લઈ રોડ ક્રોસ કરવા જતા રાહદારીઓને ભારે તકલીફ પડે છે. ઉપરાંત આસપાસ શાળાઓ હોવાથી રોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ સર્કલ પરથી પસાર થાય છે. પરંતુ સતત ટ્રાફિક અને પાર્કિંગની અવ્યવસ્થામાં વિદ્યાર્થીઓ માટે સર્કલ પાર કરવું જોખમી બન્યું છે.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે પોલીસ ચોકી નજીક જ ગેરરીતિસર પાર્કિંગ થાય છે. છતાં કાર્યવાહી ન થવાને કારણે લોકોમાં તંત્રની લાપરવાહી સામે રોષ વધી રહ્યો છે. સ્થાનિકોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા રોડની બાજુમાં પાર્કિંગ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે અને ગેરકાયદે પાર્કિંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી થાય. સાથે જ ટ્રાફિક નિયંત્રણ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે જેથી રોજિંદી અવ્યવસ્થા દૂર થઈ શકે.જો વહેલી તકે યોગ્ય પગલાં નહીં લેવાય તો અહીં અકસ્માતની સંભાવના સતત વધી રહી છે.

## હેરિટેજ સિટીના દરજ્જા સામે

# કોટ વિસ્તારની અનેક ઈમારતો જર્જરિત થતા દહેશતનો માહોલ



**અમદાવાદ, તા.27**

શહેરના પૂર્વ વિસ્તારમાં વર્ષો જૂના જર્જરિત મકાનો સ્થાનિક રહીશો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે જેમાં તાજેતરમાં ઘી કાંટા વિસ્તાર માં સ્થિત એક જર્જરિત મકાન અચાનક ધરાશાયી થતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ કરુણ ઘટના માં એક વ્યક્તિ નુ મોત નીપજ્યું હતું જ્યારે અન્ય લોકો દટાયા હતા.

અમદાવાદ શહેર નો કોટ વિસ્તાર એક સમયે વસવાટ માટે શહેરીજનોની પ્રથમ પસંદગી હતું. જો કે હવે વર્ષો જુનો આ કોટ વિસ્તાર સ્થાનિકો માટે વસવાટ હેતુ દહેશત રૂપ બની રહયો છે. કોટ વિસ્તાર મા વર્ષો જુના મકાનો રિનોવેશન અને જાળવણી ના અભાવે ભયજનક બન્યા છે. લાલ દરવાજા, કાલુપુર, ખાડિયા શાહપુર દરિયાપુર સહિતના વિસ્તારો કે જે હેરિટેજ બાંધકામો માટે પ્રસિધ્ધ છે. તથા જેના લીધે શહેર નો હેરિટેજ સિટીમાં સમાવેશ કરાયો છે તેમાં હવે ગેરકાયદે બાંધકામો, ટ્રાફિક જામ, પ્રદૂષણ, ગીચતા, ગંદકી જેવી વિભિન્ન સમસ્યાઓ થી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

કોટ વિસ્તાર નો હેરિટેજ વારસો નિહાળવા દેશ વિદેશથી સહેલાણીઓ આવે છે. ત્યારે સ્થાનિક સ્તર ની વિભિન્ન સમસ્યાઓ લોકો ના માનસ પર પ્રતિકૂળ પ્રભાવ ઉભો કરે છે. શહેરના કોટ વિસ્તાર ની જાળવણી અર્થે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સમયાંતરે કરોડો રૂપિયા નો ખર્ચ કરવામાં આવે છે. જેમાં કોટની જૂની દિવાલ, ચબુતરા, ઐતહાસિક વર્ષો જૂની ઈમારતો, પ્રવેશદ્વાર, રોડ રસ્તા, લાઈટિંગ વગેરે પાછળ તબક્કા વાર ખર્ચો કરવામાં આવે છે. જોકે નક્કર આયોજન તથા સુપર વિઝન ના અભાવે તંત્રનો ખર્ચ વ્યર્થ સાબિત થઈ રહ્યો છે. જેના પગલે અન્ય વિસ્તાર માંથી કોટ વિસ્તાર માં આવતા નાગરિકો ખચકાટ અનુભવે છે બીજી બાજુ કોમર્શિયલ પ્રવૃત્તિઓનો વ્યાપ પણ કોટ વિસ્તારમાં વધ્યો છે. જેથી ગીચતા અને ટ્રાફિકજામ ની સમસ્યા મા વધારો થયો છે.

# બિલ્ડરોની દાદાગીરી સામે ગ્રામજનોમાં આક્રોશ: આમરોલ ગામના રસ્તાઓ પર ન્યાય માંગતા બોર્ડ લાગ્યા



**આણંદ, તા.27**

આંકલાવ તાલુકાના આમરોલ ગામે સ્મશાનના રસ્તા પર થયેલા અતિક્રમણનો વિરોધ હવે રસ્તા પર જોવા મળી રહ્યો છે. ગામના મુખ્ય ચોક અને જાહેર સ્થળો પર બિલ્ડરો વિરુદ્ધ ઉગ્ર લખાણ સાથેના બોર્ડ અને બેનરો લગાવીને ગ્રામજનોએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે.

આ બોર્ડ દ્વારા ગ્રામજનોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, મહીસાગર નદી કિનારે આવેલ સ્મશાનનો વર્ષો જૂનો રસ્તો અને સરકારી જમીન (સર્વે નં. 610) પર બિલ્ડરો દ્વારા કરવામાં આવેલું ગેરકાયદેસર બાંધકામ કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

ગામમાં લાગેલા આ બોર્ડ આ કર્ષણનું કેન્દ્ર બન્યા છે અને લો ક ચર્ચા જાગી છે કે કેવી રીતે વગ દાર બિલ્ડરોએ જાહેર સુવિધાના માર્ગ પર ફેન્સિંગ કરીને સા માન્ય જનતા માટે મુશ્કેલી ઊભી કરી છે.

ગ્રામજનોના મતે, આ માત્ર જમીનનો વિવાદ નથી પરંતુ ગામની અસ્મિતા અને પૂર્વજોના સમયથી ચાલ્યા આવતા સ્મશાન માર્ગની પવિત્રતાનો સવાલ છે.

આ બોર્ડ યુદ્ધના મંડાણ સમાન છે, જેની અસર આગામી સોમવારે જોવા મળશે જ્યારે ગામ એકત્ર થઈને મામલતદારને આવેદનપત્ર આપી આ ગેરકાયદેસર ફેન્સિંગ અને બાંધકામ દૂર કરવા માટે રજૂઆત કરશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# ગર્લફ્રેન્ડને સેંકડો પુરુષો સાથે સંબંધ બનાવવા માટે મજબૂર કરી : પીડિતા બોલી- 487 લોકો પછી ગણતરી છોડી દીધી, દોષિતને 25 વર્ષની સજા

**વોશિંગ્ટન, તા.27**

ફ્રાન્સમાં 51 વર્ષના પૂર્વ બેંક મેનેજરને ગર્લફ્રેન્ડનું 7 વર્ષ સુધી શારીરિક, માનસિક અને જાતીય શોષણ કરવાના મામલામાં 25 વર્ષ જેલની સજા સંભળાવવામાં આવી છે. આરોપી પર મહિલાને હિંસા અને જબરદસ્તીથી જાતીય સંબંધો બાંધવા માટે મજબૂર કરવાનો આરોપ હતો.

42 વર્ષની પીડિતાનું નામ લેટેસિયા આર. છે. તેણીએ મામલાની સુનાવણી દરમિયાન કોર્ટમાં કહ્યું કે બેંક કર્મચારી ગિલોમ બુચીએ સેક્સ ગેમ સંબંધનું બહાનું બનાવીને તેને ધીમે-ધીમે પોતાના કંટ્રોલમાં લીધી અને પછી દેહવ્યાપારમાં ધકેલી દીધી.

તે તેણીને પોતાના મિત્રો, સહકર્મીઓ અને અજાણ્યા લોકો સાથે સંબંધ બનાવવા માટે મજબૂર કરતો હતો અને ગ્રાહકોની યાદી પણ બનાવડાવતો હતો. લેટેસિયાએ કહ્યું, "મેં 487 પુરુષો પછી ગણતરી કરવાનું બંધ કરી દીધું હતું. આમાં કેટલાક લોકો એવા હતા જેમને મારે વારંવાર મળવું પડતું હતું."

કોર્ટમાં ચાર કલાકથી વધુ સમય સુધી ચાલેલી દલીલો પછી જેવો જ ચુકાદો સંભળાવવામાં આવ્યો કે પીડિતા રડી પડી, જ્યારે આરોપી કોઈ પણ હાવભાવ વિના ઊભો રહ્યો. લેટેસિયાએ જણાવ્યું કે આ સિલસિલો 2015માં નાતાલ (ક્રિસમસ) ના સમયે શરૂ થયો હતો. ત્યારે બુચીએ તેને હાઈવે નજીક એક સર્વિસ સ્ટેશન પર બીજા વ્યક્તિ સાથે સંબંધ બનાવવા માટે મજબૂર કરી હતી. તેને રેલ્વે સ્ટેશન અને હાઈવે નજીક અજાણ્યા લોકો સાથે સંબંધ બનાવવા માટે મજબૂર કરવામાં આવતી હતી. તેણે કહ્યું કે ઘણી વખત 24 કલાકમાં 14 લોકો સુધી આવતા હતા.

લેટેસિયાએ કહ્યું કે શરૂઆતમાં તેને લાગ્યું હતું કે આ માત્ર હળવી સેક્સ ગેમ્સ હશે અને જો તેમને કંઈ પસંદ નહીં આવે તો બધું બંધ થઈ જશે. પરંતુ ધીમે-ધીમે પરિસ્થિતિ અત્યંત હિંસક બનતી ગઈ. જ્યારે તે કોઈ વાતની ના પાડતી હતી, ત્યારે આરોપી તેને મુક્કા અને લાતો મારતો હતો. ઘણીવાર જ્યારે તેનું જાતીય શોષણ થઈ રહ્યું હોય ત્યારે આરોપી ફોન પર આ બધું સાંભળતો રહેતો હતો.

લેટેસિયાએ જણાવ્યું કે બુચી ગ્રાહકોની ગોઠવણ કરતો, પૈસા નક્કી કરતો અને કમાણીનો હિસ્સો પોતાની પાસે રાખતો હતો. પીડિતાએ જણાવ્યું કે 2017માં દીકરીના જન્મ બાદ હોસ્પિટલમાંથી રજા મળ્યાના બીજા જ દિવસે તેને એક ટ્રક ડ્રાઈવર સાથે જાતીય સંબંધ બનાવવા માટે મજબૂર કરી હતી. મહિલા ચાર બાળકોની માતા છે. જોકે અહેવાલમાં એ સ્પષ્ટ નથી કે તેના કેટલા બાળકો



આરોપી સાથેના સંબંધ દરમિયાન તેની સાથે રહી રહ્યા હતા. સુનાવણી દરમિયાન બુચીએ ગળું દબાવવું, શરીર સળગાવવું, બેસ્ટિયાલિટી (પશુઓ સાથે જોડાયેલા જાતીય કૃત્યો) અને સ્કેટોફિલિયા (માનવ મળ સાથે જોડાયેલી વસ્તુઓથી જાતીય ઉત્તેજના અનુભવવી) જેવા કેટલાય કૃત્યો સ્વીકાર્યા. પરંતુ તેણે દાવો કર્યો કે આ બધું પરસ્પર સંમતિથી થઈ રહ્યું હતું. તેણે અદાલતમાં કહ્યું કે તેને નહોતું લાગતું કે તે પોતાની પાર્ટનરને નુકસાન પહોંચાડી રહ્યો છે.

જોકે સરકારી વકીલે કોર્ટમાં એવા મેસેજ અને વોઈસ રેકોર્ડિંગ રજૂ કર્યા જેમાં બુચી મહિલાને આદેશ ન માનવા પર જીવથી મારી નાખવાની ધમકી આપતો દેખાયો. આનાથી સાબિત થયું કે મહિલા દબાણ અને ડરના કારણે આ બધું કરવા મજબૂર હતી.

આ મામલામાં માત્ર જાતીય હિંસા જ નહીં પરંતુ અત્યંત ક્રૂર શારીરિક હિંસાના આરોપો પણ છે. એક ઓડિયો રેકોર્ડિંગમાં લેટેસિયાની ચીસો અને રડવાનો અવાજ સંભળાય છે, જ્યારે એક ગ્રાહક તેને લાકડી, બેલ્ટ અને લાકડાના પાટિયાથી પીટી રહ્યો હતો. તપાસકર્તાઓના જણાવ્યા મુજબ જે લાકડાના પેડલથી તેને મારવામાં આવી, તેના પર લોહીના નિશાન હતા. અદાલતમાં પીડિતાના સોજી ગયેલા ચહેરાની તસવીરો પણ બતાવવામાં આવી હતી.

અભિયોજકોએ જણાવ્યું કે બુચીથી બીજી મહિલાઓને પણ ખતરો હોઈ શકે છે, તેથી તેના માટે આજીવન કેદની માંગ કરવામાં આવી હતી. પરંતુ અદાલતે તેને 25 વર્ષ જેલની સજા સંભળાવી અને કહ્યું કે તેણે ઓછામાં ઓછી બે તૃતીયાંશ સજા કાપ્યા પછી જ પેરોલ માટે અરજી કરવાનો અધિકાર મળશે. લેટેસિયાએ આ મુકદ્દમો બંધ બારણે (ગુપ્ત રીતે) ચલાવવાની માંગને ફગાવી દીધી. તેણે કહ્યું કે તેને પોતાની વાર્તા સાર્વજનિક કરવાની પ્રેરણા ગિસેલ પેલિકોટ નામની મહિલા પાસેથી મળી. પેલિકોટ એ જ મહિલા છે, જેના પતિએ તેને નશીલો પદાર્થ આપીને અજાણ્યા લોકો પાસે રેપ કરાવ્યો હતો. તે મામલો 2024માં પૂરી દુનિયામાં ચર્ચાનો વિષય બન્યો હતો.

પેલિકોટે પોતાની સાથે થયેલા સામૂહિક દુષ્કર્મ મામલાની ખુલ્લી સુનાવણીની માંગ કરી હતી અને બાદમાં તે ફ્રાન્સમાં મહિલા અધિકારોની પ્રતીક બની ગઈ. જોકે આ મામલામાં એક મોટો તફાવત એ હતો કે બુચી મહિલાને બેહોશ નહોતો કરતો, પરંતુ સંપૂર્ણપણે હોશમાં રાખીને અત્યાચાર કરતો હતો. હવે સવાલ ઉઠી રહ્યો છે કે પેલિકોટની જેમ લેટેસિયાના મામલામાં પણ તે બીજા પુરુષો પર કાર્યવાહી કેમ ન થઈ. પીડિતાના વકીલ ફિલિપ-આનરી ઓનેગરના જણાવ્યા મુજબ તે તમામ લોકોની ઓળખ કરવી અત્યંત મુશ્કેલ અને લાંબુ કામ હોત.

તેમણે કહ્યું કે જો તમામ આરોપીઓનો સમાવેશ કરવામાં આવ્યો હોત તો તપાસમાં ઘણો વધારે સમય લાગી શકતો હતો અને આરોપીને કસ્ટડીમાંથી મુક્ત થવાની તક મળી શકી હોત. વકીલના જણાવ્યા મુજબ લેટેસિયા ઈચ્છતી હતી કે મુકદ્દમો ઝડપથી ચાલે.

ફેમિનિસ્ટ (નારીવાદી) કાર્યકરોનું કહેવું છે કે આ મામલામાં માત્ર મુખ્ય આરોપી પર જ ધ્યાન ગયું અને બાકીના પુરુષો પાછળ રહી ગયા. તેમનું માનવું છે કે જો તપાસ એજન્સીઓ પૂરી તાકાત લગાવે તો બીજા આરોપીઓની ઓળખ પણ થઈ શકે છે. જોકે આ મામલામાં તેવા ડિજિટલ પુરાવા નથી મળ્યા જેવા ચર્ચિત પેલિકોટ મામલામાં મળ્યા હતા. પેલિકોટના પતિએ પોતાના કમ્પ્યુટરમાં વીડિયો અને નામ સેવ કરી રાખ્યા હતા.

# ઈરાને કહ્યું- યુરેનિયમ કાર્યક્રમ બંધ નહીં કરીએ: અમને ડરાવીને પરમાણુ પોલિસી બદલી શકાશે નહીં

**તેહરાન, તા.27**

ઈરાને અમેરિકાના દબાણને સખત રીતે નકારી કાઢતા કહ્યું છે કે તે પોતાનો યુરેનિયમ સંવર્ધન (યુરેનિયમ એનરિચમેન્ટ) કાર્યક્રમ કોઈપણ ભોગે બંધ કરશે નહીં, ભલે તેને સૈન્ય ધમકીઓ મળે કે નવા પ્રતિબંધો લાદવામાં આવે.

રવિવારે તેહરાનમાં એક જાહેર કાર્યક્રમમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે ઈરાનને ડરાવીને તેની પરમાણુ નીતિ બદલી શકાતી નથી અને અમેરિકાના ઈરાદા પર અમને ભરોસો નથી.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઘણા વર્ષો પછી ઈરાન અને અમેરિકા વચ્ચે ઓમાનમાં વાતચીત ફરી શરૂ થઈ છે. ઈરાન ઈચ્છે છે કે તેના પર લાગેલા કડક આર્થિક પ્રતિબંધો હટાવવામાં આવે, જ્યારે અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર રોક લગાવવા માંગે છે.

અરાઘચીએ સ્પષ્ટપણે કહ્યું કે યુરેનિયમ સંવર્ધન ઈરાન માટે કોઈપણ સંજોગોમાં સમજૂતીનો મુદ્દો નથી. તેમણે કહ્યું કે કોઈપણ દેશને એ અધિકાર નથી કે તે ઈરાનને કહે કે તેણે શું કરવું જોઈએ, ભલે યુદ્ધની ધમકી કેમ ન આપવામાં આવે.

તેમણે એમ પણ કહ્યું કે ક્ષેત્રમાં અમેરિકન સૈન્ય તહેનાતી, જેમ કે USS અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયરની હાજરી, ઈરાનને ડરાવવામાં નિષ્ફળ રહેશે.

ઈરાનના વિદેશ મંત્રીએ કહ્યું કે



અમેરિકા પર ભરોસો કરવો મુશ્કેલ છે અને તે સ્પષ્ટ નથી કે વોશિંગ્ટન ખરેખર રાજદ્વારી ઉકેલ ઈચ્છે છે કે નહીં.

તેમણે જણાવ્યું કે ઈરાન કોઈ એવો કરાર કરશે નહીં જે તેની સ્વતંત્રતા અને સન્માનની વિરુદ્ધ હોય. સાથે જ તેમણે કહ્યું કે જો પ્રતિબંધોમાં રાહત મળે છે તો ઈરાન વિશ્વાસ વધારનારા કેટલાક પગલાંઓ પર વિચાર કરી શકે છે, પરંતુ આ બધું પરસ્પર સન્માન પર નિર્ભર રહેશે.

પશ્ચિમી દેશો અને ઈઝરાયેલ લાંબા સમયથી આરોપ લગાવતા રહ્યા છે કે ઈરાન પરમાણુ હથિયારો બનાવવા માંગે છે, પરંતુ ઈરાન આ વાતનો ઈનકાર કરે છે. અરાઘચીએ કહ્યું કે ઈરાન કોઈ પરમાણુ બોમ્બની શોધમાં નથી અને તેની અસલી તાકાત મોટી શક્તિઓને 'ના' કહેવાની ક્ષમતા છે.

આ દરમિયાન અમેરિકા, ઈરાનની આસપાસ સતત પોતાની સૈન્ય તાકાતનું પ્રદર્શન કરી રહ્યું છે. ઈરાન સાથે અમેરિકી વાટાઘાટકાર સ્ટીવ વિટકૉફ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર જેરેડ કુશનરે થોડા સમય પહેલાં USS અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયરની મુલાકાત લીધી હતી.

અમેરિકાની સેનાએ કહ્યું કે આ તૈનાતી સુરક્ષા માટે છે અને ટ્રમ્પની 'શાંતિ માટે તાકાત'ની નીતિનો એક ભાગ છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે ઓમાનમાં ન્યુક્લિયર મુદ્દે 6 ફેબ્રુઆરીએ વાતચીત થઈ હતી. ટ્રમ્પે તેને 'ખૂબ સારું' ગણાવ્યું હતું, જ્યારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને તેને શાંતિ માટે 'એક પગલું આગળ' ગણાવ્યું હતું.

પરંતુ ટ્રમ્પે વાતચીત પછી તરત જ એક આદેશ જારી કરીને ઈરાન સાથે વેપાર કરતા દેશો પર નવા ટેરિફ લગાવવાની વાત કહી. આ ઉપરાંત ઈરાની તેલ નિકાસ સાથે સંકળાયેલી કંપનીઓ અને જહાજો પર નવા પ્રતિબંધો પણ લાદવામાં આવ્યા.

અરાઘચીએ કહ્યું કે આવા પગલાં અમેરિકાની ગંભીરતા પર સવાલ ઉભા કરે છે અને ઈરાન આ જ સંકેતો જોઈને નક્કી કરશે કે વાતચીત આગળ ચાલુ રાખવી કે નહીં.

આ આખી પ્રક્રિયા એવા સમયે ચાલી રહી છે જ્યારે ઈરાનની અંદર પણ સ્થિતિ તણાવપૂર્ણ છે. ડિસેમ્બરના અંતથી આર્થિક સ્થિતિ અને રાજકીય મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, જેમાં હિંસા થઈ છે.

ઈરાનની સરકારનું કહેવું છે કે આ ઘટનાઓમાં 3,117 લોકોના મોત થયા છે, જેમાં મોટાભાગના સુરક્ષાકર્મીઓ અને સામાન્ય નાગરિકો હતા.

# વિદ્યાર્થીઓની ઘર સંબંધિત સમસ્યાઓ દૂર કરી, આવા બાળકોના માર્ક્સ વધ્યા, ડ્રોપઆઉટ ઘટ્યો, સારી નોકરી પણ મેળવી....

**વોશિંગ્ટન, તા.27**

અમેરિકાના ટેક્સાસ પ્રાંતમાં સેન માર્કોસની ઓવેન ગુડનાઈટ મિડલ સ્કૂલમાં ઠંડી સવાર છે. ગાઈડન્સ કાઉન્સેલર ટેરેસા રિવાસ એક બાળક માટે જાડું, વોટરપ્રૂફ જેકેટ પસંદ કરી રહી છે. તે માત્ર રિપોર્ટ કાર્ડ જ નથી જોતી, પણ એ પણ જુએ છે કે બાળકોના ઘરનું ફ્રિજ ભરેલું છે કે નહીં, ભાડું જમા છે કે નહીં, સારવાર કરાવવા માટે પૈસા છે કે નહીં. રિવાસ કોમ્યુનિટીઝ ઈન સ્કૂલ્સ (CIS)ની 'નેવિગેટર' છે.

'કોમ્યુનિટી સ્કૂલ મોડેલ'એ સાબિત કર્યું કે શિક્ષણ સુધારણા વર્ગખંડની બહાર, જીવનના સહારેથી શરૂ થાય છે. વિચાર એ છે કે જો બાળક ઘરે સંઘર્ષ કરી રહ્યું હોય- ગરીબી, હિંસા, માનસિક તણાવ અને બેઘર હોય તો ભણવામાં રસ ન હોઈ શકે. કોમ્યુનિટી સ્કૂલોમાં કાઉન્સેલર/નેવિગેટર બાળકોના અભ્યાસની સાથે ઘર-પરિવાર, સ્વાસ્થ્ય, માનસિક તણાવ અને આર્થિક સંકટ પર કામ કરે છે. સરકારી યોજનાઓ સાથે જોડવું, ભાડા-સારવારમાં મદદ, ભોજનની વ્યવસ્થા- આ બધું અભ્યાસનો ભાગ બની જાય છે.

હાર્વર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ એજ્યુકેશનના રૉબ વૉટસન જણાવે છે, '12મા ધોરણ સુધી બાળકો




પોતાનો માત્ર 20% સમય ક્લાસમાં વિતાવે છે. જો તેમનો અભ્યાસ સુધારવો હોય, તો બાકીની 80% જિંદગીને પણ જોવી પડશે.' સ્કૂલ પ્રિન્સિપાલ જો મિશેલ કહે છે, 'ઘણા બાળકો માટે ઘરની સ્થિતિ તેમની પરીક્ષા કરતાં પણ મોટી પડકાર હોય છે.' કોર્નેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી બેન્જામિન ગોલ્ડમેન અને હાર્વર્ડના સંશોધક જેમી ગ્રેસીએ ટેક્સાસના 1.6 કરોડ વિદ્યાર્થીઓનો બે દાયકા સુધી અભ્યાસ કર્યો. તેમણે વસતિ ગણતરી બ્યુરો અને શિક્ષણ રેકોર્ડ્સનું વિશ્લેષણ કર્યું. તેના ચોંકાવનારા પરિણામો સામે આવ્યા. CISના બાળકોના ટેસ્ટ સ્કોર વધ્યા. ગેરહાજરી અને સસ્પેન્શન ઘટ્યા, હાઈ-સ્કૂલ ગ્રેજ્યુએશન 5.2% વધ્યું. બે-વર્ષીય કોલેજમાં પ્રવેશ 9.1% વધ્યો. સારી નોકરીઓ મેળવી. 27 વર્ષની ઉંમરે સીઆઈએસ શાળાઓના વિદ્યાર્થીઓ વાર્ષિક 95,000થી વધુ કમાવા લાગ્યા. યુનિસેફ અને વિશ્વ બેંકના અહેવાલો દર્શાવે છે કે ગરીબી, પોષણ અને માનસિક સ્વાસ્થ્ય શિક્ષણ પર ઊંડી અસર કરે છે. જો શાળાઓ સામાજિક સહાયનું કેન્દ્ર બને, તો ડ્રોપઆઉટ ઘટાડવામાં અને શીખવાના સ્તરમાં સુધારો કરવામાં મોટી છલાંગ શક્ય છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં પોસ્ટડોક્ટરલ ફેલો જેમી ગ્રેસી અનુસાર, CIS પર આશરે 90 હજાર રૂપિયા ખર્ચ કરવાથી 27 વર્ષની ઉંમરે વિદ્યાર્થીઓની આવકમાં 36 હજાર રૂપિયાથી વધુનો વધારો જોવા મળ્યો.

# પાકિસ્તાનમાં 9 મુસ્લિમ સ્થળોના નામ નહીં બદલાય : હિંદુ-શીખ યુગનાં નામ રાખવાના હતા, કટ્ટરપંથીઓના વિરોધ બાદ નિર્ણય બદલાયો

**ઇસ્લામાબાદ, તા.27**

પાકિસ્તાનના પંજાબ પ્રાંતની મરિયમ નવાઝ સરકારે લાહોરના રસ્તાઓ, ચોકો અને વિસ્તારોના જૂના નામ ફરીથી સ્થાપિત કરવાનો નિર્ણય હાલ પૂરતો ટાળી દીધો છે. સરકાર જે નામોને ફરીથી સ્થાપિત કરવા માંગતી હતી, તેમાં ઘણા હિંદુ અને શીખ સમયગાળાના નામોનો સમાવેશ થતો હતો.

સરકારે આ પગલું કટ્ટરપંથી જૂથો અને સોશિયલ મીડિયા પર વધતા વિરોધ બાદ ભર્યું. કેટલાક લોકોએ તેને હિંદુ અને શીખ ઓળખ પાછી લાવવાના પ્રયાસ તરીકે ધાર્મિક રંગ આપી દીધો હતો.

લાહોરના ડેપ્યુટી કમિશનર કેપ્ટન (નિવૃત્ત) મોહમ્મદ અલી એજાઝે પાકિસ્તાની અખબાર ડોન સાથે વાત કરતા જણાવ્યું કે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

**નવાઝ શરીફ અને મરિયમ નવાઝની બેઠકમાં પ્રસ્તાવ મંજૂર થયો હતો**

16 માર્ચે લાહોર હેરિટેજ એરિયાઝ રિવાઈવલ (LHAR)ની બેઠક યોજાઈ હતી. તેની અધ્યક્ષતા પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે કરી હતી. પંજાબના મુખ્યમંત્રી મરિયમ



નવાઝ પણ તેમાં સામેલ હતા. આ જ બેઠકમાં લાહોરના ઘણા જૂના પ્રી-પાર્ટિશન નામોને પુનર્સ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

આ યોજના લાહોરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઓળખને ફરીથી સામે લાવવા માટે બનાવવામાં આવી હતી. બાદમાં મે મહિનામાં મરિયમ નવાઝ કેબિનેટે પણ આ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી હતી.

નવાઝ શરીફનું કહેવું હતું કે આપણે યુરોપ પાસેથી શીખ લેવી જોઈએ. તેઓ ઐતિહાસિક નામો સાથે ચેડા કરતા નથી. મરિયમનું કહેવું હતું કે લાહોરનો ઈતિહાસ જ તેની ઓળખ છે. જૂના નામો અને ઈમારતો તેના પુરાવા છે.

આ આખો પ્રોજેક્ટ લાહોર ઓથોરિટી ફોર હેરિટેજ રિવાઈવલ (LAHR) હેઠળ ચલાવવામાં આવી રહ્યો હતો. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, આ ઘણા અબજ પાકિસ્તાની રૂપિયાનો પ્રોજેક્ટ છે.

બાબરી ચોકનું નામ બદલીને ફરીથી જૂનું નામ જૈન મંદિર ચોક કરવાનો પ્રસ્તાવ હતો.

**કટ્ટરપંથીઓએ તેને ધાર્મિક મુદ્દો બનાવી દીધો**

ડોનની રિપોર્ટ અનુસાર, કેટલાક કટ્ટરપંથી તત્વો અને સોશિયલ મીડિયા વ્લોગર્સે આ નિર્ણય પર મુખ્યમંત્રી મરિયમ નવાઝનો ખુલ્લેઆમ વિરોધ કર્યો. તેમણે સરકાર પર હિન્દુ અને શીખ નામો પાછા લાવવાનો આરોપ લગાવ્યો અને તેને ધાર્મિક મુદ્દો બનાવી દીધો.

PTI અનુસાર, સરકારને ડર હતો કે આ મુદ્દે મોટો રાજકીય અને સામાજિક વિવાદ ઊભો થઈ શકે છે. આ જ કારણોસર પ્રશાસને હાલ પૂરતો નિર્ણય ટાળી દીધો.

વિરોધ બાદ LHAR એ ઈતિહાસકારો, શહેરી આયોજકો, આર્કિટેક્ટ્સ અને અન્ય નિષ્ણાતોની એક બેઠક પણ બોલાવી. તેમાં લાહોરની જૂની ઓળખ અને ઐતિહાસિક નામોને બચાવવા પર ચર્ચા થઈ.

સરકારી નિવેદન મુજબ, બેઠકમાં હાજર મોટાભાગના લોકોએ સ્વીકાર્યું કે લાહોરની ઐતિહાસિક ઓળખ એક અમૂલ્ય વારસો છે અને તેને આવનારી પેઢીઓ માટે બચાવવી જોઈએ. ઘણા નિષ્ણાતો જૂના નામો પુનઃસ્થાપિત કરવાના પક્ષમાં હતા.

મુસ્તફાબાદનું નામ બદલીને ધર્મપુરા કરવાનું હતું, પરંતુ કટ્ટરપંથીઓના વિરોધ બાદ નિર્ણય ટળ્યો.

**ભાગલા પછી આ વિસ્તારોના નામ બદલી દેવામાં આવ્યા હતા**

પાકિસ્તાન બન્યા પછી ઘણા વિસ્તારોના નામ બદલી દેવામાં આવ્યા હતા. તેમ છતાં, લાહોરના જૂના હિંદુ અને બ્રિટિશ સમયના નામ આજ પણ લોકોની યાદોમાં અને રોજિંદી વાતચીતમાં ઉપયોગમાં લેવાય છે.

કરાચીના ઈતિહાસકાર યાકૂબ ખાન બંગશે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે 1947 પછી લાહોરમાં એવો વૈચારિક બદલાવ થયો ન હતો જેવો કરાચી જેવા શહેરોમાં જોવા મળ્યો હતો.

તેમના મતે લાહોરમાં આવનારા મોટાભાગના શરણાર્થીઓ કામકાજી વર્ગના હતા, જેમણે શહેરની જૂની સામાજિક ઓળખ સાથે પોતાને જોડી લીધા. આ જ કારણે શહેરનો જૂનો ઈતિહાસ લોકોની યાદમાં જળવાઈ રહ્યો.

# ભારતે જમ્મુ-કાશ્મીર પર ચીન-પાકિસ્તાનનું નિવેદન ફગાવ્યું : કહ્યું- બીજા દેશને ટિપ્પણી કરવાનો હક નથી; ચીને ઈતિહાસ સાથે જોડાયેલો વિવાદ ગણાવ્યો હતો

**નવી દિલ્હી, તા.27**

ભારતે ચીન અને પાકિસ્તાનના સંયુક્ત નિવેદનમાં જમ્મુ-કાશ્મીરના ઉલ્લેખને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ભારતના અભિન્ન અને અવિભાજ્ય અંગો છે. ભારતે ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) પરિયોજનાઓ પર પણ સખત વાંધો ઉઠાવ્યો.

આ નિવેદન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની ચીન યાત્રા બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનના જવાબમાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાને ચીનને જમ્મુ-કાશ્મીરની સ્થિતિ વિશે જાણકારી આપી.

ત્યારબાદ ચીને કહ્યું કે જમ્મુ-કાશ્મીર મુદ્દો ઈતિહાસ સાથે જોડાયેલો વિવાદ છે અને તેનું સમાધાન સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર, UNSC પ્રસ્તાવો અને દ્વિપક્ષીય કરારો હેઠળ શાંતિપૂર્ણ રીતે થવું જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે CPECના કેટલાક પ્રોજેક્ટ ભારતના તે વિસ્તારમાંથી પસાર થાય છે, જેના પર પાકિસ્તાને ગેરકાયદેસર અને બળજબરીથી કબજો જમાવ્યો છે. ભારત કોઈપણ આવા પ્રયાસનો વિરોધ કરે છે, જે પાકિસ્તાનના કબજાને મજબૂત કરવા અથવા કાયદેસરતા આપવાનો પ્રયાસ કરે. ભારતે ચીન અને પાકિસ્તાન વચ્ચેના કથિત ટ્રાન્સ-બાઉન્ડ્રી વોટર રિસોર્સિસ કોઓપરેશન પર પણ સવાલો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે બંને દેશો વચ્ચે કોઈ સામાન્ય સરહદ નથી. ભારતે એ પણ પુનરોચ્ચાર કર્યો કે તેણે 1963ના ચીન-પાકિસ્તાન સરહદ કરારને ક્યારેય માન્યતા આપી નથી. આ કરાર હેઠળ પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરની શક્સગામ ખીણનો વિસ્તાર ચીનને સોંપી દીધો હતો, જેના પર તેણે



1948માં ગેરકાયદેસર કબજો કર્યો હતો. ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મહત્વાકાંક્ષી યોજના છે. તેની શરૂઆત 2013માં કરવામાં આવી હતી. તેમાં ચીનના શિનજિયાંગ પ્રાંતથી પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સુધી 60 બિલિયન ડોલર (લગભગ 5 લાખ કરોડ રૂપિયા)ના ખર્ચે આર્થિક કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે.

આના દ્વારા ચીનની અરબી સમુદ્ર સુધી પહોંચ થઈ જશે. CPEC હેઠળ ચીન રોડ, બંદર, રેલવે અને ઊર્જા પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે.

**ભારતને CPEC સામે વાંધો**

60 બિલિયન ડોલરના ખર્ચે બનતો CPEC પાકિસ્તાનના બલુચિસ્તાનમાં આવેલા ગ્વાદર પોર્ટ અને ચીનના શિનજિયાંગને જોડશે.

CPEC પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના ગિલગિટ-બાલ્ટિસ્તાન વિસ્તારમાંથી પણ પસાર થાય છે, જેના પર ભારતનો દાવો છે.

ભારતનું માનવું છે કે CPEC દ્વારા ચીન વિસ્તરણવાદની નીતિ પર ચાલી રહ્યું છે અને ભારતને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

**CPECથી ચીનને શું ફાયદો?**

આ કોરિડોરથી ચીન સુધી ક્રૂડ ઓઈલની પહોંચ સરળ બનશે. ચીન દ્વારા આયાત થતું 80% ક્રૂડ ઓઈલ મલક્કાની ખાડીમાંથી શાંઘાઈ પહોંચે છે.

હાલમાં લગભગ 16 હજાર કિમીનો રસ્તો છે, પરંતુ CPECથી આ અંતર 5 હજાર કિમી ઘટી જશે.

ઈકોનોમિક કોરિડોર દ્વારા ચીન અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરમાં પ્રભુત્વ જમાવવા માંગે છે.

ગ્વાદર પોર્ટ પર નેવી બેઝ હોવાથી ચીન પોતાના કાફલાના રિપેરિંગ અને મેન્ટેનન્સ માટે પણ ગ્વાદર પોર્ટનો ઉપયોગ કરી શકશે. ગ્વાદર ચીનના નેવી મિશન માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે. ત્યારબાદ ચીને કહ્યું કે જમ્મુ-કાશ્મીર મુદ્દો ઈતિહાસ સાથે જોડાયેલો વિવાદ છે અને તેનું સમાધાન સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર, UNSC પ્રસ્તાવો અને દ્વિપક્ષીય કરારો હેઠળ શાંતિપૂર્ણ રીતે થવું જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે CPECના કેટલાક પ્રોજેક્ટ ભારતના તે વિસ્તારમાંથી પસાર થાય છે, જેના પર પાકિસ્તાને ગેરકાયદેસર અને બળજબરીથી કબજો જમાવ્યો છે. ભારત કોઈપણ આવા પ્રયાસનો વિરોધ કરે છે, જે પાકિસ્તાનના કબજાને મજબૂત કરવા અથવા કાયદેસરતા આપવાનો પ્રયાસ કરે. ભારતે ચીન અને પાકિસ્તાન વચ્ચેના કથિત ટ્રાન્સ-બાઉન્ડ્રી વોટર રિસોર્સિસ કોઓપરેશન પર પણ સવાલો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે બંને દેશો વચ્ચે કોઈ સામાન્ય સરહદ નથી. ભારતે એ પણ પુનરોચ્ચાર કર્યો કે તેણે 1963ના ચીન-પાકિસ્તાન સરહદ કરારને ક્યારેય માન્યતા આપી નથી. આ કરાર હેઠળ પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરની શક્સગામ ખીણનો વિસ્તાર ચીનને સોંપી દીધો હતો, જેના પર તેણે 1948માં ગેરકાયદેસર કબજો કર્યો હતો. ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મહત્વાકાંક્ષી યોજના છે. તેની શરૂઆત 2013માં કરવામાં આવી હતી. તેમાં ચીનના શિનજિયાંગ પ્રાંતથી પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સુધી 60 બિલિયન ડોલર (લગભગ 5 લાખ કરોડ રૂપિયા)ના ખર્ચે આર્થિક કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે.

## તંત્રી લેખ

# ગુજરાતના 2 ભાઈઓના કટાક્ષ ભરેલા ગીતે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી

હજુ સોમવારની જ વાત છે. લોકો રવિવારની રજાની મજા માણીને ઉઠ્યા જ હતા ત્યાં સવારમાં સમાચાર આવ્યા કે પેટ્રોલમાં 2.61 રૂપિયા અને ડીઝલમાં 2.71 રૂપિયા પ્રતિ લીટર ભાવવધારો થયો છે. એક જ મહિનામાં આ ચોથીવાર ભાવવધારો થયો હતો. સ્વભાવિક છે કે પેટ્રોલ ડીઝલ મોંઘું થાય એટલે શાકભાજી, અનાજ-કરિયાણું, દૂધ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓ પણ મોંઘી થવાની જ. તેવામાં મોંઘવારીના ચક્કરમાં પિસાતા સામાન્ય માનવીની ચિંતાને જાણે કે આ 2 ગીતે વાચા આપી છે.

ગીતકાર પંકજ નાયતા અને તેના ભાઈ અરવિંદ નાયતાએ આ ગીત બનાવ્યા છે. દિવ્ય ભાસ્કરે આ ગીત ગાનારા અરવિંદ નાયતાના ભાઈ પંકજનો સંપર્ક કર્યો હતો અને આ ગીત ક્યારે અને કેમ બનાવ્યું હતું વગેરે બાબતે તેમની સાથે વાતચીત કરી હતી. તેમના દાવા પ્રમાણે માત્ર 2 જ દિવસમાં આ ગીત 2 મિલિયન લોકોએ જોયું હતું. પંકજ અને અરવિંદ પાટણથી 18 કિલોમીટર દૂર આવેલા નાયતા ગામે રહે છે. ગામનું નામ જ તેમની ઓળખ બની ગઈ છે. લોકો તેને પંકજ નાયતા તરીકે જ બોલાવે છે. ગીતના શબ્દો લખનારા પંકજે ધો.12 સુધીનો અભ્યાસ કર્યો છે અને સંગીતની દુનિયામાં છેલ્લા 7-8 વર્ષોથી છે. દોઢ વર્ષ પહેલાં તેણે પીન્શુ રેકોર્ડિંગ સ્ટુડિયો નામથી પોતાનો સ્ટુડિયો બનાવ્યો હતો. આ સ્ટુડિયોમાં તે ગીત રેકોર્ડ કરે છે. તેના પિતાનું નામ શોભાજી અને માતાનું નામ લીલાબેન છે. પેટ્રોલ-ડીઝલની સમસ્યા અંગે અમે 3-4 ગીત જ બનાવ્યાં છે. બધા ગીત 2 દિવસમાં 2-3 અને 4 મિલિયનને પાર જતાં રહ્યાં છે. લોકોના મનોરંજન માટે અમે આવા ગીત બનાવીએ છીએ. લોકોને ગમે છે એટલે અમે બનાવીએ છીએ. આ ગીત બનાવવાનો વિચાર કેવી રીતે આવ્યો તેની વાત કરતાં તેણે કહ્યું કે, હાલ પેટ્રોલ પંપ પર જઈએ તો ઊભા રહેવું પડે છે અને પેટ્રોલની બહુ અછત છે તો અમને વિચાર આવ્યો કે આના વિશે પણ એક ગીત બનાવી દઈએ એટલે અમે આ ગીત બનાવ્યું. એવા ઘણા બધા વીડિયો છે જે પરિસ્થિતિને ધ્યાને લઈને અમે બનાવીએ છીએ અને બહુ જ ચાલે છે. લોકોને પણ બહુ ગમે છે. આવા કટાક્ષભર્યા ગીત બનાવ્યા હોય એટલે ક્યારેક સત્તાપક્ષને ન પણ ગમે. આવી સ્થિતિનો સામનો કેવી રીતે કરે છે તે અંગે તેણે કહ્યું કે,સરકાર કે શાસક પક્ષમાંથી ફોન આવે પણ અમે કહીએ કે અમે મનોરંજન માટે ગીત બનાવીએ છીએ. આવા ગીતમાં કોમેન્ટ્સ તો સારી આવે છે કે તમે સારું કરો છો, સારો સંદેશ આપો છો એવી તો કોમેન્ટો સારી આવે છે. પેટ્રોલવાળું ગીત બનાવ્યા પછી અમે સ્વદેશી અપનાવો અને વિદેશી હટાવોનું ગીત બનાવ્યું હતું. તે પણ દેશ માટે એક સારો સંદેશ જ છે. આ તો ખાલી મનોરંજન માટે અમે ગીત બનાવીએ છીએ. લોકોને હસાવવાનો જ એક માત્ર ઉદ્દેશ છે. પંકજ અને અરવિંદે સાથે મળીને વૃક્ષોના નિકંદન, દારૂની બદી, ગેસની અછત અંગેના ગીતો પણ બનાવ્યા છે. તે કહે છે કે, અત્યારે મારા લગભગ 100-150 ગીતો હશે. જેમાં બધાં પ્રકારના ગીતો હોય છે. માતાજીના ગીત હોય, લવ સોંગ હોય, સેડ સોંગ પણ હોય છે. આ પ્રકારના ગીત બનાવવા પાછળ લાગતી મહેનત અંગે પણ પંકજ નાયતાએ જણાવ્યું. તેમના મતે, આ ગીતોના શબ્દો અમે બે ભાઈઓ ભેગાં મળીને જ લખીએ છીએ. આ ગીત બનાવવામાં એક કલાક જેટલો સમય થાય છે. પહેલાં કાચું ગીત બનાવી દઈએ પછી પાયલોટિંગ કરી દઈએ પછી તેમાં ગવડાવીને મિક્સીંગ કરી દઈએ. જેના પછી ઈસ્ટાગ્રામમાં રીલ બનાવીને સવારે એડિટ કરીને ચડાવી દઈએ. બધું અમે જાતે જ કરીએ છીએ. તેણે વધુમાં જણાવ્યું કે, મારો નાનો ભાઈ અરવિંદ ખાસ કરીને કોમેડી ગીતો ગાતો હોય છે. જે માર્કેટમાં ખૂબ ચાલતાં હોય છે અને લોકોને ગમતાં હોય છે. જે પ્રકારની પરિસ્થિતિ હોય તે પ્રકારના ગીતો અમે બનાવીએ છીએ.સ્કૂલના ટાઈમમાં હું સ્કૂલમાં પણ ગાતો હતો, સ્પર્ધામાં ભાગ લેતો હતો. મને ગાવાનો શોખ હતો એટલે મેં ગાવાનું ચાલુ જ રાખ્યું છે. પાટણના આ બન્ને ભાઈઓના વાયરલ ગીતે સાબિત કર્યું છે કે સામાન્ય માણસની રોજિંદી હાડમારી અને મોંઘવારીની પીડાને જ્યારે સંગીત અને કટાક્ષનો સહારો મળે છે ત્યારે તે સીધી જનતાના દિલ સુધી પહોંચે છે.

**જીઆરયુ સ્પેસ કંપનીએ દાવો કર્યો છે કે, તે ચંદ્ર ઉપર પહેલી સ્થાયી હોટેલ શરૂ કરવાની છે. જો આ યોજના સફળ રહી તો પહેલી વખત પૃથ્વીની બહાર કોઈ ગ્રહ ઉપર બનાવવામાં આવેલું માનવીય માળખું અને બાંધકામ હશે. જાણકારોના મતે કંપની દ્વારા 2032થી મહેમાનોને ચંદ્ર ઉપરની હોટેલમાં રોકાણ માટે લઈ જવામાં આવશે: ઈન્ફ્લેટેબલ લિવિંગ મોડયુલ્સ અને એક ઓટોમેટિક ટેક્નોલોજીના સંયોજનથી ચંદ્ર ઉપરની માટીનો ઉપયોગ કરીને ઈંટો જેવા સખત પદાર્થ તૈયાર કરવામાં આવશે. તેના દ્વારા હોટેલની બહારની દીવાલો અને માળખું તૈયાર કરવામાં આવશે**

# ચંદ્ર ઉપર માનવ વસાહત બાદ હવે હોટેલ શરૂ કરવાનું સ્વપ્ન

## કેલિફોર્નિયાની એક સ્પેસ કંપનીએ પાંચ વર્ષ બાદ હોટેલ શરૂ કરવાનો પ્લાન રજૂ કર્યો, તેણે એડવાન્સ બુકિંગ પણ શરૂ કરી દીધાના અહેવાલ

દુનિયાભરના લોકોને હોલિવૂડની સાઈફાઈ ફિલ્મોએ અવકાશમાં જવાની, અવકાશમાં રહેવાની અને એલિયન્સ તથા અન્ય ગ્રહના લોકો સાથે વસવાટ કરવાની જાતભાતની કલ્પનાઓ કરતા કરી દીધા છે. આ ફિલ્મોમાં લોકોને મોટી મોટી કોલોનીમાં પૃથ્વીથી દૂર આવેલા ગ્રહો, ચંદ્ર અને અન્ય સ્થળોએ વસતા બતાવ્યા છે. તેમાંય ખાનગી સ્પેસ કંપનીઓ દ્વારા સ્પેસ ટૂરિઝમ શરૂ કરાયા બાદ લોકોની કલ્પના અને ઈચ્છા શક્તિ પણ રોકેટગતિએ ઉડવા લાગ્યા છે. લોકો હવે ચંદ્ર ઉપર વસવાટ કરવાના અને ફરવા જવાના સપનાં જોવા લાગ્યા છે. લોકોના આ સપનાં ભવિષ્યમાં પૂરા થાય તેવું લાગી રહ્યું છે. અમેરિકાની એક કંપનીએ જાહેરાત કરી છે કે ટૂંક સમયમાં જ ચંદ્ર ઉપર બનનારી હોટેલમાં રોકાણ માટે લોકો બુકિંગ કરાવી શકશે.



અહેવાલો પ્રમાણે કેલિફોર્નિયાની જીઆરયુ સ્પેસ નામની એક સ્પેસ કંપની દ્વારા ચંદ્ર ઉપર હોટેલ બનાવવાની યોજના જાહેર કરવામાં આવી છે. તેણે જણાવ્યું કે, હોટેલ બનાવવાની શરૂઆત કરાવ્યા બાદ તે પ્રારંભિક તબક્કામાં ચાર લોકોને ત્યાં રોકાવા દેશે. મોટાભાગે આ લોકો ટેક્નોલોજી અને સ્પેસ સાયન્સના જાણકારો હશે જે આગામી વિકાસ માટે મદદ કરી શકે. તેમની મદદથી નવી ટેક્નોલોજી અને સુવિધાઓ વિકાસવવામાં આવશે જેથી હોટેલ મોટી કરી શકાય અને વધારે લોકો તેમાં રોકાઈ શકે. કહેવાય છે કે, કંપની દ્વારા તેના માટે એડવાન્સ બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જીઆરયુ સ્પેસ કંપનીએ દાવો કર્યો છે કે, તે ચંદ્ર ઉપર પહેલી સ્થાયી હોટેલ શરૂ કરવાની છે. જો આ યોજના સફળ રહી તો પહેલી વખત પૃથ્વીની બહાર કોઈ ગ્રહ ઉપર બનાવવામાં આવેલું માનવીય માળખું અને બાંધકામ હશે. જાણકારોના મતે કંપની દ્વારા ૨૦૩૨થી મહેમાનોને ચંદ્ર ઉપરની હોટેલમાં રોકાણ માટે લઈ જવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, જીઆરયુ સ્પેસ કેલિફોર્નિયા ખાતે આવેલી એક ખાનગી સ્પેસ સ્ટાર્ટઅપ કંપની છે. તેણે ચંદ્ર ઉપર હોટેલ શરૂ કરવાની યોજના રજૂ કરી છે. ખાસ વાત એ છે કે, ભવિષ્યમાં મહેમાનોને આવકારવા માટે તેણે અત્યારથી બુકિંગ પણ શરૂ કરી દીધું છે. આ હોટેલ હાલમાં પૃથ્વી ઉપર બનતા ઈન્ફ્લેટેબલ લિવિંગ મોડયુલ્સ અને એક ઓટોમેટિક ટેક્નોલોજીના સંયોજનથી ચંદ્ર ઉપરની માટીનો ઉપયોગ કરીને ઈંટો જેવા સખત પદાર્થ તૈયાર કરવામાં આવશે. તેના દ્વારા હોટેલની બહારની દીવાલો અને માળખું તૈયાર કરવામાં આવશે. તેનો સીધો અર્થ એ છે કે, પૃથ્વી ઉપરથી સિમેન્ટ, માટી, કપચી કે અન્ય બિલ્ડિંગ મટિરિયલ લઈ જવાની કે ભારે ભરખમ માળખા લઈ જવાની જરૂર નથી. સ્પેસ એન્જિનિયરિંગમાં હાલમાં આવી વસ્તુઓ જ સૌથી મોટો પડકાર છે અને તેની જ બાદબાકી કરવામાં આવી છે.

જાણકારોના મતે શરૂઆતમાં માત્ર એવા યાત્રીઓને જ હોટેલમાં રોકવા મળશે કે જવા મળશે જેમને ભૂતકાળમાં કામર્શિયલ સ્પેસફ્લાઈટનો અનુભવ હશે. ત્યારબાદ જેમ જેમ હોટેલ અને તેની સુવિધાઓ વિકસતી જશે તેમ તેમ આ બ્રહ્માંડમાં રજાઓ માણવા જવાની ઈચ્છા રાખનારા લોકોને મોકલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે જ ૨૨ વર્ષિય સ્કાયલર ચાન નામના એક યુવાન દ્વારા આ કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને કમ્પ્યૂટર સાયન્સનો અભ્યાસ કરનારા સ્કાયલરે ગેલેક્ટિક રિસોર્સ યુટિલાઈઝેશન એટલે કે જીઆરયુ સ્પેસ નામની કંપની શરૂ કરી હતી. તેણે અત્યારથી બુકિંગ લેવાના પણ શરૂ કરી દીધા છે. સ્કાયલરે જણાવ્યું કે, તેઓ આ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ ઘણી કંપનીઓને પસંદ આવ્યો હતો. તેના આ સ્ટાર્ટઅપમાં સ્પેસએક્સ અને ઓટોનોમસ ડિફેન્સ સિસ્ટમ વિકસાવનારી કંપની એન્ડુરિલ સાથે સંકળાયેલા રોકાણકારો દ્વારા પણ રોકાણ કરવામાં આવ્યું છે. સ્કાયલર માને છે કે, આગામી યુગ આંતરગ્રહીય જીવન અને વસવાટ તથા ટ્રાવેલિંગ તરફ આગળ વધી રહ્યો છે. ચંદ્ર અને મંગળ ઉપર માનવ વસવાટની શક્યતાઓ દેખાઈ રહી છે. તેને ધ્યાનમાં રાખીને જ સ્પેસ ટૂરિઝમ સેક્ટરમાં તેણે ઝંપલાવ્યું અને ચંદ્ર ઉપર એક સ્થાયી હોટેલ શરૂ કરીને સ્પેસ ઈકોનોમીનો નવો આયામ ખોલ્યો છે.

જાણકારો માને છે કે, આ કંપની દ્વારા જે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે તે ખરેખર ઐતિહાસિક છે. જો તે પ્રોજેક્ટ કામ કરી જશે તો દુનિયામાં અદ્વિતિય રીતે સ્પેસ ટ્રાવેલિંગ અને હોસ્પિટાલિટીનો એક નવો જ યુગ શરૂ થઈ જશે. જાણકારોના મતે ચંદ્ર ઉપર જવું, ત્યાં ફરવું કે રોકાવું તે માત્ર સ્વપ્ન સમાન જ છે. અવકાશમાં જવું અને રોકાવું તે તોતિંગ રકમનો ખર્ચ, મજબૂત સ્વાસ્થ્ય અને અન્ય બાબતો માગી લે છે. આ સંજોગોમાં સુપરરીચ લોકો જ આ ખર્ચ ભોગવી શકે તેમ છે. અવકાશમાં લટાર મારવા માટે કરોડો રૂપિયા ખર્ચ કરતા ધનાઢય લોકો માટે જ આ સ્પેસ ટૂરિઝમ વિકસાવાયું છે. તેમાંય જાણવા જેવી બાબત એ છે કે, અત્યાર સુધી ચંદ્ર ઉપર બધા દેશો પહોંચી શક્યા નથી. તેમાંય જે દેશો પહોંચ્યા તેમાંથી બધાના અવકાશયાત્રીઓએ ચંદ્ર ઉપર પગ પણ મુક્યો નથી. અત્યાર સુધીમાં ૧૨ લોકો જ ચંદ્રની ધરતી ઉપર પગ મુકીને આવ્યા છે. આ ઘટનાને પણ ઘણા વર્ષો પસાર થઈ ગયા છે. હાલમાં અમેરિકા, ચીન, ભારત દ્વારા ચંદ્ર ઉપર માણસો મોકલવાના અભિયાન ઉપર કામ કરવામાં આવી રહ્યું છે. આ દેશો દ્વારા પણ ક્યારે અવકાશયાત્રીઓ મોકલવામાં આવશે તે નક્કી નથી. આ સંમજોગોમાં કેલિફોર્નિયાની આ સ્પેસ ટેક કંપની દ્વારા લોકોમાં ભારે ઉત્સુકતા જન્માવામાં આવી છે.

જીઆરયુ સ્પેસ દ્વારા જે હોટેલ વિકસાવવાની વાત કરવામાં આવી છે અને હોટેલમાં જો રોકાણ કરવાની વ્યવસ્થા છે તે ખૂબ જ ખર્ચાળ પણ છે. જાણકારોના મતે લોકોએ પોતાના સપનાને પૂરું કરવા માટે મોટી રકમ ચુકવવી પડશે. જીઆરયુ સ્પેસ દ્વારા એડવાન્સ બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. તેમાં તેઓ હાલમાં એક પેસેન્જર પાસેથી અંદાજે ૧૦ લાખ ડોલર એટલે કે ૯.૨૫ કરોડ રૂપિયા ડિપોઝિટ પેટે લઈ રહ્યા છે. તે ઉપરાંત જે લોકો આ હોટેલમાં બુકિંગ કરાવે છે તેમણે એક ફોર્મ ભરવાનું હોય છે. આ ફોમ નોન રિફન્ડેબલ ફી સાથે ભરવાનું હોય છે. તેની ફીની રકમ પણ ૧૦૦૦ ડોલર એટલે કે અંદાજે ૯૨,૦૦૦ રૂપિયા રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ટ્રિપની ફાઈનલ રકમ હજી સુધી નક્કી કરવામાં આવી નથી. તેમ છતાં એવી માહિતી મળી રહી છે કે, અહીંયા એક રૂમમાં રહેવાની કિંમત ૧ કરોડ ડોલર એટલે કે અંદાજે ૯૨ કરોડ રૂપિયા હશે. બીજી ખાસ વાત એવી છે કે, મહેમાનાઓ આ યાત્રા ઉપર જતા પહેલાં પોતાની મેડિકલ, પર્સનલ, ફાઈનાન્સિયલ ફિટનેસ પણ સિદ્ધ કરવી પડશે. તેની સાથે સંકળાયેલા તમામ દસ્તાવેજો પણ જમા કરાવવા પડશે. કંપનીના સ્પેસ પ્રોજેક્ટ અંગે એવા અહેવાલો છે કે, જીઆરયુ સ્પેસ દ્વારા નાસાની મદદથી ૨૦૨૯થી ચંદ્ર ઉપર કન્સ્ટ્રક્શન સાથે સંકાળાયેલા પરીક્ષણ શરૂ કરવામાં આવશે. સૌથી પહેલાં એક નાનકડું ઈનફ્લેટેબલ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. ચંદ્ર ઉપર તે કેટલું ટકે છે અને ત્યાંના વાતાવરણ સાથે કેટલું સાયુજ્ય સાધે છે અને ત્યાં કેટલું ઉપયોગી સાબિત થાય છે તે જોવામાં આવશે. આ કામગીરીમાં જો કંપની સફળ થશે તો ત્યાંના મોટા મોટા ખાડાઓ એટલે કે લ્યૂનર પીટમાં હોટેલનું નિર્માણ શરૂ કરવામાં આવશે. જાણકારો માને છે કે, ચંદ્ર ઉપર સપાટ જમીન કરતા તેના વિશાળ ખાડાઓ અને ક્રેટર વધારે મજબૂત અને સખત જણાય છે. તેના કારણે આ જગ્યાઓમાં જ હોટેલ બનાવવા અંગે વિચાર ચાલી રહ્યો છે. બીજી તરફ ચંદ્રની જ માટીનો ઉપયોગ કરીને ઈંટો બનાવવાનું પરીક્ષણ પણ કરવામાં આવશે. ચંદ્રની માટીનો જ ઉપયોગ કરીને હોટેલની બહારની દીવાલો બનાવવામાં આવી હશે તો ત્યાંના રેડિયેશન અને તાપમાનમાં થતા આકસ્મિક ફેરફારથી માળખાને બચાવી શકાશે.

અહેવાલો પ્રમાણે આ હોટેલના નિર્માણ અને રોકાણનો અંતિમ તબક્કો ૨૦૨૩૨માં શરૂ કરવામાં આવશે. ચંદ્રની માટીમાંથી એક નાનું માળખું તૈયાર કરાયા બાદ તેને ઈનફ્લેટેબલ સ્ટ્રક્ચર સાથે જોડીને વિકસીત કરવામાં આવશે. આ રીતે જીઆરયુ સ્પેસ દ્વારા પોતાના હોટેલ મોડલનું પહેલું સ્થાયી સ્ટ્રક્ચર તૈયાર કરાશે. ત્યાં શરૂઆતમાં ચાર જ લોકોને રોકાવાની વ્યવસ્થા કરવામાં આવશે. કંપની દ્વારા આ હોટેલને એક બુટીક હોટેલ તરીકે વિકસાવવાની વિચારણા કરવામાં આવી છે. અહીંયા મહેમાનોને સાવા જુદી જ દુનિયાનો અનુભવ થશે. લોકો ચંદ્ર ઉપર રહીને ચંદ્રને જોઈ શકશે અને પૃથ્વી તથા અવકાશનો આનંદ માણી શકશે. ચંદ્રની માટીમાંથી જ તૈયાર કરાયેલી ઈંટોનું માળખું અને ઈન્ફ્લેટેબલ સ્ટ્રક્ચર દ્વારા લોકોને કેમ્પિંગનો આનંદ આપી શકાશે. જાણકારો માને છે કે, એક વખત આ પ્રયોગ સફળ સાબિત થયો ત્યારબાદ ચંદ્ર ઉપર રજાઓ માણવા જવા લોકોની લાઈનો લાગશે. દુનિયાભરના ધનિકો આ હોટેલ માટે બુકિંગ કરાવતા જોવા મળશે. બધું જ આયોજન પ્રમાણ ચાલશે તો, આગામી દોઢ દાયકામાં આ હોટેલ માનવ ઈતિહાસનું એક નવું જ ચેપ્ટર સાબિત થશે.

# કોણ પુણ્ય કરી નાર હું અવતરી! એ રચનામાં નરસિંહ બ્રહ્મની વ્યાપકતાનું દર્શન કરાવે છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઉતારો આરતી શ્રી ક્રિષ્ન ઘરે આવ્યા! માતા યશોદા કુંવર કાન ઘરે આવ્યાં.. આવાં ભક્તિ સભર ભજનો ગાતાં ગાતાં પરમ પુરુષોત્તમ માસની અગિયારસ ગઈ! ભલી ભોળી બહેનો ભક્તિમાં તલ્લીન થઈ ગઈ છે, અને આમપણ સાધક, સાધના, યોગ યોગી કે પછી જ્ઞાન, વૈરાગ્ય, જેવાં શબ્દો આપણાં ભોગીઓ માટે કેવળ એક શબ્દનાં અર્થની જાણકારી બની રહે છે! આજનાં આ યુગમાં એટલુ બધુ ઈશ્વર ઈચ્છતો પણ નથી! કાંતો ઈશ્વરને એવી ઉમ્મીદ હશે કે છેવટે આખી જીવનયાત્રામાં કંઈક તો સારું કરશે! એટલે મનુષ્ય જન્મ મળ્યો, અથવા તો આપણાં પૂર્વજો નાં કંઈક પુણ્ય હશે, એટલે મનુષ્ય જન્મ મળ્યો. આ પુણ્ય શબ્દ આવે એટલે સામે ત્રાજવું દેખાય, જેમાં એક બાજુ પુણ્ય અને એક બાજુ પાપ! શુદ્ધ હૃદયે નથી એટલું ભજન થતું કે નથી સ્વાર્થ ને છોડી પરમાર્થ થતો! એટલે પાપ પુણ્યનાં લેખાંજોખાં થાય તો પુણ્યને નામે ખાસ કંઈ થતું નથી, એટલે સ્વાભાવિક પાપનું પલ્લું ભારે રહે. પણ છતાં થોડી ભાવ જાગૃતિ અને થોડી ભાવ શુદ્ધિથી પુણ્ય ન થાય તો કંઈ નહીં પાપ થતાં અટકી જશે! ભારતીય અધ્યાત્મમાં ભગવાન સુધી પહોંચવાં માટે ઘણાં માર્ગ છે! પરંતુ આપણી જેવાં સંસારીઓ માટે ભક્તિ એક એવું માધ્યમ છે, જેમાં ભક્ત દાસ થઈને પણ સ્વામી જેવું સુખ ભોગવે છે, અને નરસૈંયાના સ્વામી એ કાયમ એની આશા પૂરી છે. શૃંગારમાં જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિની પરાકાષ્ઠા સુધીની યાત્રા કરનાર અને કરાવનાર નરસિંહ તો એક અવતાર પુરુષ હતાં, પરંતુ આપણી માટે એમની રચનાઓ આજે પણ પ્રેરણા આપતી રહે છે, તો આવા કંઈક ભાવનાં સંદર્ભ વાળી રચનાનું ચિંતન કરીએ.

* નરસિંહ મહેતા*

**કોણ પુણ્યે કરી નાર હું અવતરી,
શ્રીહરિ દીન થઈ માન માગે;
અમર અવગતિ કહે, અકલ કો નવ લહે,
તે કમલાવર કંઠ લાગે.(૧)

નરસિંહ પોતાની જાતને નારીને સ્થાને રાખી ધન્યતાં આપતાં કહે છે કે, ક્યા પુણ્ય કર્યા એ અક્કલ સ્વીકારી શકતી નથી, કમલાપતિ દીન થઈ મારું સાનિધ્ય ઝંખે છે, અને ગળે લગાવે છે, એટલે આલિંગન આપે છે.

**યજ્ઞ યાગે યજી યોગ ધ્યાને ધરી,
બહુ વ્રત આદરી દેહ કષ્ટે;
તોય તે શ્રીહરી, સ્વપ્ને ન પેખીએ,
તે હરી નિરખીએ પ્રેમ દ્દષ્ટે.(૨)

પરમ તત્વની પ્રતિતિ કે આત્મ સાક્ષાત્કાર માટે સાધક મોટા યજ્ઞ કરે, યોગી થઈ ધ્યાન ધરે, કે પછી દેહને કષ્ટ આપતાં વ્રતો કરે તોય શ્રીહરિ જેને સ્વપ્નમાં પણ દેખાય નહીં! એ હરિ અને હું અરસપરસ પ્રેમ દ્રષ્ટિથી નીરખીએ છીએ.

**શેષ સુખાસન શેજ સદા સહી,
ભુવન જસં વૈકુંઠ કાહાવે;
તે પેં અધિક જે મંદિર માહરૂં,
પ્રેમે પીતાંબર પલંગ આવે. (૩)

જેને શેષનાગની શૈયા નું સુખ કે પછી વૈકુંઠ જેવું ભવન સિવાય ક્યાંય ગોઠતું નથી! એ હરિ મારાં મંદિરને એનાથી પણ વધુ મહત્વનું ગણી મારું સાનિધ્ય પામવા મારા પલંગ સુધી આવે છે.

**ભગતવત્સલતણું બિરદ પોતે વહે,
વેદ પુરાણ એમ શાસ્ત્ર વાણી;
નરસિંહાચો સ્વામી ભલેરે મળિયો,
કીધી કૃપા મુને દીન જાણી.(૪)

વેદ પુરાણ અને શાસ્ત્રની વાણી સાચી ઠેરવવાં માટે, ભગવાન તો ભક્તવત્સલ છે, એવા બિરુદ ને પાળી બતાવ્યું. ભગવાને ભક્ત પર દિન જાણી કૃપા કરી, અને નરસૈંયાનો સ્વામી મુજને આવી મળીયો.

સ્થૂળ અર્થ જોઈએ તો એક સામાન્ય ભક્તિ કરતી નારી ની વાત કરે છે, પણ પોતાની જાતને અહીં મુકી છે, એટલે ગોકુળ વૃંદાવનની સૌથી શ્રેષ્ઠ ગોપી એટલે કે રાધિકાના મનોભાવ હૃદયમાં ધરાવી ધન્યતા અનુભવે છે, પણ આધ્યાત્મિક અર્થમાં તો ભક્તિ ને જ નારી કહી છે, અને કહે છે કે કેટલાં પુણ્ય કરીને હું જન્મી છું કે મને મળવાં સ્વયં શ્રીહરિ દીન હોય એમ વિનવે છે! મારી તો અક્કલ જ બહેર મારી ગઈ છે. પણ અહીં ભગવાન માટે કમલાવર એવું ઉપનામ શું કામ મુક્યું? શ્રીકૃષ્ણ વિષ્ણુ અવતાર છે! એ તો બરોબર પણ, કમલાવર એટલે લક્ષ્મીપતિ પણ કહી શક્યાં હોત! કમળ ને અસંગ નું પ્રતિક માનવામાં આવે છે. એટલે ભગવાન તો કમળ જેમ આ બધાંથી અસંગ છે છતાં, ભક્તિનો ભાવ ભીંજવી ગયો, મારી પ્રેમ લક્ષણા ભક્તિથી પ્રસન્ન થઈ મને ગળે વળગાડે છે. શ્રીહરિ શબ્દ પ્રયોગ કરીને કહે છે કે, ભક્તોનાં દુ:ખ હરી લેનારા છે, પછી યજ્ઞ કરનારાં,યોગીઓ, કે વ્રતી માટે દેહને કસવા ની શી જરૂર છે, અને દેહ કષ્ટી કરવાં છતાં જેને ઝાંખી પણ નથી થતી, અને અહીં તો હું સાક્ષાતને પ્રેમે નીરખુ છું. શેષની શૈયા નો ઉલ્લેખ કરીને મૂળમાં તો નરસિંહ કહેવાં માંગે છે, કે મને જે આત્મ સાક્ષાત્કાર થયો છે, એ સ્વયં વિષ્ણુ જ છે. કેમકે જે શેષની શૈયા વગર સૂતા નથી, અને વૈકુંઠ સિવાય રહેતાં નથી! એ મારા દેહ દેવળને એનાથી પણ વધુ પવિત્ર ગણી ત્યાં નિવાસ કરે છે. પલંગે આવે એમ કહીને બહું મોટી વાત કરી કે કામ અકામની મારી પ્રત્યેક ક્રીડામાં એની હાજરી છે, માટે કામ કે કામના પણ સતાવતી નથી.આ ઉપરાંત પલંગને વિશ્રામનું પ્રતિક માનવામાં આવે છે, તો એ રીતે મને પરમ વિશ્રામ પ્રાપ્ત થયો. છેલ્લી પંક્તિમાં કહે છે કે, રાધાને મળવા જે શ્રીકૃષ્ણ આવે છે, એ જ વેદ પુરાણ અને શાસ્ત્રની વાણી જેને ગાય છે, એ બ્રહ્મનું વ્યાપક સ્વરૂપ છે! અને એ ભક્ત વત્સલનું બિરુદ ધરાવતું બીજું કોઈ નથી નરસિંહનો સ્વામી છે, અને એણે મને દીન જાણી કૃપા કરી મને દર્શન આપ્યાં.

આ રચનાનો મુખ્ય બોધ તો એ છે કે, સાકાર થી નિરાકાર, અને નિરાકાર થી બ્રહ્મની વ્યાપકતા નું દર્શન જ, આપણને મનુષ્ય માંથી માનવી બનાવી શકે છે! એટલે કે જડ ચેતન એક એકમાં ઈશ્વરનું દર્શન કરાવે, અને શક્ય છે નરસિંહને આવું દર્શન થયું હશે! જેમ જશોદા ને કાનુડાનાં મુખમાં ચૌદ બ્રહ્માંડનાં દર્શન થયાં. નરસિંહને મહારાસ ની લીલાનું દર્શન તો થયું જ હતું! અને એમાં મશાલ વાળો હાથ સળગ્યાનું પ્રમાણ પણ છે. પણ એ સમયમાં જ્યાં જવાં પર પ્રતિબંધ હતો, એવાં અછૂત વાસમાં ભજન કીર્તન કરવાં જવું એ શું બતાવે છે! એ બ્રહ્મની વ્યાપકતાનું દર્શન થયું હોય તો જ શક્ય બને. સંસારીઓ માટે બીજી રીતે ઈશ્વર સાક્ષાત્કાર કરવો એ બહુ અઘરું છે! એટલે ભક્તિ એક એવું માધ્યમ છે કે, જેમાં આપણી દૈનિક ક્રિયાઓનાં સાક્ષી સ્વયં ઈશ્વરને બનાવી જીવવાનું હોય છે! અને આ રીતે જ ધીરેધીરે ભાવ શુદ્ધિ થશે અને આ રીતે જ સામેવાળા માં આપણી અંદર જે ઈશ્વર અંશ છે એ જ છે! એવું પ્રતિત કરાવી શકે.

# ૨૭ મે થી ૨ જૂન ૨૦૨૬: 'નૌતપા'ના હવે સાત દિવસ, સાવચેતી જ સલામતી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

દર વર્ષે જેઠ મહિનામાં આવતો રોહિણી નક્ષત્રનો સમયગાળો લોકબોલીમાં 'નૌતપા' તરીકે ઓળખાય છે.ખગોળીય દૃષ્ટિએ જ્યારે સૂર્ય રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે છે ત્યારે આ ૯ દિવસો શરૂ થાય છે. આ વર્ષે ૨૫મી મે થી બીજી જૂન ૨૦૨૬ સુધી નૌતપા રહેશે. પરંપરાગત માન્યતા છે કે આ ૯ દિવસોમાં સૂર્ય કિરણો સીધા પૃથ્વી પર પડે છે, જેથી ગરમી પોતાના ચરમ પર હોય છે.

વૈજ્ઞાનિક રીતે જોઈએ તો મેના અંત અને જૂનની શરૂઆતમાં ભારતમાં સૂર્ય લગભગ માથે આવી જાય છે. ચોમાસું બેસતા પહેલાનો આ સમય સૌથી વધુ તપે છે. આ દરમિયાન લૂ, હીટ વેવ અને ડિહાઈડ્રેશનના કેસ ખૂબ વધી જાય છે. નાની ભૂલ પણ હીટ સ્ટ્રોકનું કારણ બની શકે છે, જે ક્યારેક જીવલેણ સાબિત થાય છે.નૌતપા દરમિયાન શરીર પર શું અસર થાય*ડિહાઈડ્રેશન: વધુ પડતો પરસેવો થવાથી શરીરમાં પાણી અને ક્ષારની ઊણપ સર્જાય. હીટ એક્ઝોશન નબળાઈ, ચક્કર, માથું દુખવું, ઉલટી જેવું લાગવું.

હીટ સ્ટ્રોક: શરીરનું તાપમાન 104F થી ઉપર જવું, ચામડી સુકાઈ જવી, બેભાન થવું. આ મેડિકલ ઈમરજન્સી છે.પિત્ત પ્રકોપ: આયુર્વેદ પ્રમાણે આ સમય પિત્ત વધારનારો છે,જેથી એસિ ડિટી, ચામડીના રોગો વધે.

હવે આ સાત દિવસમાં શું ટાળવું જોઈએ?

ખાણી-પીણીમાં બેદરકારી નહીં: તીખું, તળેલું, અતિ મસાલેદાર અને વાસી ભોજન પચવામાં ભારે હોય છે અને શરીરમાં ગરમી વધારે છે. માસાહાર, દારૂ, તમાકુ શરીરને ડિહાઈડ્રેટ કરે છે. ચા-કોફી અને કોલ્ડ્રિંક્સમાં કેફીન વધુ પડતું પેશાબ દ્વારા પાણી બહાર કાઢે છે, જેથી પરોક્ષ રીતે ડિહાઈડ્રેશન થાય. બજારના ખુલ્લા, વાસી કાપેલા ફળો અને શેરડીનો રસ ચેપ લાગવાનો ખતરો વધારે છે.બપોરના સમયે બહાર નીકળવું: બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન સૂર્ય ના કિરણો સૌથી પ્રખર હોય છે. આ સમયે યુવી ઈન્ડેક્સ અને તાપમાન બંને ઊંચા હોય છે. અગત્યના કામ વગર આ સમયે બહાર નીકળવું જોખમી છે. જો નીકળવું પડે તો આખું શરીર ઢંકાય તેવા સુતરાઉ,આછા રંગના કપડાં પહેરો. માથું ઢાંકવા કેપ, રૂમાલ કે છત્રીનો ઉપયોગ કરો. આંખો માટે સનગ્લાસ અને ખુલ્લા ભાગ પર સનસ્ક્રીન લગાવો.

તાપમાનનો અચાનક બદલાવ: એસીના ૧૮-૨૦C માંથી સીધા ૪૫C ના તડકામાં જવું, અથવા તડકામાંથીઆવીને તરત જ ફ્રિજનું ઠંડુ પાણી પીવું, શરીર માટે મોટો આંચકો છે. શરીરનું તાપમાન નિયંત્રિત કરતી વ્યવસ્થા ખોરવાય જાય છે. આનાથી શરદી, કફ, ગળાનો દુખાવો અને ગંભીર કેસમાં હીટ સ્ટ્રોક થઈ શકે છે. એસીમાંથી નીકળતા પહેલા 5 મિનિટ એસી બંધ કરી સામાન્ય તાપમાનમાં બેસો. બહારથી આવીને તરત પરસેવો લૂછી, 10 મિનિટ પછી સાદું પાણી પીવો. શરીર પર વધુ શ્રમ: આ દિવસોમાં ભારે કસરત, દોડવું, મજૂરીકામ બપોરે ટાળો. રાત્રે મોડા સુધી જાગવું એટલે કે ઉજાગરા કરવાથી શરીરની ઊર્જા ખૂટી જાય છે અને ગરમી સામે લડવાની તાકાત ઘટે છે. પૂરતી ઊંઘ લેવી જરૂરી છે.

તો કરવું શું? નૌતપામાં સ્વસ્થ રહેવાના ઉપાય

હાઈડ્રેટેડ રહો: તરસ ન લાગે તો પણ દિવસમાં 3-4 લિટર પાણી પીવો. માટલાનું પાણી સૌથી ઉત્તમ છે કારણ કે તે શરીરનું તાપમાન જાળવે છે. સાથે મોળી છાશ, લીંબુ શરબત, વરિયાળીનું શરબત, નાળિયેર પાણી લઈ શકાય. ORSનું પેકેટ હંમેશા ઘરે રાખો. ઋતુ પ્રમાણે ખોરાક: તરબૂચ, ટેટી, કાકડી, ગલકા, તુરિયા, દૂધી, તાંદળજો જેવા પાણીથી ભરપૂરશાકભાજી અને ફળો ખાઓ. દહીં, ભાત,ફુદીનો,ધાણા શરીરને ઠંડક આપે છે.ડુંગળીનો ક્યુંબર લૂ સામે રક્ષણ આપે છે.

સમયનું ધ્યાન: સવારે અગિયાર વાગ્યા પહેલા અને સાંજે પાંચ પછી જ બહારના કામ પતાવો. ઘરને ઠંડુ રાખો: બારી-બારણા પર ભીના પડદા લગાવો. દિવસે પડદા બંધ રાખો જેથી સીધો તડકો ન આવે. રાત્રે હવા ઉઘાડી રાખો.ખાસ કાળજી નાના બાળકો, વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ અને બીમાર વ્યક્તિઓને ગરમીની અસર ઝડપથી થાય છે. તેમને બપોરે બહાર ન મોકલો અને પાણી પીવા માટે વારંવાર યાદ અપાવો.પ્રાથમિક સારવાર જાણો: જો કોઈને હીટ સ્ટ્રોકના લક્ષણ દેખાય - વધુ તાપમાન, પરસેવો બંધ થઈ જવો, બેભાન થવું - તો તરત જ તેને છાંયડામાં લઈ જાવ, કપડાં ઢીલા કરો, ભીના કપડાથી શરીર લૂછો અને તાત્કાલિક 108 પર ફોન કરી ડોક્ટરનો સંપર્ક કરો. જો દર્દી ભાનમાં હોય તો જ પાણી પાવું. આયુર્વેદિક ઉપાય: ગુલાબ જળની મીઠી લસ્સી, ધાણા-વરિયાળીનું રાત્રે પલાળેલું પાણી સવારે પીવું, ચંદનનો લેપ, કપૂર અને ફુદીનાના તેલની માલિશ ગરમીમાં રાહત આપે છે.

નૌતપા કાળ બનવા નથી આવતો, તે ઋતુચક્રનો એક ભાગ છે. આપણી થોડી સમજદારી અને સાવચેતી આ આજથી સાત દિવસને સહેલાઈથી પસાર કરવામાં મદદ કરશે. યાદ રાખો, ગરમીને હરાવવી હોય તો પહેલા શરીરને ઠંડુ અને મનને શાંત રાખો.

નોંધ: આ સામાન્ય જાગૃતિ માટે છે. ગરમીના કારણે કોઈ શારીરિક તકલીફ જણાય તો તરત ડોક્ટરની સલાહ લો.

# પ્રાકૃતિક ખેતી એ આજના સમયની તાતી જરૂરિયાત છે. જો જમીનનું સ્વાસ્થ્ય તંદુરસ્ત હશે તો, માનવ સ્વાસ્થ્ય પણ તંદુરસ્ત રહેશે

**ગાંધીનગર, તા.27**

જમીનની ફળદ્રુપતા વધારવા માટે કુદરતી ખાતર બનાવવું જરૂરી છે અને તેને બનાવવાનો ખર્ચ નહિવત છે, તો ચાલો જાણીએ કે ઘન જીવામૃત તરીકે ઓળખાતા આ ખાતરને આપણે કેવી રીતે બનાવી શકીએ. ઘન જીવામૃત કેવી રીતે બનાવવું અને પ્રાકૃતિક ખેતીમાં ઘન જીવામૃતનું શું મહત્વ છે ? રાજ્યમાં પ્રાકૃતિક ખેતી એટલે કે ગાય આધારિત ખેતી કરતા ખેડૂતોની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે ત્યારે આજે આપણે જાણીશું કે દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી ઘન જીવનમૃત કેવી રીતે બનાવવું.





₹ ઘન જીવામૃત બનાવવા માટે જરૂરી ઘટકો :-

(1) દેશી ગાયનું છાણ - 100 કિલો

(2) ગોળ - 1.5 કિલો

(3) કોઈપણ દાળનો લોટ અથવા ચણાનો લોટ - 2.5 કિલો

(4) દેશી ગાયનું ગૌમૂત્ર - 3 લિટર

સૌપ્રથમ ગૌમૂત્ર સાથે ગોળ સારી રીતે મિશ્રણ કરો. ત્યારબાદ તેને ગોબરમાં મિશ્રણ કરી તેમાં ઘઉંનો લોટ ભેળવી દો. બધી વસ્તુઓ બરાબર મિશ્રણ કરી ચાર-પાંચ દિવસ છાંયડામાં રાખો અને તેના પર પાણી છાંટો. હવે આ મિશ્રણને બારીક પીસી લો, જે ખેતરમાં ઉપયોગમાં લેવા માટે તૈયાર છે, જેને ઘન જીવામૃત કહેવામાં આવે છે.

₹ ઘનજીવામૃતનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ :-

ઘનજીવામૃત અને પ્રવાહી જીવામૃત બંનેનો ઉપયોગ સમાન છે. બંનેના ઉપયોગમાં બહુ તફાવત નથી. પ્રવાહી જીવામૃતનો ઉપયોગ 8 થી 15 દિવસમાં કરી નાખવો જોઈએ, નહીં તો તેમાં બેક્ટેરિયાની સંખ્યા ઘટી જાય છે અને તે નકામું થઈ જાય છે, પરંતુ ઘનજીવામૃતનો ઉપયોગ આખા વર્ષ દરમ્યાન ગમે ત્યારે કરી શકાય છે. જ્યારે ઘન જીવામૃત ભીનું હોય ત્યારે તેનો ઉપયોગ લાડુ બનાવીને વૃક્ષો અને છોડની વચ્ચે અલગ અલગ જગ્યાએ રાખીને કરી શકાય છે. જ્યારે તે સંપૂર્ણપણે સુકાઈ જાય છે, ત્યારે તેને બારીક બનાવીને ઝાડ અને છોડમાં પણ નાખી શકાય છે. આ ઉપરાંત પાકના બીજ વાવતા પહેલા, જ્યારે વરસાદના આગમનમાં 15 થી 20 દિવસનો વિલંબ હોય, ત્યારે તેનો સીધો ઉપયોગ જમીનમાં કરી શકાય છે. કોઈપણ પાકમાં 100 કિલો ઘન જીવામૃત પ્રતિ એકર નાખવું જોઈએ. વધુમાં તેને ગાયના છાણમાં ભેળવીને સીધું ખેતરમાં પણ નાખી શકો છો.

₹ પાકમાં ઘન જીવામૃતનો ઉપયોગ કરવાના ફાયદા :-

સામાન્ય રીતે, કોઈપણ પાકને પ્રાથમિક અને ગૌણ એમ કુલ 108 પોષક તત્વોની જરૂર હોય છે. જે દરેક પાકને જમીનમાંથી મળે છે. પરંતુ એક જ પાકનું વારંવાર વાવેતર કરવાથી જમીનમાં પોષક તત્વોની ઉણપ સર્જાય છે. આવી સ્થિતિમાં પાક માટે ઉપયોગી મુખ્ય પોષક તત્વો જેમ કે નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ વગેરે ખાતરો દ્વારા ઉપલબ્ધ કરાવવા જરૂરી છે. પાક માટેના મહત્વના પોષક તત્વો મેળવવા માટે જીવામૃત અને ઘનજીવનામૃતનો ઉપયોગ કરવો જોઈએ જેથી આપણે શ્રેષ્ઠ પરિણામો મેળવી શકીએ. ઘનજીવનામૃત પાકને જરૂરી તમામ પોષક તત્વો પૂરા પાડે છે, ઘનજીવામૃતના ઉપયોગથી અળસિયા જમીનની ઉપલી સપાટી પર પહોંચે છે અને પાકને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે. આ ઉપરાંત જમીનને ઢીલી અને નરમ બનાવે છે, જેના કારણે પાકના મૂળનો સારી રીતે વિકાસ થાય છે અને છોડનો વિકાસ થાય છે. જે રીતે અન્ય તમામ લાભો જે જીવામૃતથી પ્રાપ્ત થાય છે તે ઘનજીવનામૃતથી પણ પ્રાપ્ત થાય છે. આ રીતે ઘનજીવામૃત પ્રાકૃતિક ખેતીમાં મહત્વનો ભાગ ભજવે છે.

## 6,000 મેગાવોટ સંકલિત ગ્રીન એનર્જી કોરિડોર થકી ભારતની ગ્રીન એનર્જીની કરોડ રજ્જુને મજબૂત કરતી અદાણી એનર્જી સોલ્યુશન્સ

**અમદાવાદ, તા.27**

ભારતની સૌથી મોટી ખાનગી ઉર્જા સેવા કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL)એ સમગ્ર ઉત્તર ભારતમાં નવીનીકરણીય ઉર્જાના પ્રવાહને મજબૂત બનાવવા માટે રચાયેલ એક ગ્રીન ઈવેક્યુએશન કોરિડોર થકી તેના મુખ્ય હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ (HVDC) ટ્રાન્સમિશન પ્રકલ્પ માટે જાપાની બેંકોના બનેલા કોન્સોર્ટિયમ પાસેથી લાંબા ગાળાનું ધિરાણ હસ્તગત કર્યું છે.

રાજસ્થાનના સૌર-સમૃદ્ધ પ્રદેશોમાંથી નવીનીકરણીય ઉર્જાને બહાર કાઢી અને તેને ભારતના રાષ્ટ્રીય ગ્રીડમાં લઈ જઈ દેશની વધતી જતી સ્વચ્છ ઉર્જા માંગને ટેકો આપવામાં આ પ્રકલ્પ કેન્દ્રિય ભૂમિકા ભજવશે.

૬,000 મેગાવોટની ઈવેક્યુએશન ક્ષમતા સાથે ઉંચી-ક્ષમતા ધરાવતા ૮૦૦થી વધુ કિલોવોટની ક્ષમતાના હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ માળખા તરીકે સ્થપાયેલો ૯૫૦-કિલોમીટરનો ૨૦૨૯ સુધીમાં નિશ્ચિતપણે કાર્યાન્વિત થનાર પ્રસ્તાવિત કોરિડોર રાજસ્થાનના ભાડલાને ઉત્તર પ્રદેશના ફતેહપુર સાથે જોડશે. ભારતના કેટલાક સૌથી વધુ ઉર્જાથી સભર શહેરી અને ઔદ્યોગિક કેન્દ્રો માટે ગ્રીડ સ્થિરતાને મજબૂત કરતી વેળાએ મોટા પાયે નવીનીકરણીયના એકીકરણને આ લિંક એક સક્ષમ અને મહત્વની ગ્રીન ટ્રાન્સમિશન ધમની બની રહેશે તેવી ભરપૂર અપેક્ષા છે. અદાણી ગ્રુપના સંકલિત સ્વચ્છ ઉર્જા પ્લેટફોર્મનો એક ભાગ એવી આ અસ્ક્યામત રાજસ્થાન અદાણી ગ્રીન એનર્જી લિ. માટે એક મુખ્ય ઉત્પાદન કેન્દ્ર રહ્યું છે. કંપનીના પ્રકલ્પો પહેલાથી જ તેની પેટાકંપની અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિ. (AEML) ને સ્વચ્છ ઉર્જાનો પૂરવઠો પૂરો પાડે છે. નોંધપાત્ર ટકાઉ વીજ પ્રવેશ સાથે વિશ્વના સૌથી મોટા શહેરોમાં મુંબઈને સ્થાન આપતી AEML હાલ પુરવઠાના તેના મિશ્રણમાં ૪૦% થી વધુ નવીનીકરણીય ઉર્જાને એકીકૃત કરે છે. જાપાનના બેંકિંગ ભાગીદારો MUFG બેંક અને સુમિટોમો મિત્સુઈ બેંકિંગ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલું આ ધિરાણ ભારતના નવીનીકરણીય માળખાગત બાંધકામમાં આંતરરાષ્ટ્રીય વિશ્વાસને અકબંધ રાખતા આ પ્રકલ્પને ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ.(BHEL) ના સહયોગથી હિટાચીની આધુનિક HVDC ટેકનોલોજીનો મળેલા મજબૂત ટેકાનો ફાયદો ભારતના સ્થાનિક ઉત્પાદનની ઈકોસિસ્ટમ ઉઠાવે છે. મહત્વપૂર્ણ ટ્રાન્સમિશન ટેકનોલોજીમાં જાપાનનું પ્રભુત્વ અને મેક-ઈન-ઈન્ડિયાના તેના પુશ હેઠળ સ્થાનિક ઉત્પાદનને વધુ સુદ્રઢ બનાવવાના ભારતના પ્રયાસને સાથે મળીને આ ભાગીદારી પ્રતિબિંબિત કરે છે.

ભારત-જાપાન નાણાકીય અને ઔદ્યોગિક કોરિડોરને મજબૂત બનાવવાનો નિર્ધાર, એ જાપાની એજન્સી JCR દ્વારા તાજેતરના BBB+ (સ્થિર) ક્રેડિટ રેટિંગમાં પણ પ્રતિબિંબિત થાય છે, જે ભારતના સાર્વભૌમ રેટિંગ સાથે સંરેખિત અને દેશના નીતિ માળખા અને કંપનીની બેલેન્સ શીટ બંનેમાં સમાંતર વિશ્વાસનો સંકેત આપે છે. ભારતના ગ્રીન ટ્રાન્સમિશનની કરોડરજ્જુ બનાવવા માટે આ પ્રકલ્પને એક નિર્ણાયક કદમ ગણાવતા છે. કંપનીના મુખ્ય કારોબારી અધિકારી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે અગ્રણી બેંકો અને હિટાચી સહિતના અમારા જાપાની સહયોગીઓ તરફથી મળી રહેલા સતત અનુમોદનમાં ભારત-જાપાનની ગહન ભાગીદારી અને ટકાઉ ઊર્જાના ભવિષ્યને સક્ષમ બનાવવા માટેની અમારી સહિયારી પ્રતિબદ્ધતાનો પડઘો પડે છે. તેમણે ઉમેર્યું હતું.

### ખેડાજિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને સુદ્રઢ બનાવવા "નવીનીકરણ ઝુંબેશ" અંતર્ગત કયાકલ્પ

## ખેડા જિલ્લાના 1468 આંગણવાડીમાં સ્વચ્છતા અને સૌંદર્યીકરણ તથા 116 આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની ઝુંબેશની કામગીરી

**ખેડા, તા.27**

"રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં આંગણવાડી નવીનીકરણ ઝુંબેશે હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ રાજ્યમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ, સુંદર, સુરક્ષિત બનાવવા, રંગરોગાન, માળખાકીય સુવિધાઓનું સુદ્રઢીકરણ, નાનું-મોટું સમારકામ કરવાનું છે. જે માટે આંગણવાડી કેન્દ્રોને જર્જરિત થતા અટકાવવાનાં હેતુસર વાર્ષિક મરામત, જાળવણી, તથા રિનોવેશન માટે ગ્રાંટની રાજ્ય સ્તરેથી જિલ્લા સ્તરે જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત અન્ય સરકારી ગ્રાન્ટ, csr અને લોક ભાગીદારી થકી નવીનીકરણ હાથ ધરવામાં આવશે.

ખેડા જિલ્લા માં પ્રોગ્રામ ઓફિસરશ્રી મનિષાબેન બારોટના માર્ગદર્શન હેઠળ ખેડા જિલ્લા ના ૧૪૬૮ આંગણવાડીમાં સ્વચ્છતા અને સૌંદર્યીકરણ તથા ૧૧૬ આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની ઝુંબેશની કામગીરી આઈ.સી.ડી.એસ શાખા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. ૨૫ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે ૭ આંગણવાડી કેન્દ્રો ને CSR ફંડ માં સ્માર્ટ આંગણવાડી માં કન્વર્ટ કરવામાં આવ્યા છે અન્ય આંગણવાડી માં મોટા સમારકામમાં આંગણવાડીની માળખાકીય સુવિધામાં જરૂરિયાત મુજબ સ્લેબ રિપેરિંગ ભોય તળીયું, કલરકામ, ભીતચિત્રો વગેરે અને વાર્ષિક મરામતની ગ્રાંટમાંથી નાના સમારકામો, કલરકામ, ભીતચિત્રો, પાણી, શૌચાલય સુવિધા વગેરે નાના સમારકામો, બારીબારણા રીપેરિંગ, ભોયતળીયું વગેરેની કામગીરી ચાલી રહી છે.

### આરોગ્ય શાખા ખેડા જિલ્લા પંચાયત ખાતે

## પીએનડીટી એડવાઈઝરી કમિટીની મીટીંગ યોજાઈ

**ખેડા, તા.27**

જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી વી. એસ. ધ્રુવેની અધ્યક્ષતામાં આરોગ્ય શાખા ખેડા જિલ્લા પંચાયત ખાતે પીસી પીએનડીટી એક્ટ એડવાઈઝરી કમિટીની મીટીંગ યોજાઈ.

આ બેઠક અંતર્ગત પીએનડીટી એક્ટ હેઠળ રજીસ્ટર્ડ સંસ્થા અને ક્લિનિકના નવીન રજીસ્ટ્રેશન માટેની દરખાસ્તો, રીન્યુઅલ રજીસ્ટ્રેશન દરખાસ્ત, કંપની રજીસ્ટ્રેશન દરખાસ્ત અને સેક્સ રેસીયો સંતુલિત કરવા બાબતે ચર્ચા કરવામાં આવી.

આ પ્રસંગે આર.સી.એચ.ઓ શ્રી ડો.એ.એ.પઠાણ, નડિયાદ સિવિલ સર્જન ડો. કવિતા શાહ, સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. અશ્વિન ઘોરી, બાળ રોગ નિષ્ણાંત ડો. ચાંદની વાણિયા અને સામાજિક કાર્યકર શ્રી ભૌતિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદ જિલ્લાની પ્રેરણાદાયી સફળતા ગાથા:

# અભ્યાસ અધૂરો રહ્યો પરંતુ સપનાઓ નહીં

**અમદાવાદ, તા.27**

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના પિરાણા ગામની બે દીકરીઓએ જીવનના અનેક પડકારો વચ્ચે પણ શિક્ષણ પ્રત્યેનો અડગ વિશ્વાસ જાળવી રાખીને આજે સમાજ સામે એક નવી રાહ ચીંધી છે.

"બેટી બચાવો - બેટી પઢાવો" અભિયાન અંતર્ગત મળેલા સાચા માર્ગદર્શન, પરિવારના હકારાત્મક સહકાર અને સરકારી યોજનાના યોગ્ય અમલીકરણથી આ દીકરીઓએ પોતાનું અધૂરું રહેલું શિક્ષણ ફરી શરૂ કરીને ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી છે.



જ્યારે પરિસ્થિતિઓએ શિક્ષણ છોડવા મજબૂર કર્યા...

પિરાણા ગામની બે દીકરીઓ કુમારી સૈયદ અનમઝારા અને કુમારી સાહિનઝારા સૈયદે વર્ષ ૨૦૧૭માં ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરી હતી. પરંતુ ત્યારબાદ આર્થિક તંગી અને પારિવારિક પરિસ્થિતિઓ આડે આવી. સામાજિક મર્યાદાઓ અને જાગૃતિના અભાવે અભ્યાસ અધવચ્ચે જ છૂટી ગયો. સમય જતાં શિક્ષણ મેળવવાનું સપનું ધૂંધળું થવા લાગ્યું અને બંને દીકરીઓ ઘરગથ્થુ જવાબદારીઓમાં વ્યસ્ત થઈ ગઈ.

ટીમ બની આશાનું કિરણ

કહેવાય છે ને કે, જો સાચું માર્ગદર્શન અને યોગ્ય તક મળે તો ગમે તેવા મુશ્કેલ સપના પણ સાકાર થઈ શકે છે. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન યોજનાની ટીમ પિરાણા ગામની મુલાકાતે હતી, ત્યારે આ દીકરીઓ વિશે માહિતી મળી. ટીમના જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર જીતેશ સોલંકી અને સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સિયલ લીટ્રેસી હેમલબેન બારોટે તાત્કાલિક આ પરિવારનો સંપર્ક સાધ્યો.

પરિવર્તન માટેનું કાઉન્સેલિંગ

સમાજ માટે એક સકારાત્મક સંદેશ

આ સફળતા માત્ર બે દીકરીઓની શૈક્ષણિક સિદ્ધિ નથી, પરંતુ "બેટી બચાવો - બેટી પઢાવો" અભિયાનના મૂળ હેતુને સાચા અર્થમાં સાર્થક કરતી ઘટના છે.

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રના આ પ્રશંસનીય પ્રયાસે સમાજને એક મજબૂત સંદેશ આપ્યો છે કે,દીકરીઓને શિક્ષણથી વંચિત રાખવાને બદલે તેમને આગળ વધવા પ્રોત્સાહિત કરવી જોઈએ. સતત પ્રોત્સાહન અને યોગ્ય કાઉન્સેલિંગના કારણે દીકરીઓમાં વર્ષો પછી ફરીથી આત્મવિશ્વાસનો સંચાર થયો.

ઓપન સ્કૂલિંગથી સપનાઓને મળી નવી પાંખો

લાંબા સમયગાળા પછી ફરીથી પુસ્તકો હાથમાં લેવા સરળ નહોતા, છતાં દીકરીઓએ હિંમત ન હારી.

બંને દીકરીઓને ઓપન સ્કૂલ વ્યવસ્થા મારફતે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં દાખલ કરવામાં આવી. અભ્યાસ દરમિયાન સરકારી ટીમ દ્વારા નિયમિત માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવામાં આવી.

પરિવારના સંપૂર્ણ સહયોગ,દીકરીઓની રાત-દિવસની સખત મહેનત અને સરકારની યોજના રંગ લાવી

વર્ષોના શૈક્ષણિક ગેપ પછી પણ વર્ષ ૨૦૨૫ની ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં આ દીકરીઓએ શાનદાર પરિણામ મેળવ્યું:

સમાજ માટે એક સકારાત્મક સંદેશ

આ સફળતા માત્ર બે દીકરીઓની શૈક્ષણિક સિદ્ધિ નથી, પરંતુ "બેટી બચાવો - બેટી પઢાવો" અભિયાનના મૂળ હેતુને સાચા અર્થમાં સાર્થક કરતી ઘટના છે.

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રના આ પ્રશંસનીય પ્રયાસે સમાજને એક મજબૂત સંદેશ આપ્યો છે કે દીકરીઓને શિક્ષણથી વંચિત રાખવાને બદલે તેમને આગળ વધવા પ્રોત્સાહિત કરવી જોઈએ.

જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે, પણ 'શિક્ષણ મેળવવા માટે ક્યારેય મોડું થતું નથી' – આ વાત આ બંને દીકરીઓએ પોતાની મહેનત અને અડગ આત્મવિશ્વાસથી સાબિત કરી બતાવી છે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે અમદાવાદ મંડળના 5 કર્મચારીઓને સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય માટે સન્માનિત કર્યા

**અમદાવાદ, તા.27**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (પ્રભારી) પ્રદીપ કુમારે પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં અમદાવાદ મંડળના 5 કર્મચારીઓને રેલ સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય, સતર્કતા તથા સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ "મેન ઓફ દ મન્થ" (ડિસેમ્બર-2025) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. કર્મચારીઓની સમયસરની સતર્કતાને કારણે સંભવિત દુર્ઘટનાઓ ટળી અને રેલ સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત થઈ.



સન્માનિત કર્મચારીઓનું વર્ણન: અનિલ કુમાર, ફિટર-III (C&W), ભીલડી: 11 ડિસેમ્બર 2025ના રોજ ફરજ દરમિયાન રોલિંગ-ઈન પરીક્ષણ કરતી વખતે તેમણે એક કોચની એર સ્પ્રિંગ દબાયેલી હોવાનું જોયું. તપાસ દરમિયાન એર પ્રેશર ન હોવું તથા કોક બંધ હોવાનું જાણવા મળ્યું. તેમણે તાત્કાલિક ખામી દુર કરી, લીકેજની તપાસ કરી અને ગાડી સુરક્ષિત રીતે આગળ જઈ શકે તે માટે C&W સ્ટાફ દ્વારા એસ્કોર્ટની વ્યવસ્થા કરી તેમજ કંટ્રોલને જાણ કરી.

ગ્રૈશકુમાર ડી.,લોકો પાયલટ, અમદાવાદ: 8 ડિસેમ્બર 2025ના રોજ ટ્રેન સંખ્યા19223 ચલાવતા સમયે ખોડિયાર સ્ટેશન નજીક ટ્રેક પર ભારે લોખંડનો ક્લેમ્પ પડેલો હોવાનું તેમણે જોયું. તેમણે તરત જ ટ્રેન રોકી. સહાયક લોકો પાયલટ દ્વારા ક્લેમ્પ દૂર કરવામાં આવ્યો. તપાસ બાદ ટ્રેનને અત્યંત સાવચેતી સાથે આગળ ચલાવવામાં આવી. તેમની સતર્કતાના કારણે એક મોટી દુર્ઘટના ટળી.

સાજિદ અહમદ, પોઈન્ટ્સમેન, અમદાવાદ:12 ડિસેમ્બર 2025ના રોજ એક માલગાડી પસાર થતી વખતે તેમણે એક વેગનના બ્રેક શૂમાં આગ અને ચિંગારી જોવા મળી. તેમણે તરત જ લાલ સિગ્નલ બતાવીને ગાડી રોકાવી. સ્ટેશન સ્ટાફની મદદથી આગ બુઝાવવામાં આવી અને જરૂરી કાર્યવાહી બાદ ગાડી રવાના કરવામાં આવી. રવિકુમાર મીના, ગેટમેન, જસાલી: 17 ડિસેમ્બર 2025ના રોજ પસાર થતી ગાડીના એક વેગનમાં તેમને ચિંગારી જોઈ, અને તેમણે તાત્કાલિક જાણ કરી. તપાસ દરમિયાન હોટ એક્સલ હોવાનું જણાયું. સહાયક એન્જિન મંગાવી સુરક્ષિત રીતે ગાડી સ્ટેશન પર લાવવામાં આવી અને સિક વેગન અલગ કરવામાં આવ્યો. તેમની સતર્કતા પ્રશંસનીય રહી. દીપક યાદવ, સ્ટેશન માસ્ટર, ભદ્રેશ્વર રોડ: 18 ડિસેમ્બર 2025ના રોજ રન-થ્રૂ ગાડીનું નિરીક્ષણ કરતી વખતે તેમને એક વેગનમાંથી ચિંગારી અને દુર્ગંધ અનુભવાઈ. તેમણે તરત જ કંટ્રોલ તેમજ આગામી સ્ટેશનને જાણ કરી. તપાસ દરમિયાન બ્રેક બ્લોક જામ થયેલ હોવાનું જાણવા મળ્યું. વેગનને અલગ કરીને સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું. પશ્ચિમ રેલવેને તેમના કર્મચારીઓ પર ગર્વ છે, જે કર્તવ્યનિષ્ઠા અને સતર્કતાથી યાત્રીઓની સુરક્ષા તથા રેલ સંચાલનની વિશ્વસનીયતા જાળવી રાખે છે. આવા પ્રયાસો રેલવેમાં સંરક્ષા સંસ્કૃતિને વધુ મજબૂત બનાવે છે.

### અમદાવાદમાં બુલેટ ટ્રેન સંદર્ભે વાહન વ્યવહાર અવર-જવર પ્રતિબંધિત/

## ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**ગાંધીનગર, તા.27**

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા. લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત કાલુપુર બ્રીજ (શ્રી મનુભાઈ પરમાર ઓવરબ્રીજ) ઉપર બુલેટ ટ્રેનના કોરીડોર ઉપર સેગમેન્ટ ચડાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી માટે અત્રેથી અગાઉ તા.૨૨/૫/૨૦૨૬ થી તા.૨૫/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધીનો સમયગાળો આપવામાં આવેલ હતો. પરંતુ કંપની દ્વારા રેલીંગ લગાવવાની, સ્ટ્રેસીંગ કરવાની, વોટર પ્લેટ રીમુવીંગ અને લીફ્ટીંગ ફ્રેમ મુવીંગની કામગીરી કરવા માટે ટ્રાફિક ડાયવર્ઝન પ્લાનની મુદ્દતમાં વધારો કરી આપવા વિનંતી કરેલ છે. જેથી આ કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે. કાલુપુર બ્રીજ (શ્રી મનુભાઈ પરમાર ઓવરબ્રીજ) બંધ રહેવાની તારીખ અને સમયગાળો: તા.૨૭, ૨૮,૨૯/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધી તથા તા.૩૦,૩૧/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૪.૦૦ સુધી બંધ રહેશે. વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ: કાલુપુર સર્કલ બ્રિજના છેડેથી કાલુપુર બ્રિજ ઉપર આવેલા નાના સર્કલ સુધીનો આશરે ૫૦૦ મીટરનો રોડ તા.૨૭,૨૮,૨૯/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૬.૦૦ સુધી તથા તા.૩૦,૩૧/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૪.૦૦ દરમિયાન બંધ રહેશે. વૈકલ્પિક માર્ગ : નરોડા રોડ તથા સરસપુર તરફથી આવતા ટ્રાફિકને કાલુપુર સર્કલ તરફ જવા માટે સરસપુર સર્કલથી નૂતન મિલ રોડ થઈ વોરાના રોજા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી ડૉ.આંબેડકર ફ્લાય ઓવર (ચામુંડા બ્રિજ) થઈ અસારવા સિવિલ હોસ્પિટલ રોડથી રચના સ્કૂલ રોડ થઈ ગિરધરનગર ચાર રસ્તાથી બાબુ જગજીવનરામ બ્રિજ ઉપર થઈ ઈદગાહ રોડ થઈ કાલુપુર સર્કલ તરફ જઈ શકશે. રખિયાલ-ગોમતીપુર તરફથી કાલુપુર બ્રિજ પર આવતા ટ્રાફિકને કાલુપુર સર્કલ તરફ જવા માટે સરસપુર સર્કલથી ગુરુદ્વારા રોડ થઈ ચારતોડા કબ્રસ્તાન રોડ થઈ ડાબી બાજુ વળી રખિયાલ ચાર રસ્તાથી જમણી બાજુ વળી મુર્ગા સર્કલ ચાર રસ્તાથી એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન થઈ અનુપમ સિનેમા રોડ થઈ અનુપમ બ્રિજથી કાંકરિયા રોડ થઈ સારંગપુર સર્કલ થઈ કાલુપુર સર્કલ તરફ જઈ શકશે.

# અમદાવાદમાં "નો ડ્રોન ફ્લાય ઝોન" અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**વડોદરા, તા.27**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/પરમીટ/નો ડ્રોન ફ્લાય ઝોન/૫૭/૨૦૨૬ તા.૨૬/૦૫/૨૦૨૬, માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૨૭, ૨૮/૦૫/૨૦૨૬ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરોસ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફ્લાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઈ ફરમાવું છું. -:અપવાદ :- આપુ છું. પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ રહેશે. -:વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર. આ હુકમ તા. ૨૭/૦૫/૨૦૨૬ ના કલાક ૧૭/૦૦ થી તા.૨૮/૦૫/૨૦૨૬ ના કલાક ૨૩/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:- પાત્ર થશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. -: જાહેર વિજ્ઞાપન:- હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

# પાટીદારે ધોની અને રોહિતની બરાબરી કરી: બેંગલુરુને સતત બીજીવાર ફાઈનલમાં પહોંચાડ્યું, સૌથી ઝડપી 200 છગ્ગા મારનાર ભારતીય



**ધર્મશાલા, તા.27**

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ સતત બીજી સિઝનમાં IPL ફાઈનલમાં સ્થાન મેળવી લીધું. ધર્મશાલામાં રમાયેલી ક્વોલિફાયર-1માં ટીમે ગુજરાત ટાઈટન્સને 92 રનથી હરાવીને જીત નોંધાવી. મુકાબલામાં ઘણા મોટા રેકોર્ડ અને યાદગાર પળો જોવા મળી. કેપ્ટન રજત પાટીદારે આ જીત સાથે એમએસ ધોની અને રોહિત શર્માની બરાબરી કરી લીધી. તે સતત બે IPL ફાઈનલમાં ટીમને પહોંચાડનાર પાંચમા કેપ્ટન બન્યા. પાટીદારે બેટિંગમાં પણ કમાલ કર્યો અને સૌથી ઝડપી 200 સિક્સર ફટકારનાર ભારતીય બેટ્સમેન બની ગયા. તેમણે આ મામલે અભિષેક શર્માનો રેકોર્ડ તોડ્યો. પાટીદારની અણનમ 93 રનની ઈનિંગ્સને કારણે બેંગલુરુએ IPL પ્લેઓફ ઈતિહાસનો સૌથી મોટો સ્કોર પણ બનાવ્યો.

1. બેંગલુરુ સૌથી વધુ વખત IPL ફાઈનલમાં પહોંચનારી ત્રીજી ટીમ

બેંગલુરુએ IPL ફાઈનલમાં પાંચમી વખત સ્થાન મેળવ્યું. ટીમ 2009, 2011, 2016, 2025 અને 2026માં ફાઈનલમાં પહોંચી. તે સૌથી વધુ વખત IPL ફાઈનલ રમનારી ત્રીજી ટીમ છે. ચેન્નઈ રેકોર્ડ 10 ફાઈનલ સાથે નંબર એક પર છે. જ્યારે મુંબઈ 6 ફાઈનલ સાથે બીજા સ્થાને છે.

2. બેંગલુરુએ IPL પ્લેઓફમાં બીજી સૌથી મોટી જીત નોંધાવી

બેંગલુરુએ ગુજરાત સામે ધર્મશાલામાં 92 રનથી જીત નોંધાવી. આ IPL પ્લેઓફમાં રનના હિસાબે બીજી સૌથી મોટી જીત છે. રાજસ્થાન પહેલા નંબર પર છે, જેમણે 2008માં દિલ્હી સામે વાનખેડે સ્ટેડિયમમાં 105 રનથી જીત મેળવી હતી.

3. પાટીદાર સતત બે IPL ફાઈનલ રમનારા પાંચમા કેપ્ટન

રજત પાટીદારની કપ્તાનીમાં બેંગલુરુએ ફાઈનલમાં સ્થાન મેળવ્યું. કેપ્ટન તરીકે પાટીદાર સતત બે કે તેથી વધુ વખત IPL ફાઈનલમાં પહોંચનારા પાંચમા કેપ્ટન બન્યા.

ધોનીએ ચેન્નઈની કપ્તાની કરતા 2010, 2011, 2012, 2013માં સતત 4 વર્ષ સુધી ફાઈનલ રમ્યા હતા. ત્યારબાદ તેમણે 2018 અને 2019માં પણ સતત ચેન્નઈને ફાઈનલમાં પહોંચાડ્યું. જ્યારે રોહિત શર્માએ 2019 અને 2020માં મુંબઈને ફાઈનલમાં પહોંચાડ્યું હતું.

4. રજત સૌથી ઝડપી 200 ટી-20 છગ્ગા ફટકારનાર ભારતીય

પાટીદારે ટી-20 ક્રિકેટમાં માત્ર 105 ઈનિંગ્સમાં 200 છગ્ગા પૂરા કર્યા. તેઓ આ સિદ્ધિ સૌથી ઝડપથી હાંસલ કરનાર ભારતીય બેટ્સમેન બન્યા. તેમણે અભિષેક શર્માનો રેકોર્ડ તોડ્યો. અભિષેકે 125 ઈનિંગ્સમાં 200 સિક્સર ફટકારી હતી.

5. પાટીદારે વોર્નરની બરાબરી કરી

પાટીદારે કપ્તાન તરીકે અણનમ 93 રનની ઈનિંગ રમીને ડેવિડ વોર્નરના રેકોર્ડની બરાબરી કરી લીધી. પ્લેઓફમાં કપ્તાન તરીકે સૌથી મોટો સ્કોર બનાવવાની બાબતમાં હવે બંને સંયુક્ત રીતે ટોચ પર છે.

6. રજતે પ્લેઓફની એક ઈનિંગમાં બીજા સૌથી વધુ સિક્સર ફટકાર્યા

પાટીદારે ગુજરાત સામે 9 છગ્ગા ફટકારીને IPL પ્લેઓફ ઈતિહાસની બીજી સૌથી વધુ સિક્સર ફટકારનાર ઈનિંગ રમી. આ યાદીમાં શુભમન ગિલ 10 સિક્સર સાથે પ્રથમ સ્થાને છે.

# એશિયન ગેમ્સમાં ભારતના પ્રથમ ગોલ્ડ અપાવનાર રણધીર સિંહનું નિધન





**મુંબઈ, તા.27**

એશિયન ગેમ્સમાં ભારતને શૂટિંગનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનાર શૂટર રણધીર સિંહનું બુધવારે નિધન થયું. તેઓ 79 વર્ષના હતા અને લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓથી પીડાઈ રહ્યા હતા.

પૂર્વ નિશાનેબાજ રણધીરે તાજેતરમાં સ્વાસ્થ્ય કારણોસર ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા (OCA)ના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમની 2024માં 4 વર્ષના કાર્યકાળ માટે પસંદગી કરવામાં આવી હતી.

રણધીરે 1978 બેંગકોક એશિયન ગેમ્સના ટ્રેપ શૂટિંગ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેમણે 5 ઓલિમ્પિક ગેમ્સ અને એક કોમનવેલ્થ ગેમ્સમાં ભારત તરફથી ભાગ લીધો હતો. તેમને 1979માં અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રણધીર પોતાના પાછળ પત્ની વિનીતા અને 3 દીકરીઓ (મહિમા, સુનૈના અને રાજેશ્વરી) છોડી ગયા છે. તેમની દીકરી રાજેશ્વરી ઈન્ટરનેશનલ લેવલ પર ટ્રેપ શૂટિંગ કરે છે. રાજેશ્વરીએ 2022 એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. રણધીરના પરિવારમાંથી ઘણા સભ્યોએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેમના કાકા મહારાજા યાદવિન્દ્ર સિંહે ભારત માટે ટેસ્ટ ક્રિકેટ રમ્યા હતા. તેઓ IOCના સભ્ય હતા. રણધીરના પિતા ભલિન્દ્ર સિંહ પણ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર અને 1947 થી 1992 સુધી IOC સભ્ય હતા.

# ફ્રેન્ચ ઓપન-કાર અકસ્માત છતાં જીતી કોકો ગૉફ: સબાલેન્કાએ 16 મહિનામાં રેકોર્ડ 30 મેચ જીતી; મેદવેદેવ ઉલટફેરનો શિકાર

**પેરિસ, તા.27**

ફ્રેન્ચ ઓપનમાં ખિતાબ બચાવવા ઉતરેલી અમેરિકી ટેનિસ સ્ટાર કોકો ગૉફ મંગળવારે એક નાના કાર અકસ્માતનો શિકાર બની હતી. જોકે, તેને ઈજા થઈ ન હતી અને તે મેચ જીતીને બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ હતી. 22 વર્ષીય ગૉફે જણાવ્યું કે રોલાં ગારો પહોંચતી વખતે તેની કાર પોલ સાથે અથડાઈ અને ક્ષતિગ્રસ્ત થઈ ગઈ. તેને ટેક્સી દ્વારા સ્ટેડિયમ પહોંચવું પડ્યું. ગૉફે પોતાના જ દેશની ટેલર ટાઉનસેન્ડને 6-4, 6-0 થી હરાવી. ગૉફના મતે, દિવસ ઘણી ઘટનાઓથી ભરેલો રહ્યો, જેના કારણે તેનું ધ્યાન મેચના દબાણ પરથી હટી ગયું. કોકો ગૉફ ગયા વર્ષે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન રહી હતી. તેણે ફાઈનલમાં એરીના



સબાલેન્કાને હરાવીને ખિતાબ જીત્યો હતો. વર્લ્ડ નંબર-1 એરીના સબાલેન્કાએ પ્રથમ રાઉન્ડમાં સ્પેનની જેસિકા બુજાસ માનેઈરો (વર્લ્ડ નંબર-50)ને સીધા સેટમાં 6-4, 6-2થી હરાવી. પેરિસના કોર્ટ ફિલિપ ચેટરિયર પર રમાયેલી આ મેચ 75 મિનિટ સુધી ચાલી.

સબાલેન્કાએ ઓસ્ટ્રેલિયન ઓપન 2025 પછી વિમેન્સ સિંગલ્સમાં સૌથી વધુ 30 ગ્રાન્ડ સ્લેમ મેચ જીતી છે. તેનાથી વધુ મેચ જીતવાનો રેકોર્ડ ફક્ત મેન્સ સિંગલ્સ કેટેગરીમાં યાનિક સિનર (31) અને કાર્લોસ અલ્કારાઝ (31)ના નામે છે. જીત બાદ સબાલેન્કાએ કહ્યું- 'મેં મારી નેટ ગેમમાં સુધારો કર્યો છે. હવે આ રીતે રમવાનો આનંદ લઈ રહી છું.' વિમેન્સ સિંગલ્સની અન્ય એક મેચમાં જાપાનની નાઓમી ઓસાકાએ જર્મનીની લૌરા સીજમંડને સીધા સેટમાં 6-3, 7-6થી હરાવી. હવે તેનો મુકાબલો ક્રોએશિયાની ડોના વેકિક સાથે થશે, જેણે ફ્રાન્સની એલીસ ટુબેલોને 6-3, 6-2થી હરાવી છે. પુરુષ સિંગલ્સમાં ઓસ્ટ્રેલિયાના એડમ વોલ્ટને ડેનિલ મેદવેદેવને પાંચ સેટ સુધી ચાલેલા મુકાબલામાં 6-2, 1-6, 6-1, 1-6, 6-4 થી હરાવ્યો. વોલ્ટન વિશ્વ રેન્કિંગમાં 97મા સ્થાને છે અને તેને ટુર્નામેન્ટમાં વાઈલ્ડ કાર્ડ મળ્યો હતો.

# વિરાટ માટે અનુષ્કાની પ્રાર્થના રંગ લાવી!: RCBની જીત બાદ એક્ટ્રેસ ચીસો પાડીને કૂદી

**મુંબઈ, તા.27**

IPL 2026ના હાઈ-વોલ્ટેજ પ્રથમ ક્વોલિફાયરમાં ગુજરાત ટાઈટન્સને બરાબરની પછડાટ આપીને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ (RCB) સતત બીજા વર્ષે ફાઈનલમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. RCBની ઐતિહાસિક જીત પાછળ જ્યાં એકતરફ ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન હતું, તો બીજી તરફ સ્ટેડિયમમાં બેસીને ટીમ માટે મંત્રોચ્ચાર કરતી વિરાટ કોહલીની લેડી લક અનુષ્કા શર્માની અનોખી પ્રાર્થનાનો રંગ પણ જોવા મળ્યો હતો. મેચની કેટલીક ખાસ પળો દિલમાં વસી જાય એવી છે, મેચ બાદ અનુષ્કાની ભક્તિ અને RCBની શાનદાર જીત સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ રહી છે. પતિ વિરાટ અને RCBની જીત માટે અનુષ્કા શર્મા સ્ટેડિયમમાં સતત ભગવાનને પ્રાર્થના કરતી જોવા મળી હતી. મેચ દરમિયાન તે સતત મંત્રોચ્ચાર કરી રહી હતી અને તેની આ તસવીરો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહી છે. VIP સ્ટેન્ડ્સમાં બેઠેલી અનુષ્કાની આંગળી પર નેટિઝન્સનું ખાસ ધ્યાન ગયું હતું, જ્યાં તેણે ડિજિટલ 'રાધા નામ જાપ કાઉન્ટર રિંગ' પહેરી હતી. મેચની ઘણી ક્ષણોમાં અનુષ્કા હાથ જોડીને મંત્રો જાપ કરતી પણ કેમેરામાં કેદ થઈ હતી. ધર્મશાલાના HPCA સ્ટેડિયમમાં RCBની ભવ્ય જીત બાદ વિરાટ અને અનુષ્કાની



કેમિસ્ટ્રીએ ત્યાં હાજર તમામ ફેન્સના દિલ જીતી લીધા હતા. સ્ટેડિયમમાંથી કપલની ઘણી લવ-ડવ મૂવમેન્ટ્સ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. આ ઐતિહાસિક અને શાનદાર જીત બાદ વિરાટ કોહલીએ મેદાન પરથી સીધા સ્ટેન્ડ્સ તરફ દોડીને પત્ની અનુષ્કા શર્માને ગળે લગાવી હતી. સોશિયલ મીડિયા પર ફેન્સ આ વીડિયો જોઈને કમેન્ટ્સ કરી રહ્યા છે અને વિરુષ્કાને 'બેસ્ટ કપલ' ગણાવી રહ્યા છે. ફેન્સ કહી રહ્યા છે કે અનુષ્કાની શ્રદ્ધા અને પ્રાર્થના આખરે રંગ લાવી. જો મેચની વાત કરીએ તો પ્રથમ ક્વોલિફાયર મુકાબલામાં RCBએ ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને બેંગલુરુને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. RCBએ નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 254 રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. બેંગલુરુ તરફથી રજત પાટીદારે માત્ર 33 બોલમાં 9 સિક્સર અને 5 ફોરની મદદથી 93 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી.

જેના માટે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો. વિરાટ કોહલીએ પણ શાનદાર શરૂઆત અપાવતા 25 બોલમાં 43 રન ફટકાર્યા હતા.

# હાર્દિકથી ડિવોર્સ પછી Natasha Stankovic બેરોજગાર? ઈવેન્ટમાં ડાન્સ કરવા બદલ ટ્રોલ થઈ



## નતાશા સ્ટેનકોવિક એક કોલેજ ફંક્શનમાં ડાન્સ કરતી જોવા મળી હતી, અને આ પછી લોકોએ તેને ટ્રોલ કરવાનું શરૂ કર્યું

**મુંબઈ, તા.27**

ક્રિકેટર હાર્દિક પંડ્યાની ભૂતપૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. નવી મુંબઈની પિલ્લઈ યુનિવર્સિટીમાં મહેમાન તરીકે પહોંચેલી તેણીનો એક વિડીયો સામે આવ્યો છે. તેણીએ સ્ટેજ પર ડાન્સ કર્યો હતો. નતાશા કોલેજમાં એક યુગલગીત નૃત્ય સ્પર્ધામાં જજ હતી. અભિનેત્રીના ડાન્સ મૂવ્સથી પ્રેક્ષકોએ ખૂબ જ વખાણ કર્યા હતા. ચાહકોએ નતાશાની મોહક શૈલી અને ડાન્સ મૂવ્સની પ્રશંસા કરી હતી, જ્યારે અન્ય લોકોએ કોલેજમાં તેણીને ડાન્સ કરતી જોઈને અપ્રિય લાગ્યું હતું.

એક ફેન્સે લખ્યું કે, 'ડાન્સના આધારે કોઈનું મૂલ્યાંકન કરવું અન્યાયી છે.' બીજાએ લખ્યું કે, 'નતાશાએ કાર્યક્રમમાં હાજરી આપવા માટે કોઈ ભરણપોષણ લીધું ન હતું. તેણીએ કોઈ રિયાલિટી શોમાં સહાનુભૂતિ નાટકનું મંચન કર્યું ન હતું. તેણીએ હાર્દિક સાથે છેતરપિંડી કરી ન હતી. તે ફક્ત તેનું કામ કરી રહી છે. છતાં, તેણીને ફક્ત એટલા માટે નિશાન બનાવવામાં આવી રહી છે કારણ કે તે એક મહિલા છે. નતાશાને સલામ.' યુઝરે ઉમેર્યું, 'બીજાઓ પર ટિપ્પણી કરવાને બદલે, તમારું પોતાનું જીવન સુધારો.'

એકે લખ્યું, 'નતાશા ઓછામાં ઓછી બિગ બોસ કે અન્ય કોઈ ટીવી શોમાં જઈને પીડિત કાર્ડ રમી નથી, હાર્દિક વિરુદ્ધ કોઈ ઈન્ટરવ્યૂ નથી આપ્યો. તે ફક્ત પોતાનું જીવન જીવી રહી છે, છતાં લોકોને સમસ્યા છે.' બીજાએ કહ્યું, 'જો કોઈ સ્ત્રી શાંતિથી જીવી રહી છે, એકલા બાળકનો ઉછેર કરી રહી છે, પોતાના દમ પર કમાઈ રહી છે, તો તેમાં કેવી રીતે સમસ્યા હોઈ શકે?' ફેન્સ કહે છે કે જ્યારે શ્રદ્ધા કપૂર, જાહ્નવી કપૂર, કૃતિ સેનન જેવી અન્ય નાયિકાઓ ઈવેન્ટ્સમાં જઈ શકે છે અને પર્ફોર્મ કરી શકે છે, તો નતાશા કેમ નહીં?

# કાર્તિક આર્યન 'બજરંગી ભાઈજાન' જેવો જાદુ રીક્રિએટ કરશે !

## કબીર ખાન ફરી ચાઈલ્ડ-કનેક્ટ જોનરમાં ફિલ્મ લાવ્યા, મુંબઈ બાદ હવે કાશ્મીરમાં શૂટિંગ શરૂ



**મુંબઈ, તા.27**

'બજરંગી ભાઈજાન' ફેમ ફિલ્મમેકર કબીર ખાન પોતાની નવી ફિલ્મમાં ફરી ફેમિલી-ઈમોશન અને ચાઈલ્ડ-કનેક્ટવાળા જોનરમાં પાછા ફરી રહ્યા છે. ફિલ્મમાં કાર્તિક આર્યન મુખ્ય ભૂમિકામાં છે અને વાર્તા એક બાળક અને એક મેચ્યોર પાત્રના સંબંધોની આસપાસ ફરે છે. સૂત્રો અનુસાર, ફિલ્મનો ટોન મોટાભાગે સલમાન ખાન સ્ટારર 'બજરંગી ભાઈજાન' જેવી ભાવનાત્મક અપીલવાળો રાખવામાં આવ્યો છે. મેકર્સ ભારે VFX કે મોટા સેટ્સને બદલે કન્ટેન્ટ-ડ્રિવન ફિલ્મ તરીકે તૈયાર કરી રહ્યા છે. ફિલ્મનું બજેટ પણ નિયંત્રિત રાખવામાં આવ્યું છે. ફિલ્મનું પહેલું મોટું શેડ્યૂલ મુંબઈના મડ આઈલેન્ડમાં પૂરું કરવામાં આવ્યું, જ્યાં લગભગ 15 દિવસ સુધી કાશ્મીર જેવો સેટ તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રોડક્શન ડિઝાઈન ટીમે ત્યાં કાશ્મીરી ગલીઓ, બજાર અને સ્થાનિક મકાનોનો સેટ લગાવ્યો. આ જ સેટ પર પથ્થરબાજી અને સુરક્ષા દળો સાથે સંકળાયેલા કેટલાક મહત્ત્વના સીક્વન્સ શૂટ કરવામાં આવ્યા. રાતના સીન્સ માટે મોટા કૃત્રિમ ચંદ્ર અને હાઈ-ઈન્ટેન્સિટી લાઈટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો, જેથી મૂનલાઈટ જેવી અસર મળી શકે.

# ગલ્લો તોડી પૈસા મોકલનાર બાળકોને રાજપાલ યાદવ મળ્યો

## કહ્યું, 'આ સ્નેહની કિંમત અમૂલ્ય'; જેલમાં ગયો ત્યારે બાળકોએ મદદનો હાથ લંબાવ્યો હતો

**મુંબઈ, તા.27**

બોલિવૂડના કોમેડી કિંગ રાજપાલ યાદવના કપરાં સમયમાં કેટલાક બાળકોએ પોતાના ગલ્લામાંથી રૂપિયા કાઢીને મોકલ્યા હતા. ત્યારે તાજેતરમાં એક્ટર આ બાળકો સાથે મુલાકાત કરવા યુપીના શાહજહાંપુર પહોંચ્યો હતો. આ દરમિયાન રાજપાલ યાદવ ભાવુક દેખાયો. બાળકો પણ ખૂબ ખુશ હતા. એક્ટરે બાળકો સાથે ફોટો પણ પડાવ્યા. તે બેન્ચ પર પણ બેઠો, જ્યાં બાળકો બેસીને અભ્યાસ કરે છે. બાળકોએ રાજપાલને ભેટ આપી, તો તેઓ કહેવા લાગ્યા કે, 'અમને ભેટ નથી જોઈતી. અમે તમારા માટે ભેટ લઈને આવીશું.' રાજપાલે પોતાના જેલમાં વિતાવેલા સમયને પણ યાદ કર્યો. કહ્યું- 'તે એવો સમય હતો, જ્યારે આ બાળકોનો 'ભાવ' જોવા મળ્યો હતો. આ સ્નેહની કિંમત અમૂલ્ય છે. જલ્દી જ



બાળકોના આ ભાવને પાછો આપીશું.' રાજપાલ યાદવ મંગળવારે બપોરે સાડા 3 વાગ્યે ગુરુકુલ સેવા ટ્રસ્ટ કોચિંગ પહોંચ્યો હતો. અહીં તે લગભગ અડધો કલાક રોકાયો. ટ્રસ્ટના સંચાલક કુમાર સાગરે તેનું સ્વાગત કર્યું. બાળકો પણ પોતાના મનપસંદ એક્ટરને જોઈને ખુશીથી ઝૂમી ઉઠ્યા.

# મમ્મીનું સપનું પૂરું કરવા મુંબઈ પહોંચી મુસ્કાન

## લોકોએ કહ્યું- અવળે રસ્તે ચડી ગઈ હશે, આજે 'ઈન્સ્પેક્ટર અવિનાશ'માં જોઈને ગર્વ અનુભવે છે

**મુંબઈ, તા.27**

એક્ટ્રેસ મુસ્કાન વર્માએ નાના શહેર રુડકીમાંથી નીકળીને મુંબઈમાં પોતાની ઓળખ બનાવી. સંગીત શીખતી મુસ્કાન અંદર અભિનયનું સ્વપ્ન તેમની માતાએ જગાડ્યું, જે પોતે એક્ટ્રેસ બનવા માંગતી હતી. શરૂઆતના દિવસોમાં તેને સંઘર્ષ, રિજેક્શન અને લોકોના મહેણાં-ટોણાં સહન કરવા પડ્યા, પરંતુ તેણે હાર ન માની. વેબ સિરીઝ 'ઈન્સ્પેક્ટર અવિનાશ'માં બિન્નીના પાત્રે તેને નવી ઓળખ આપી. વાતચીતમાં મુસ્કાને પોતાના સંઘર્ષ, કાસ્ટિંગ કાઉચ, પરિવારના સપોર્ટ, રણદીપ હુડ્ડા સાથે કામ કરવાનો અનુભવ અને ભાવુક ક્રિમિશન સીન સાથે જોડાયેલી યાદો શેર કરી. સાચું કહું તો આ સપનું મારી મમ્મીનું હતું. તેઓ પોતે એક્ટ્રેસ બનવા માંગતા હતા, પરંતુ તે સમયે છોકરીઓના જલ્દી લગ્ન થઈ જતા હતા. તેમનું સપનું અધૂરું રહી ગયું. ધીમે ધીમે તે જ સપનું મારામાં આવવા લાગ્યું. મમ્મી મને બાળપણથી બે રિબન, કાજલ અને લિપસ્ટિક લગાવીને હિરોઈનની જેમ તૈયાર કરતા હતા. લોકો કહેતા હતા કે જે રીતે આ બાળકને તૈયાર કરે છે, તે ચોક્કસ ફિલ્મોમાં જશે. હું કોવિડથી થોડા સમય પહેલા મુંબઈ આવી હતી અને જલ્દી જ મને એક ટીવીસી એડ મળી ગઈ. પછી લાગ્યું કે કદાચ હું સાચી દિશામાં જઈ રહી છું. કોવિડ દરમિયાન પપ્પાએ કહ્યું હતું કે હવે પાછા આવી જા, કારણ કે તે સમયે ઘણા લોકો મુંબઈ છોડી રહ્યા હતા. પરંતુ ત્યારે જ મને 'ઈન્સ્પેક્ટર અવિનાશ' મળી ગઈ. ઓડિશનમાં જતી રહી અને લોકોને મળતી રહી. પછી મિત્રો બન્યા. કોઈએ જણાવ્યું કે આ રીતે ઓડિશન આપવાનું હોય છે અને આ રીતે કાસ્ટિંગ ડિરેક્ટરને મળવાનું હોય છે. પછી હું મેડિટેશન અને બ્રહ્માકુમારી સાથે પણ જોડાઈ ગઈ. મને લાગે છે કે ભગવાન કૃષ્ણની કૃપાથી બધું થતું ગયું.



# એર ઈન્ડિયા ડોમેસ્ટિક ફ્લાઈટ્સ 22% સુધી ઘટાડશે

## ઈન્ડિગો પણ 7% સુધીની ફ્લાઈટ્સ ઘટાડશે, મોંઘા ઈંધણ અને ઓપરેશન ખર્ચ વધવાની અસર

**નવી દિલ્હી, તા.27**

ટાટા ગ્રુપની માલિકીની એરલાઈન એર ઈન્ડિયાએ તેની ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં 22% સુધીનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. આ ફેરફાર જૂનથી ઓગસ્ટ 2026 વચ્ચે અમલમાં રહેશે. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, ભારે નાણાકીય નુકસાન અને ઓપરેશનલ ખર્ચમાં વધારાનો સામનો કરી રહેલી કંપનીએ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ફ્યુઅલની વધતી કિંમતોને કારણે આ નિર્ણય લીધો છે. એર ઈન્ડિયા હાલમાં દર અઠવાડિયે લગભગ 4400 ફ્લાઈટ્સનું સંચાલન કરી રહી છે. આમાં લગભગ 3600 સ્થાનિક અને 800 આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. એર ઈન્ડિયાનું કહેવું છે કે તે બજારની માગ અને ઓપરેટિંગ પરિસ્થિતિઓ પર નજીકથી નજર રાખશે. જેવી પરિસ્થિતિઓ સામાન્ય અને સ્થિર થશે, ફ્લાઈટ્સની સંખ્યા ફરીથી શરૂ કરવા પર વિચાર કરવામાં આવશે. એર ઈન્ડિયાએ 14 દિવસ પહેલા જ 23





આંતરરાષ્ટ્રીય રૂટ્સ પર તેની ફ્લાઈટ્સની સંખ્યા લગભગ 27% ઘટાડી છે અને 6 આંતરરાષ્ટ્રીય રૂટ્સ પર ફ્લાઈટ્સ રદ કરી છે. જ્યારે, ધ ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસે દાવો કર્યો કે માર્કેટ લીડર ઈન્ડિગો તેની સ્થાનિક ફ્લાઈટ્સમાં 5% થી 7% નો ઘટાડો કરી શકે છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે શાળાની રજાઓ પછી હવાઈ મુસાફરીની માગમાં મોસમી ઘટાડો જોવા મળે છે. ફ્લાઈટ્સમાં કાપનું સૌથી મોટું કારણ 28 ફેબ્રુઆરીના રોજ ઈરાન પર થયેલા હુમલાઓ પછી મિડલ ઈસ્ટમાં શરૂ થયેલો સંઘર્ષ છે. તેનાથી જેટ ફ્યુઅલની કિંમતોમાં વધારો થયો છે. આ ઉપરાંત ઈરાની હવાઈ ક્ષેત્રનો ઉપયોગ ન કરવાને કારણે આંતરરાષ્ટ્રીય રૂટ લાંબા થઈ ગયા છે અને પાકિસ્તાની એરસ્પેસ પરના પ્રતિબંધોએ પણ ઓપરેશન કોસ્ટ વધારી દીધી છે. એર ઈન્ડિયાએ જણાવ્યું કે ફ્લાઈટ્સમાં કાપ મુખ્યત્વે ઊંચા ઈંધણના ભાવને કારણે કરવામાં આવ્યો છે. સતત વધતા ફ્યુઅલ પ્રાઈસથી એરલાઈનના ઓવરઓલ ઓપરેશન્સ પર ભારે દબાણ આવી રહ્યું છે. FIAના મતે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્ષેત્રમાં ફ્યુઅલની કિંમતોના ભારે તફાવતે એરલાઈન્સના નેટવર્કને નાણાકીય રીતે અસ્થિર બનાવી દીધું છે. પહેલાં એરલાઈન્સના કુલ ઓપરેશનલ ખર્ચમાં ફ્યુઅલનો હિસ્સો 40% હતો, જે વધીને 60% સુધી પહોંચી ગયો છે. એવિએશન એનાલિટિક્સ ફર્મ 'સિરિયમ'ના આંકડા મુજબ, માર્ચ અને એપ્રિલમાં ભારતની ચાર સૌથી મોટી એરલાઈન્સના ઓપરેશન્સમાં ગયા વર્ષની સરખામણીમાં 6%નો ઘટાડો જોવા મળ્યો છે.

આ સમયગાળા દરમિયાન ઈન્ડિગોએ 4.5% અને એર ઈન્ડિયાએ 7.5% ઓછી ફ્લાઈટ્સનું સંચાલન કર્યું. એર ઈન્ડિયાની બજેટ એરલાઈન 'એર ઈન્ડિયા એક્સપ્રેસ'માં સૌથી વધુ 17.1%નો ઘટાડો નોંધાયો. ઓપરેટિંગ કોસ્ટ વધવાથી એરલાઈન્સે તેનો બોજ મુસાફરો પર નાખ્યો છે, જેના કારણે હવાઈ ભાડા મોંઘા થઈ ગયા છે. ભાડા વધવાથી સ્થાનિક હવાઈ મુસાફરીની માંગમાં પણ ઘટાડો થયો છે. ભારતમાં હાલમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયા ગ્રુપનું પ્રભુત્વ છે અને ઘરેલું ક્ષમતામાં તેમનો માર્કેટ શેર લગભગ 90% છે. આ દરમિયાન આકાસા એર નાના કાફલા હોવા છતાં ઝડપથી વિસ્તરણ કરવાનો પ્રયાસ કરી રહી છે.

# હ્યુન્ડાઈની કારો ₹12,800 સુધી મોંઘી થશે : નવા ભાવ 1 જૂન 2026થી લાગુ થશે

**મુંબઈ, તા.27**

હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાની કાર 1 જૂન 2026થી મોંઘી થવા જઈ રહી છે. કંપનીએ પોતાની કારની કિંમતોમાં 12,800 રૂપિયા સુધીનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. નવી કિંમતો અલગ-અલગ મોડેલ અને વેરિઅન્ટના આધારે નક્કી કરવામાં આવશે. આ પહેલા કંપનીએ 8 એપ્રિલ 2026ના રોજ કિંમતો વધારવા અંગે એક પત્ર જાહેર કર્યો હતો, પરંતુ હવે વર્તમાન બજારની સ્થિતિને જોતા તેને 1 જૂનથી લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કંપનીએ આ પગલું બજારની વર્તમાન પરિસ્થિતિઓ અને ગ્રાહકોના હિતો વચ્ચે સંતુલિત તાલમેલ બનાવવાના ઉદ્દેશ્યથી ઉઠાવ્યું છે. હ્યુન્ડાઈએ પોતાની કારની કિંમતો વધારવા પાછળ મુખ્યત્વે ત્રણ મોટા કારણો જણાવ્યા છે. કંપનીના મતે, બિઝનેસ ઓપરેશનમાં આવી રહેલા ફેરફારોને કારણે આ નિર્ણય જરૂરી બની ગયો હતો. ઈનપુટ કોસ્ટમાં વધારો: ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલી ઈનપુટ કોસ્ટ (ખર્ચ)માં સતત વધારો થઈ રહ્યો છે.

કોમોડિટીની કિંમતોમાં ઉછાળો: કાર બનાવવા માટે ઉપયોગમાં લેવાતી આવશ્યક કોમોડિટી વસ્તુઓની કિંમતો ઘણી વધી ગઈ છે.



ઓપરેશનલ ખર્ચ: કંપની ચલાવવા અને કારના ઉત્પાદન સાથે સંકળાયેલા ઓપરેશનલ ખર્ચમાં વધારો થયો છે. આ તમામ કારણોસર કંપની પર નાણાકીય દબાણ વધ્યું છે. કંપનીએ જણાવ્યું કે તે સતત તેના ખર્ચને નિયંત્રિત અને સુધારવાનો પ્રયાસ કરે છે. હ્યુન્ડાઈનો ઉદ્દેશ્ય હંમેશા એ જ રહે છે કે વધતા ખર્ચની અસર તેના ગ્રાહકો પર ઓછામાં ઓછી પડે. તેમ છતાં, વર્તમાન પરિસ્થિતિઓમાં કંપની પાસે વધતા ખર્ચનો અમુક હિસ્સો બજારમાં ટ્રાન્સફર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો ન હતો. ઈનપુટ કોસ્ટ: કોઈપણ પ્રોડક્ટ (જેમ કે કાર) બનાવવા માટે ઉપયોગમાં લેવાતા કાચા માલ, લેબર અને અન્ય પ્રારંભિક વસ્તુઓ પર આવતા કુલ ખર્ચને ઈનપુટ કોસ્ટ કહેવાય છે. જ્યારે લોખંડ, સ્ટીલ કે પ્લાસ્ટિક મોંઘા થાય છે, ત્યારે ઈનપુટ કોસ્ટ વધી જાય છે.

# ટેક કંપનીઓમાં AIને લીધે છટણી પણ સાયબર નિષ્ણાતોને બખ્ખાં, વાર્ષિક ₹76 કરોડ સુધીનું પેકેજ

**નવી દિલ્હી, તા.27**

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ તાજેતરમાં 'ન્યૂયોર્ક ટાઈમ્સ'ના ટેકનોલોજી પોડકાસ્ટ 'હાર્ડ ફોર્ક'ના હોસ્ટ્સ સાથે વાતચીત કરી. આ દરમિયાન ગૂગલ સર્ચના ભવિષ્ય, AI એજન્ટ્સના ઉપયોગ અને કોલેજ ગ્રેજ્યુએટ્સને લઈને ચર્ચાઓ થઈ. સુંદર પિચાઈએ કહ્યું છે કે, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ખૂબ જ ઝડપથી દુનિયાને બદલી રહ્યું છે. આવી સ્થિતિમાં લોકોનું ચિંતિત થવું સ્વાભાવિક છે. ખરેખરમાં, લોકો આટલા મોટા ટેકનિકલ બદલાવને સમજવા અને તેને અનુરૂપ ઢળવા માટે હજુ તૈયાર નથી.' એક આંકડો સામે આવ્યો કે ફક્ત 16% લોકો જ AI ને મોટાભાગે સારું માને છે, જ્યારે 35% લોકો તેને ખરાબ માને છે. આના પર પિચાઈએ કહ્યું કે, 'ટેક કંપનીઓની આ જવાબદારી છે કે તેઓ AIના ફાયદા લોકો સુધી



પહોંચાડે અને બતાવે કે આ ટેકનોલોજી જીવનને કેવી રીતે બહેતર બનાવી શકે છે.'

AI થી નોકરીઓ ખતમ થવાની અને કામ બદલાવાની આશંકાઓ પર તેમણે કહ્યું કે, 'વાસ્તવિક સ્થિતિ એટલી ગંભીર નહીં હોય, જેટલો અંદાજ છે.' જોકે, તેમણે એમ પણ કહ્યું કે, 'દરેક પેઢીમાં ભવિષ્યને લઈને ચિંતાઓ હોય છે, પરંતુ આખરે એ જ પેઢી બહેતર દુનિયા બનાવે છે.' એન્ટ્રી-લેવલના યુવાનોના ભવિષ્ય વિશે વાત કરતા પિચાઈએ કહ્યું કે, 'AI લોકોની ક્ષમતાઓને વધારશે. જેમ સ્પ્રેડશીટ આવવાથી કામ કરવાની રીત બદલાઈ હતી, તેમ જ AI પણ ઘણા લોકો માટે નવી શરૂઆતનો માર્ગ ખોલશે.' તેમણે કહ્યું કે, 'આવનારા સમયમાં દુનિયામાં પહેલા કરતા પણ વધુ લોકો કોડિંગ કરી શકશે.' પિચાઈના મતે AI ડોક્ટરી જેવા વ્યવસાયોમાં પણ મોટો બદલાવ લાવી શકે છે. હાલમાં ડોક્ટરોનો ઘણો સમય કાગળની કાર્યવાહી અને તકનીકી પ્રક્રિયાઓમાં જતો રહે છે, AI થી આ સમયની બચત થશે, જેનાથી ડોક્ટરો બાકીનો સમય દર્દીઓ સાથે વિતાવી શકશે.

# સરકારી હિસ્સેદારી વેચાણના સમાચારથી કોલ ઈન્ડિયા 5% ઘટ્યો

## ₹5000 કરોડ એકત્ર કરવાની યોજના, રિટેલ રોકાણકારોને 29 મેના રોજ બોલી લગાવવાની તક

**મુંબઈ, તા.27**

કેન્દ્ર સરકાર ઓફર ફોર સેલ (OFS) દ્વારા કોલ ઈન્ડિયાનો 2% હિસ્સો વેચી રહી છે. આ વેચાણમાં 1% ઈક્વિટીનો બેઝ ઓફર અને ઓવરસબસ્ક્રિપ્શન થવા પર વધારાનો 1% ગ્રીન શૂ વિકલ્પ મળશે.

આ જાહેરાત પછી આજે 27 મેના રોજ તેના શેર 5% ઘટીને 428 રૂપિયા પર આવી ગયા. જોકે, હવે તેમાં થોડી રિકવરી આવી છે અને તે પાછો 446 પર પહોંચી ગયો છે. ગઈકાલે તે 458 પર બંધ થયો હતો.

સરકારે આ વેચાણ માટે ફ્લોર પ્રાઈસ 412 પ્રતિ શેર નક્કી કરી છે, જે તેની અગાઉની ક્લોઝિંગ પ્રાઈસથી લગભગ 11.2% ડિસ્કાઉન્ટ પર છે. સરકારનો લક્ષ્ય 5 હજાર કરોડ સુધી એકત્ર કરવાનો છે. 27 મેના રોજ ફક્ત





નોન-રીટેલ રોકાણકારો જ તેમાં બોલી લગાવી શકશે.

29 મેના રોજ રીટેલ રોકાણકારો અને નોન-રીટેલ રોકાણકારો બંને ભાગ લઈ શકશે.

સરકારે શરૂઆતમાં 6.16 કરોડ શેર રજૂ કર્યા છે.

ઓવરસબ્સ્ક્રિપ્શન થવા પર વધારાના 6.16 કરોડ શેર વેચશે.

ચોથા ક્વાર્ટરમાં 12% વધ્યો નફો, 5.25 પ્રતિ શેર ડિવિડન્ડ

માર્ચ ક્વાર્ટર (Q4)માં કોલ ઈન્ડિયાનું પ્રદર્શન સ્થિર રહ્યું છે. કંપનીનો કન્સોલિડેટેડ પ્રોફિટ આફ્ટર ટેક્સ (PAT) વાર્ષિક ધોરણે 12% વધીને 10,908 કરોડ રૂપિયા રહ્યો. ઓપરેશન્સમાંથી મળતી આવક પણ 6% વધીને 46,490 કરોડ રૂપિયા થઈ ગઈ છે. કંપનીના બોર્ડે FY26 માટે શેર દીઠ 5.25 ના અંતિમ ડિવિડન્ડની જાહેરાત કરી છે, જે આગામી AGM માં શેરધારકોની મંજૂરી બાદ ચૂકવવામાં આવશે. ત્રિમાસિક ગાળા દરમિયાન EBITDA 12% વધીને 17,917 કરોડ રૂપિયા રહ્યો અને EBITDA માર્જિન 36% થી સુધરીને 39% થયો. બ્રોકરેજ ફર્મ ઈલારા કેપિટલે આ શેર પર તેની 'એક્યુમ્યુલેટ' રેટિંગ જાળવી રાખી છે અને ટાર્ગેટ પ્રાઈસને 458 થી વધારીને શેર દીઠ 522 કરી દીધો છે. ઓફર ફોર સેલ: આ લિસ્ટેડ કંપનીઓના પ્રમોટરો માટે એક્સચેન્જ દ્વારા તેમની હિસ્સેદારી પારદર્શક રીતે વેચવાનો એક સરળ માર્ગ છે. તેમાં મુખ્યત્વે મોટા સંસ્થાકીય અને રિટેલ રોકાણકારો ભાગ લે છે અને તે સામાન્ય IPO ની સરખામણીમાં ઝડપથી પૂર્ણ થાય છે. ત્રિમાસિક ગાળા દરમિયાન EBITDA 12% વધીને 17,917 કરોડ રૂપિયા રહ્યો અને EBITDA માર્જિન 36% થી સુધરીને 39% થયો. બ્રોકરેજ ફર્મ ઈલારા કેપિટલે આ શેર પર તેની 'એક્યુમ્યુલેટ' રેટિંગ જાળવી રાખી છે અને ટાર્ગેટ પ્રાઈસને 458 થી વધારીને શેર દીઠ 522 કરી દીધો છે. ઓફર ફોર સેલ: આ લિસ્ટેડ કંપનીઓના પ્રમોટરો માટે એક્સચેન્જ દ્વારા તેમની હિસ્સેદારી પારદર્શક રીતે વેચવાનો એક સરળ માર્ગ છે. તેમાં મુખ્યત્વે મોટા સંસ્થાકીય અને રિટેલ રોકાણકારો ભાગ લે છે અને તે સામાન્ય IPO ની સરખામણીમાં ઝડપથી પૂર્ણ થાય છે.

# બેંક ઓક્શનમાં 2BHKની કિંમતમાં ખરીદો 3BHK ઘર: માર્કેટ રેટ કરતાં 25% સુધી સસ્તા મળી શકે છે

**નવી દિલ્હી, તા.27**

જો તમે ઓછા બજેટમાં ઘર ખરીદવા માંગો છો, તો બેંક ઓક્શન એક સારો વિકલ્પ છે. ઘણીવાર બેંકોની હરાજીમાં 3BHK ફ્લેટ તે જ કિંમતે મળી જાય છે, જેટલી કિંમતમાં તે વિસ્તારમાં 2BHK મળતો હોય છે. આ તક ત્યારે મળે છે જ્યારે કોઈ દેવાદાર તેના હોમ લોનની EMI ચૂકવી શકતો નથી અને બેંક તે પ્રોપર્ટી જપ્ત કરીને હરાજી દ્વારા વેચી દે છે.

જ્યારે કોઈ લોન ડિફોલ્ટ કરે છે ત્યારે બેંક 'સરફેસી એક્ટ' હેઠળ પ્રોપર્ટી કબજામાં લઈ લે છે. બેંકનો હેતુ નફો કમાવવાનો નથી, પરંતુ બાકી લોન વસૂલવાનો હોય છે. એટલા માટે બેંક આ ઘરોની 'રિઝર્વ પ્રાઈસ' બજાર ભાવથી 25% સુધી ઓછી રાખે છે જેથી ખરીદદારો ઝડપથી મળી શકે.

માર્કેટમાં 2BHKની ડિમાન્ડ સૌથી વધુ છે, તેથી તેની કિંમતો



ઝડપથી વધે છે. તેનાથી વિપરીત, 3BHKની કિંમત વધુ હોવાથી ખરીદદારો ઓછા હોય છે. હરાજી દરમિયાન ઓછી સ્પર્ધાનો લાભ ઉઠાવીને તમે મોટા ફ્લેટ્સને 2BHKના ભાવે ખરીદી શકો છો.

પ્રોપર્ટી સર્ચ: બેંકોની સત્તાવાર વેબસાઈટ્સ અથવા 'ઈ-ઓક્શન' પોર્ટલ પર જઈને તમારા શહેરની લિસ્ટેડ પ્રોપર્ટીઝ જુઓ.

વેલ્યુ ચેક: જે વિસ્તારમાં ઘર છે, ત્યાંના વર્તમાન બજાર ભાવ જાણો જેથી તમને સાચા ડિસ્કાઉન્ટનો અંદાજ આવી શકે.

રજીસ્ટ્રેશન: હરાજીમાં ભાગ લેવા માટે તમારે પોર્ટલ પર રજીસ્ટર કરવું પડશે અને 'અર્નેસ્ટ મની ડિપોઝિટ' (EMD) જમા કરાવવી પડશે.

બોલી લગાવવી: હરાજીના દિવસે તમારી નિર્ધારિત મર્યાદામાં બોલી લગાવો. સૌથી વધુ બોલી લગાવનાર વિજેતા જાહેર થાય છે.

બેંકો આ પ્રોપર્ટીઝને 'જેમ છે તેમ' (As-is-where-is) ધોરણે વેચે છે. એનો અર્થ એ છે કે ઘર જે સ્થિતિમાં છે, તમને તેવું જ મળશે. ખરીદતા પહેલા આ બાબતોનું ધ્યાન રાખો:

ફિઝિકલ વિઝિટ: પ્રોપર્ટી પર જાતે જઈને જુઓ કે ક્યાંય કોઈ તૂટફૂટ કે કબજો તો નથી ને.

બાકી લેણાં: સોસાયટીના ચાર્જિસ, વીજળી બિલ જેવા બાકી લેણાંની તપાસ કરી લો.

લીગલ ચેક: પ્રોપર્ટીના કાગળોની તપાસ કોઈ પ્રોફેશનલ વકીલ પાસે ચોક્કસ કરાવો.

હરાજી જીત્યા પછી 15 થી 30 દિવસની અંદર પૂરી રકમ ચૂકવવી પડશે. જો તમે લોન લેવા માંગો છો, તો પ્રી-એપ્રુવ્ડ લોનનો વિકલ્પ રાખો. વિલંબ થવા પર જમા રકમ જપ્ત કરી શકાય છે. 50 લાખથી વધુની પ્રોપર્ટી પર 1% TDS કાપીને સરકારને જમા કરાવવું પણ ફરજિયાત છે.

તમારી મહત્તમ બોલી અગાઉથી નક્કી કરો અને ભાવુક થઈને તેનાથી વધુ પૈસા ન લગાવો.

પ્રોપર્ટીનું લોકેશન અને ભવિષ્યમાં ત્યાં થનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની તપાસ કરો.

જૂના માલિકનો કોઈ કાનૂની વિવાદ તો નથી ચાલી રહ્યો, તેની જાણકારી મેળવો.

આ કાયદો બેંકોને એ અધિકાર આપે છે કે જો કોઈ લોન ન ચૂકવે, તો બેંક કોર્ટમાં ગયા વિના તેની ગીરવે રાખેલી પ્રોપર્ટીને જપ્ત કરીને તેને વેચી શકે છે. ખરીદનાર માટે આ સુરક્ષિત હોય છે કારણ કે બેંક પોતે ટાઈટલની જવાબદારી લે છે.

# દુનિયામાં અનેક પ્રકારની ધાતુઓ છતાં લોકોને સોના-ચાંદી જ કેમ પસંદ....?

**મુંબઈ, તા.27**

દુનિયામાં લોખંડ, તાંબુ અને એલ્યુમિનિયમ જેવી અંદાજે 95 ધાતુઓ હોવા છતાં, હજારો વર્ષોથી માનવ સભ્યતામાં સોના અને ચાંદીનું સ્થાન અતુલ્ય રહ્યું છે. ઈજિપ્ત, રોમ, ભારત અને ચીન જેવી પ્રાચીન સંસ્કૃતિઓથી લઈને આજના આધુનિક યુગ સુધી, આ બે ધાતુઓ માત્ર સુંદરતા જ નહીં પણ સંપત્તિનું પણ પ્રતીક ગણાય છે. આજે પણ લગ્નપ્રસંગો હોય કે રોકાણ, સોના-ચાંદીની માંગ સૌથી વધુ રહે છે. તેની લોકપ્રિયતા પાછળનું સૌથી મોટું કારણ તેની 'રાસાયણિક સ્થિરતા' છે. સોનું અને ચાંદી 'નોબલ મેટલ્સ' ગણાય છે, જેનો અર્થ છે કે તે હવા, પાણી કે ભેજ સાથે પ્રતિક્રિયા કરીને ખરાબ થતા નથી. જ્યાં લોખંડને કાટ લાગે છે અને તાંબુ લીલું પડી જાય છે, ત્યાં સોનું હજારો વર્ષો પછી પણ તેટલું જ ચમકદાર રહે છે.

પ્રાચીન સમયમાં જ્યારે ધાતુ ઓગાળવાની આધુનિક ટેકનોલોજી નહોતી, ત્યારે સોનું અને ચાંદી ઘણીવાર નદીઓ કે ખડકોમાં શુદ્ધ સ્વરૂપે મળી આવતા હતા. તેને માત્ર હથોડાથી ટીપીને ઈચ્છિત આકાર આપી શકાતો હતો. ઈતિહાસ મુજબ, ઈ.સ. પૂર્વે 5000-6000ના સમયથી સોનાનો ઉપયોગ શરૂ થયો હોવાના પુરાવા મળે છે. સોનાની નરમાશ(Malleability) એટલી અદભૂત છે કે માત્ર 1 ગ્રામ સોનાને ટીપીને 1 ચોરસ મીટર જેટલી પાતળી શીટ બનાવી શકાય છે. આ જ કારણ છે કે પ્રાચીન કાળમાં જ્યારે રાજા-મહારાજાઓના મૃતદેહો સાથે દાગીના દફનાવવામાં આવતા, ત્યારે સદીઓ પછી પણ તે દાગીના તેટલી જ ચમક સાથે મળી આવતા હતા.

સોનું અને ચાંદી દુર્લભ છે, પણ એટલા પણ નથી કે તે મળી જ ના શકે. આ સંતુલનને કારણે તે મજબૂત કરન્સી તરીકે ઉભરી આવ્યા. ઈ.સ. પૂર્વે 600માં આધુનિક તૂર્કીયેમાં સોના-ચાંદીના પ્રથમ સિક્કા બન્યા હતા. ભારતમાં પણ પ્રાચીન સમયથી 'રૂપ્ય'(ચાંદી) અને 'હિરણ્ય'(સોનું)નો ઉપયોગ થતો રહ્યો છે.

આ ધાતુઓ ટકાઉ છે, નાના ટુકડાઓમાં વહેંચી શકાય છે અને તેને ઓળખવી સરળ હોવાથી તે નકલી બનાવવી મુશ્કેલ છે. આજે પણ ભારત જેવા દેશમાં વાર્ષિક 600-800 ટન સોનું માત્ર દાગીનામાં વપરાય છે, કારણ કે તે મુશ્કેલીના સમયમાં સૌથી સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે.

માત્ર દાગીના જ નહીં, પરંતુ વિજ્ઞાન અને ઉદ્યોગોમાં પણ આ બંને ધાતુઓ અનિવાર્ય છે. ચાંદી એ વીજળી અને ગરમીની શ્રેષ્ઠ વાહક હોવાથી ઈલેક્ટ્રોનિક્સ, સોલર પેનલ અને બેટરીમાં વપરાય છે. જ્યારે સોનું કાટ ન લાગવાના ગુણને કારણે અવકાશયાન(Spacecraft), ટેલિફોન કનેક્ટર્સ અને ડેન્ટિસ્ટ્રીમાં વપરાય છે. આમ, સોનું અને ચાંદી એ માત્ર ધાતુના ટુકડા નથી, પરંતુ વિજ્ઞાન, કુદરત અને માનવ ઈતિહાસનું એક અદભૂત મિશ્રણ છે, જેની ચમક હજારો વર્ષો પછી પણ ક્યારેય ઓછી થવાની નથી.

# સુપ્રીમ કોર્ટ - ઓનલાઈન ગેમિંગ કંપનીઓ પર 28% GST યોગ્ય છે

**નવી દિલ્હી, તા.27**

સુપ્રીમ કોર્ટે ઓનલાઈન ગેમિંગ કંપનીઓને જાહેર કરાયેલા ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (GST) ની કારણ બતાવો (શો-કોઝ) નોટિસોને સંપૂર્ણપણે માન્ય ઠેરવી છે. કોર્ટે કહ્યું કે ગેમિંગ પ્લેટફોર્મ પર જમા કરવામાં આવતી કુલ રકમ (ફુલ વેલ્યુ ઓફ ડિપોઝિટ) પર 28% ટેક્સ વસૂલવો બંધારણીય રીતે યોગ્ય છે.

દેશની સૌથી મોટી અદાલતે ડેલ્ટા કોર્પ અને અન્ય ગેમિંગ કંપનીઓની તે અરજીઓને ફગાવી દીધી, જેમાં પાછલી તારીખથી (રિટ્રોસ્પેક્ટિવ) 28% GST લગાવવાના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ઓનલાઈન ગેમિંગ સંબંધિત પ્રવૃત્તિઓ GST એક્ટ હેઠળ એક્શન એબલ ક્લેમ્સના દાયરામાં આવે છે, તેથી તેના પર ટેક્સ વસૂલવો બિલકુલ યોગ્ય છે.

**રાજ્યોને મની ગેમ્સ પર પ્રતિબંધ લગાવવાનો હક મળ્યો**

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં એ પણ સ્પષ્ટ કર્યું કે રાજ્ય સરકારોને ઓનલાઈન મની ગેમ્સ પર પ્રતિબંધ લગાવવાનો પૂરો અધિકાર છે. ભલે તે રમતોમાં કૌશલ્યની જરૂર કેમ ન હોય, રાજ્ય સરકારો તેમને સંપૂર્ણપણે પ્રતિબંધિત અથવા નિયંત્રિત કરી શકે છે. આ સાથે જ કોર્ટે તમિલનાડુ અને કર્ણાટક સરકારની અપીલોને સ્વીકારી લીધી છે.

સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટ અને કર્ણાટક હાઈકોર્ટના તે જૂના નિર્ણયોને રદ કરી દીધા છે, જેમણે ઓનલાઈન ગેમિંગ પર દાવ લગાવવા (સ્ટેક્સ) ને પ્રતિબંધિત અથવા નિયંત્રિત કરનારા રાજ્યના કાયદાઓને ગેરબંધારણીય ગણાવીને ફગાવી દીધા હતા. કોર્ટે કર્ણાટક હાઈકોર્ટ દ્વારા ગેમિંગ કંપનીઓને આપવામાં આવેલી વચગાળાની રાહતને પણ સંપૂર્ણપણે હટાવી દીધી છે.

**કંપનીઓ ટેક્સ નોટિસ પર આપી શકે છે જવાબ**

સુપ્રીમ કોર્ટે હવે GST ઓથોરિટીઝને નિર્દેશ આપ્યો છે કે તેઓ કાયદા મુજબ આ કારણ બતાવો નોટિસો પર આગળની પ્રક્રિયા શરૂ કરે. જોકે, આ સાથે કોર્ટે એમ પણ કહ્યું છે કે પ્રભાવિત ઓનલાઈન ગેમિંગ કંપનીઓ GST ઓથોરિટીઝ દ્વારા જાહેર કરાયેલી આ શો-કોઝ નોટિસો પર પોતાનો જવાબ દાખલ કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે.

**2.5 લાખ કરોડના ટેક્સ નોટિસ પર હતો વિવાદ**

સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ઓગસ્ટ 2025માં રિયલ-મની ગેમિંગ (RMG) પ્લેટફોર્મ્સ વિરુદ્ધ જાહેર કરાયેલા લગભગ 2.5 લાખ કરોડ રૂપિયાના રિટ્રોસ્પેક્ટિવ ટેક્સ નોટિસ મામલે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. આ સમગ્ર વિવાદનું મુખ્ય કારણ ટેક્સ ગણતરીની રીતને લઈને અલગ-અલગ વ્યાખ્યા હોવાનું હતું.

**ફુલ ડિપોઝિટ વિરુદ્ધ ગ્રોસ ગેમિંગ રેવન્યુનું ગણિત**

ટેક્સ વિભાગની માગ હતી કે કંપનીઓએ યુઝર્સ દ્વારા પ્લેટફોર્મ પર જમા કરવામાં આવતી પૂરી રકમ (ફુલ ફેસ વેલ્યુ ઓફ ડિપોઝિટ) પર 28%ના દરે ટેક્સ ચૂકવવો પડશે.

બીજી તરફ, ગેમિંગ કંપનીઓનો તર્ક હતો કે તેમને ફક્ત ટુર્નામેન્ટ હોસ્ટ કરવાના બદલામાં લેવામાં આવતી કમિશન રકમ પર જ ટેક્સ આપવો જોઈએ, જેને ગ્રોસ ગેમિંગ રેવન્યુ (GGR) કહેવાય છે. કંપનીઓ અનુસાર, આ કમિશન કુલ જમા રકમનો ફક્ત 5% થી 15% જ હોય છે.

**કંપનીઓના બંધ થવા અને નોકરીઓ પર સંકટ**

ગેમિંગ કંપનીઓએ કોર્ટ સમક્ષ આ દલીલ પણ કરી હતી કે ટેક્સ વિભાગ દ્વારા માંગવામાં આવેલી GSTની કુલ રકમ આ કંપનીઓની કુલ કમાણી કરતાં પણ અનેક ગણી વધારે છે. જો આ ટેક્સ વસૂલવામાં આવશે, તો કંપનીઓને આખરે પોતાનું સંપૂર્ણ કામકાજ બંધ કરવું પડશે.

**નવો ઓનલાઈન ગેમિંગ કાયદો અને સંકટ**

ઓગસ્ટ 2025માં જ્યારે સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો, તેના લગભગ બે અઠવાડિયા પછી જ ભારત સરકારે એક નવો ઓનલાઈન ગેમિંગ કાયદો બનાવ્યો હતો, જેને 'પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ એક્ટ' (PROGA) નામ આપવામાં આવ્યું.

આ કાયદો તે તમામ ઓનલાઈન મની ગેમ્સ પર પ્રતિબંધ મૂકે છે જ્યાં કોઈ યુઝર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ આશા સાથે પૈસા જમા કરાવે છે કે તેને તે ડિપોઝિટ પર જીતની રકમ (વિનિંગ્સ) મળશે.

**3.5 બિલિયન ડોલરના ઉદ્યોગને નુકસાન**

આ નવા કાયદાના અમલથી દેશની લગભગ 3.5 બિલિયન ડોલરની રિયલ-મની ગેમિંગ ઈન્ડસ્ટ્રી અચાનક સંકટમાં આવી ગઈ. કમાણી સંપૂર્ણપણે બંધ થઈ જવાને કારણે કંપનીઓને ભારે આર્થિક નુકસાન થયું અને તેમણે મોટા પાયે ખર્ચમાં કાપ મૂકવાનું શરૂ કર્યું.

આ કારણે ગેમિંગ કંપનીઓને 3,000 થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી કાઢવા પડ્યા. ગેમિંગ ઈન્ડસ્ટ્રી સાથે સંબંધિત આ નવા નિયમો સત્તાવાર રીતે 1 મે 2026 થી અમલમાં આવી ચૂક્યા છે.

# કચ્છના દરિયામાંથી 1180 કરોડનું કોકેઈન ઝડપાયું : 'યુરોપ' નામના કાર્ગો શીપમાં બ્રાઝીલથી લાવી દિલ્હીમાં ડિલિવરી થવાની હતી

## ATSએ ત્રણને દબોચ્યા, એક દરિયામાં કૂદી જતા શોધખોળ, બ્રાઝીલથી લોડ કરાયેલું ડ્રગ્સ ચાર દેશ થઈને મુંદ્રા પહોંચ્યું

**અમદાવાદ, તા.27**

ગુજરાતના દરિયાઈ જળમાર્ગનો વધુ એકવાર ડ્રગ્સ ઘુસાડવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. જો કે, ડ્રગ્સની ડિલિવરી થાય તે પહેલા જ કોસ્ટગાર્ડ અને ગુજરાત ATSએ ડ્રગ્સ માફિયાઓનો પ્લાન ઉંધો વાળી દીધો છે. મુંદ્રા તરફ આવી રહેલા 'યુરોપ'નામના કાર્ગોશીપમાં કોકેઈનનો જથ્થો હોવાની બાતમીના આધારે ATS અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરતા શીપ પરથી 118 કિલો કોકેઈન મળી આવ્યું છે. ATSએ કોકેઈન લાવી રહેલા એક અને દિલ્હીમાં જે ડિલિવરી લેવાના હતા તે બે શખસો



મળીને કૂલ 3ને ઝડપી પાડ્યા છે. જ્યારે એક શખસ દરિયામાં કૂદી જતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. મુંદ્રા સુધી પહોંચી ગયેલા કરોડોની કિંમતના ડ્રગ્સનો જથ્થો બ્રાઝીલથી લોડ કરાયો હોવાનું જાણવા મળ્યું છે. બ્રાઝીલથી નીકળેલું આ શીપ ચાર દેશ ફરીને મુંદ્રા પોર્ટ પહોંચ્યું હતું. શીપમાંથી નાની બોટ મારફત આ જથ્થો બહાર કાઢી દિલ્હી ડિલિવરી થવાની હતી. ગુજરાત ATS અને કોસ્ટગાર્ડે કચ્છના દરિયામાં સંયુક્ત ઓપરેશન હાથ ધરી મુંદ્રા તરફ આવી રહેલી 'યુરોપ'નામના કાર્ગોશીપમાંથી 118 કિલો કોકેઈનનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જેની બજાર કિંમત અંદાજિત 1180 કરોડ રૂપિયા થવા જાય છે. ATSએ જ્યારે શીપ પર તપાસ કરી ત્યારે કોકેઈનના જથ્થા સાથે બે લોકો હતા. જેમાંથી જુમ્મા નાસીર ઓમાર નામનો એક આરોપી ઝડપાઈ ચૂક્યો છે. જ્યારે એક વ્યક્તિ દરિયામાં કૂદી જતા તેની શોધખોળ કરવામાં આવી રહી છે. કોકેઈનનો આ જથ્થો દિલ્હીના દ્વારકામાં રહેતા વિદેશી નાગરિકોને આપવાનો હોવાની વિગત સામે આવતા ATSએ દિલ્હીમાં રહેતા ક્લેવિન ચુકવામા અને બ્યારુહંગા જેમ્સને પણ ઝડપી પાડ્યા છે.આરોપીઓ પાસે ડ્રગ્સના કૂલ 6 પેક હતા જેમાંથી 5 મળી આવ્યા છે. જેથી એક પેક દરિયામાં ફેંકી દીધું હોવાની આશંકા હોય તેની પણ શોધખોળ કરવામાં આવી રહી છે. આરોપીઓ પાસેથી એક સેટેલાઈટ ફોન અને એક એપલનું ટેબ પણ કબજે કરવામાં આવ્યું છે. આ ત્રણેય આરોપીના ટ્રાન્ઝિસ્ટ રિમાન્ડ મેળવી ભુજની કોર્ટમાં રજૂ કરાશે. તપાસમાં જાણવા મળ્યું છે કે, મુંદ્રામાં 'યુરોપ'નામના કાર્ગોશીપ પર બ્રાઝીલમાં કોકેઈનનો જથ્થો લોડ કરાયો હતો. ત્યારબાદ આ શીપ લેટિન અમેરિકા, મેક્સિકો, USA અને કરાંચી થઈને મુંદ્રા આવી રહ્યું હતું.

# અસહ્ય ગરમી અને ઇંધણ બચાવવા વેકેશન લંબાવવાની માંગ

## રાજ્ય શાળા સંચાલક મંડળે 10 દિવસ વેકેશન લંબાવવા CMને પત્ર લખ્યો

**ગાંધીનગર, તા.27**

રાજ્યમાં મે મહિનામાં પણ નાગરિકોને કાળઝાળ ગરમી સહન કરવી પડી રહી છે. તેમજ હજુ પણ કેટલાક દિવસ સુધી અસહ્ય ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. જેથી રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા વેકેશન 10 દિવસ સુધી લંબાવવા માટે મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેટ્રોલ અને ડીઝલનો ઓછો ઉપયોગ કરવા માટે અપીલ કરી છે તેને ધ્યાને લઈને ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવવાની છૂટ આપવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. શાળાઓમાં વેકેશન પડતાની સાથે જ રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. જો કે વખતે ગરમીનો પારો અનેક શહેરમાં 44 ડિગ્રીને પાર પહોંચી ગયો છે. જેના કારણે અમદાવાદ જેવા મોટા શહેરોમાં યલો એલર્ટ, ઓરેન્જ એલર્ટની આગાહી કરવામાં આવી છે. જ્યારે હજુ



પણ આકરો તાપ સહન કરવો પડશે એવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જેથી, રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખવામાં આવ્યો છે. આગામી 8 જૂનથી નવું સત્ર શરૂ થાય છે, તેના બદલે 10 દિવસ વેકેશન લંબાવી 18 જૂનથી શાળાઓ શરૂ કરવા માંગ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ થોડા સમય પહેલા પેટ્રોલ અને ડીઝલનો ઓછો ઉપયોગ કરવા માટે દેશવાસીઓને અપીલ કરી હતી. જેથી, નવું સત્ર શરૂ થયા બાદ કે.જી.થી ધોરણ 5 સુધીના વિદ્યાર્થીઓને અઠવાડિયાના 5 દિવસ, ધોરણ 6થી 8 માટે અઠવાડિયામાં 3 દિવસ અને ધોરણ 9થી 12 ના વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવવાની છૂટ આપવામાં આવે તેવી પણ મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરવામાં આવી છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા 10 દિવસથી ગરમીનો પારો 40થી 44 ડિગ્રી સુધી પહોંચી ગયો છે ત્યારે બપોરે 12 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી કર્ફ્યુ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. જ્યારે બીજી તરફ રાજ્યની શાળાઓમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થઈ ગયું છે. 8 જૂનના તમામ શાળાઓ શરૂ થઈ રહી છે એવા સંજોગોમાં રાજ્ય સરકારને વિનંતી કરતો પત્ર લખવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં ઈન્ફોસિટી બાદ હવે SOG કચેરી બનશે સ્માર્ટ

## સોલાર સિસ્ટમ, કમ્પ્યુટર-ઈન્વેસ્ટિગેશન રૂમ અને ડાઇનિંગ એરિયાથી સજ્જ થશે નવી કચેરી, 50 લાખના ખર્ચે અપાશે કોર્પોરેટ લૂક

**ગાંધીનગર, તા.27**

ગુજરાતના પાટનગર ગાંધીનગરની પોલીસના ચહેરા અને મોહરા હવે ઝડપથી બદલાઈ રહ્યા છે. દાયકાઓ જૂની સરકારી ઈમારતોમાં ધૂળ ખાતી ફાઈલો અને અવ્યવસ્થિત બેઠક વ્યવસ્થા વચ્ચે કામ કરતા પોલીસ તંત્રને હવે આધુનિકતાનો સ્પર્શ મળી રહ્યો છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના નેતૃત્વમાં પોલીસની કાર્યશૈલીમાં એક મોટો પોઝિટિવ બદલાવ આવ્યો છે. માત્ર ખાખીનો દબદબો જ નહીં પણ પોલીસ મથકોને સ્માર્ટ અને હાઈટેક બનાવવાની દિશામાં શરૂ થયેલા આ મિશનમાં હવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની કચેરીનો પણ વનવાસ પૂર્ણ થવા જઈ રહ્યો છે. SOG માટે આશરે 50 લાખ રૂપિયાના ખર્ચે કોર્પોરેટ લુક ધરાવતા હાઈટેક પોલીસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર પોલીસમાં હાલ એક નવી અને સકારાત્મક લહેર જોવા મળી રહી છે. જિલ્લા પોલીસ વડાએ પદભાર સંભાળ્યા બાદ જે રીતે પોલીસ મથકોના આધુનિકીકરણ પર ભાર મૂક્યો છે તે જોતા સ્પષ્ટ થાય છે કે ગાંધીનગર પોલીસ હવે પરંપરાગત પદ્ધતિઓ છોડીને કોર્પોરેટ કલ્ચર તરફ ગતિ કરી રહી છે. રાજ્યના પ્રથમ 12 માળના હાઈરાઈઝ સ્માર્ટ મોડલ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન કમ રેસિડેન્સીના ભૂમિ પૂજન બાદ હવે ગાંધીનગરનું પોલીસ તંત્ર વધુ એક આધુનિક સિદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. સેક્ટર-30 ખાતે આશરે બે દાયકાથી જૂની કોર્ટ પાસેના જર્જરિત સરકારી આવાસમાં કાર્યરત SOGની કચેરી હવે ટૂંક સમયમાં અદ્યતન કોર્પોરેટ શૈલીની ઓફિસમાં ફેરવાઈ જશે.

# LRD ઉમેદવારો માટે લાંબા સમયની પ્રતીક્ષાનો અંત : લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા 14 જૂને યોજાશે, 6 જૂનથી કોલલેટર ડાઉનલોડ શરૂ

**ગાંધીનગર, તા.27**

ગુજરાત પોલીસમાં જોડાવા ઈચ્છતા અને લાંબા સમયથી તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે એક સૌથી મહત્વના અને મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા અંતર્ગત લેખિત પરીક્ષાની સત્તાવાર તારીખ જાહેર કરી દેવામાં આવી છે. શારીરિક કસોટી (ગ્રાઉન્ડ) માં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી 14 જૂન, 2026ના રોજ આયોજિત કરવામાં આવશે. ભરતી બોર્ડના જાહેરનામા ક્રમાંક GPRB/202526/1 અંતર્ગત બહાર પાડવામાં આવેલી વિગતો મુજબ, ઉમેદવારો પરીક્ષા માટેના પોતાના હોલ ટિકિટ એટલે કે કોલલેટર આગામી 6 જૂન, 2026થી



ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારોએ આ માટે રાજ્ય સરકારના સત્તાવાર ઓનલાઈન પોર્ટલ ઓજસ (https://ojas.gujarat.gov.in) પર જઈને વિગતો સબમિટ કરવાની રહેશે. ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા અને તેમાં આપેલી પરીક્ષા અંગેની તમામ જરૂરી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી લેવા તાકીદ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, લોકરક્ષક દળ (LRD) ની આ ભરતી માટે રાજ્યભરમાંથી લાખોની સંખ્યામાં યુવાનોએ ઉત્સાહભેર અરજીઓ કરી હતી. પ્રથમ તબક્કાની શારીરિક યોગ્યતા કસોટી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, હવે બીજા અને નિર્ણાયક તબક્કા સમાન લેખિત પરીક્ષા યોજાવા જઈ રહી છે. પરીક્ષાની તારીખ જાહેર થતાં જ ઉમેદવારોમાં ઉત્સુકતા અને આખરી ઓપ આપવા માટેની તૈયારીઓનો વેગ વધી ગયો છે. પોલીસ ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને સોશિયલ મીડિયા પર વહેતી થતી પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારની ખોટી અફવાઓ કે ગેરમાર્ગે દોરતા તત્વોથી સાવધ રહેવા ખાસ સૂચના આપવામાં આવી છે. પરીક્ષા સંબંધિત તમામ સત્તાવાર અને અધિકૃત માહિતી માટે ઉમેદવારોને માત્ર અને માત્ર ઓજસ (OJAS) ની ઓફિશિયલ વેબસાઈટ પર જ સતત નજર રાખવા માટે અપીલ કરવામાં આવી છે.

# IITE ગાંધીનગરનો ઐતિહાસિક નિર્ણય : હવે વિદ્યાર્થીઓ વિજ્ઞાનની સાથે AI અને ફિલોસોફી પણ ભણી શકશે

## નવી 7 યુનિવર્સિટી સ્કૂલ્સની સ્થાપના કરી



**ગાંધીનગર, તા.27**

ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (IITE) દ્વારા શિક્ષણ જગતમાં એક મોટું અને ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સફળ અમલીકરણના ભાગરૂપે સંસ્થાએ પોતાના શૈક્ષણિક માળખાનો વ્યાપ વધારીને નવી 7 યુનિવર્સિટી સ્કૂલ્સની સ્થાપના કરી છે. આ ફેરફાર સાથે જ IITE હવે મલ્ટિડિસિપ્લિનરી મોડલ અપનાવી યુનિવર્સિટી ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ તરીકે પોતાની ઓળખ વધુ મજબૂત બનાવી રહી છે. આ વિસ્તરણ અંગે માહિતી આપતા IITEના ડિરેક્ટર ડૉ. મેહુલ દવેએ જણાવ્યું હતું કે, અમારી સંસ્થા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના એજ્યુકેટર્સ તૈયાર કરનારી ભારતની પ્રથમ યુનિવર્સિટી બનવા જઈ રહી છે. સંસ્થાના આ ધ્યેયને સાકાર કરવા માટે રાજ્ય સરકારે નવા બિલ્ડિંગ અને હોસ્ટેલ માટે રૂ. 127 કરોડની ગ્રાન્ટ પણ ફાળવી છે. હવે ટીચર એજ્યુકેશનમાં માત્ર પરંપરાગત શિક્ષકો જ નહીં પરંતુ કમ્પ્યુટર, થિયેટર, પ્રોફેસર, કોચ અને સાયન્સ-સોશિયલ સાયન્સના નિષ્ણાતોનો પણ સમાવેશ કરવામાં આવશે. નવી શિક્ષણ નીતિ અનુસાર હવે વિદ્યાર્થીઓ તેમના રસના વિષયો પસંદ કરી શકશે. દાખલા તરીકે વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી હવે પોતાની રુચિ મુજબ AI અથવા ફિલોસોફી જેવા વિષયો વૈકલ્પિક તરીકે ભણી શકશે. આંતરવિષયક સંશોધનને વેગ આપવા માટે નીચે મુજબની 7 નવી સ્કૂલ્સ કાર્યરત કરવામાં આવી છે.

# અમદાવાદને મળ્યા માલદાર મેયર, 88 જગ્યાએ જમીન, 110 કરોડની સંપત્તિ

## 57 તોલા સોનુ, રિવોલ્વર અને થારના માલિક; AMCના પદાધિકારીઓની પસંદગી પાછળની ઈન્સાઈડ સ્ટોરી

**અમદાવાદ, તા.27**

જેની કાગડોળે રાહ જોવાતી હતી તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડકની નિમણૂક ચૂંટણી પરિણામના એક મહિના પછી(26 મે) કરી દેવાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જે લોકો પદાધિકારી બન્યા છે, તેમને ભાજપે બનાવેલા નિયમોના કારણે એક સમયે ટિકિટ મળશે કે નહીં તે એક સવાલ હતો. પણ પાર્ટીએ તેમની પર વિશ્વાસ કર્યો અને તેમની ગુજરાતની સૌથી અમીર કોર્પોરશનમાં સૌથી મહત્વના પદ પર વરણી પણ કરી. તો આવો જાણીએ AMCના પદાધિકારીઓને ટિકિટ મળી તેની ઈન્સાઈડ સ્ટોરી સાથે જ અમદાવાદના મેયર હિતેશ બારોટે ચૂંટણી સમયે જમા કરાવેલા એફિડેવિટનું દિવ્ય ભાસ્કરે એનાલિસિસ કર્યું હતું. જેનો અભ્યાસ કરતા જાણવા મળ્યું કે આ વખતે અમદાવાદને માલદાર મેયર મળ્યા છે. અમદાવાદ અને આસપાસની 88 જગ્યાએ 228 વિઘા જમીન, 57 તોલા સોનું, થાર ગાડી, રિવોલ્વર સહિત પતિ-પત્નીની મળીને કુલ 110 કરોડની સંપત્તિ છે. અમદાવાદના પ્રથમ નાગરિક એવા મેયર હિતેશ બારોટે પદગ્રહણ કરતા જ મેયર બંગલાનો ઉપયોગ નહીં કરવાનો અને ભેટ નહીં સ્વીકારવાનો મહત્વનો નિર્ણય



લીધો હતો. હિતેશ બારોટે જણાવ્યું હતું કે મેયર તરીકે હું કોઈ સુવિધાઓ લઈશ નહી. આજ દિન સુધી બધા પદ પર રહ્યો છું, ક્યાય પણ મેં કોઈ સુવિધા લીધી નથી. આજે મેયર તરીકે પદગ્રહણ કર્યું છે ત્યારે જૂના મેયર કિરીટ પરમાર અગાઉ એક જ રૂમમાં રહેતા હતા અને તેમણે પણ બંગલાનો ઉપયોગ નહોતો કર્યો. ત્યારે હું પણ મારા નિવાસ્થાન પર જ રહીશ અને મેયર બંગલાનો ઉપયોગ કરીશ નહીં. હિતેશ બારોટ અને તેમની પત્નીની સંયુક્ત સંપત્તિની વાત કરીએ તો રોકડ, થાપડ, શેર-બોન્ડ, LIC પોલિસી, વાહન, ઘરેણા, હથિયાર, ખેતી-બિનખેતીની જમીન, કોમર્શિયલ પ્રોપર્ટી અને મકાન સહિત કુલ 109.40 કરોડની સંપત્તિ દંપતી પાસે છે. મેયર હિતેશ બારોટ પાસે 88 જગ્યાએ 228 વિઘા જમીન છે. જેમાં પોતાના નામે ખેતી-બિનખેતીની 2,11,228 ચો. મીટર જમીન છે, જ્યારે પત્નીના નામે ખેતી-બિનખેતીની 1,57,839 ચો. મીટર જમીન છે. આમ દંપતીના નામે 95.60 કરોડની જમીન છે. અમદાવાદ મનપામાં ડેપ્યુટી મેયર અંજુ શાહની સંપત્તિની વાત કરીએ તો રોકડ, થાપણ, શેર-બોન્ડ, પીપીએફ, વાહન, ઘરેણા, બિન ખેતીની જમીન સહિત કુલ 2.39 કરોડની સંપત્તિ દંપતી પાસે છે. અમદાવાદ મનપામાં સ્ટેન્ડિંગ ચેરમેન કમલેશ પટેલની સંપત્તિની વાત કરીએ તો રોકડ, થાપણ, શેર-બોન્ડ, પીપીએફ/વીમો, વાહન, ઘરેણા, મકાન સહિત કુલ 1.71 કરોડની સંપત્તિ દંપતી પાસે છે. મેયર હિતેશ બારોટની સંપત્તિમાં છેલ્લાં પાંચ વર્ષમાં પોણા ત્રણ ગણાનો વધારો થયો છે. વર્ષ 2021માં તેમની સંપત્તિ 38.66 કરોડ હતી, જે 2026માં વધીને 109 કરોડ એટલે કે 282%નો વધારો નોંધાયો હતો. જ્યારે સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન કમલેશ પટેલની સંપત્તિ 2021માં 46.80 લાખ હતી, જે વર્ષ 2026માં વધીને 1.70 કરોડ થઈ હતી. એટલે કે તેમની સંપત્તિમાં સાડા ત્રણ ગણો (363%) વધારો થયો છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599



